અલ્લાહ ફરમાવે છે.

ખચીત અલ્લાહ તમને આજ્ઞા આપે છે કે ગાય જુબહ :

સુરા બકર ૨; ૬૮

ગઊરક્ષકને ચેતવણી

પ્રસિદ્ધ કર્તા.

અબદુલ્લાહ બીં મૌલવી ગુલામ મોહમ્મદ

સાદિક. મુ૦ રાંદેર જી૦ સૂરત.

૧ રબીઅ ૧૩૨૯ હિજરી.

તૃતીયાવૃત્તિ.

પ્રત ૧૦૦૦

ઈસ્લામના ખેરખાહો તરફથી ભેટ.

સુરત "દેશી મિત્ર" પ્રેસમાં મગનલાલ કીકાભાઈએ છાપી.

દયાળુ મેહેરબાન રહમ કર્તા અલ્લાહના નામથી.

અલ્લાહ હું કયા મોંથી તારી તારીફ કરૂં કયી જીભથી તારી સ્તુતી કરૂં તેં મારી ચોપડી ગઉરક્ષાની ચેતવણીને એવી મકબુલીયત આપી કે ગુજરાતના મુસલમાનોએ આર્યાઓના મુકાબલામાં હથિયાર સમાન વાપરી અને આર્યાઓ અઉત્તર થયા. એ માટે જેટલો કંઇ શુકર કરૂં તે લાખમાંનો એક નથી. સર્વ તારીફ અને વખાણ તારેજ માટે છે. અને દોરૂદ તથા સલામ હજરત મોહમ્મદ તથા તેમના સઘળા સહાબા તથા તમામ મુમિનો માટે છે.

એ પછી ગુલામ મોહમ્મદ બી૦ હાજી હાફેજ સાદેક અરજ કરે છે ખોદા તેના હાલને સુધારે તેને પોતાના કામમાં રાખે અને પોતાની મોહબ્બત આપે, કે મારી **ગઉરક્ષાની ચેતવણી** ૧૯૦૯ ની જુલાઇમાં બહાર પડી તે વાંચી ઈસ્લામી ભાઇઓમાં બેહદ ખુશી ઉત્પન્ન થઈ પણ હિન્દુઓમાં અને ખાસ કરી આર્યાઓમાં એ બાબતના સત્યશોધનો જોશ ફેલાયો. કેટલાક આર્યાઓ દૂર દૂરથી રાંદેરમાં આવી દયાનંદજીના સને ૧૮૭૫ માં છપાએલા સત્યાર્થ પ્રકાશના દાખલા જોઈ ખાતરી કરી ગયા. પણ કેટલાક આર્યા પોતાની મોટાઇમાં રહ્યા કે અમારા પંડિતો એનો ઉત્તરોત્તર આપશે. એવા વિચારથી રાંદેર, સુરત, તરકેશ્વર અને વલસાડના હિન્દુઓએ મારી ચોપડી વડોદરાની આર્ય સમાજ ઉપર તથા મુંબઇની સમાજ ઉપર મોકલી. તેમાં મુંબઇની આર્ય સમાજ મંડલીના એક છાપામાં તા૦ ૧૦–૧૦–૯ માં છપાયું કે એ ચોપડીનો જવાબ ફલાણા પંડિત સાહેબ લખે છે અને એક મહિનામાં બહાર પડશે. આથી તે સત્યશોધકોની ખુશીનો પાર રહ્યો નહીં અને વાટ જોતા થયા. પણ આજે સોળ માસ પૂરા થયા હજુ તે જવાબ પ્રકાશાયો નથી. અને કયારે છપાશે તે પણ જણાતું નથી. પણ હું તે છાપાની પ્રશંસા કરૂં છું તથા ઉપકાર માનું છું. પ્રશંસા તો એટલાં માટે કે તે વખતનો આર્યાઓનો ગભરાટ જોઈ આ છાપાએ તેઓને શાંત પાડવામાં ડહાપણ વાપર્યું છે. અને ઉપકાર એટલાં માટે કે તેના આ છાપવાથી મારી વધુ પૂરી થઈ અને થશે. કારણ કે એક મહિનામાં જવાબ બહાર પાડવાનો વ કર્યો અને આજ સુધી છાપી નહીં શકયા સમજુ લોકો જાણી ગયા કે આ ચોપડી ઉત્તર છે.

ભાજીપાલો ખાનારી મંડલીઓના આ પરાયની એક ચોપડી ઉર્દુ તથા અંગ્રેજી મ ઉપર જોહરી બજાર મુંબઇના રહીસ શેઠ મો નલાલ મગનભાઈ જોહરીએ મોકલી અને બી ચોપડી પ્રાણી પુકાર રાંદેરના એક શ્રાવકે આ તથા પોસ્ટમાં પણ એ કોપી કોઇએ મોકલ તેઓનો ઉપકાર માનું છું. આ બંને ચોપડીઓ મારી લખેલી દલીલોમાંથી એકને પણ ર કરી નથી. અલ હમ્દો લિલ્લાહ.

પેહેલી ચોપડીમાં કેટલાકનો અભિપ્રાય માંસ તજવાથી પોતાની બીમારી મટવાનો છે તથા આગગાડીમાં લાવવામાં આવતાં જનાવરો ઉપર ઘણો જુલમ થાય છે તે ભૂખ્યાં તરસ રહે છે. તથા બીજુ પણ કેટલીક રીતનું તેઓપર દુઃખ પડે છે. તે સઘળાનો જવાબ આ છે કે માંસ કેટલીક બીમારીઓને નુકસાનકારક છે એમાં કશો વાંધો નથી. તેવી બીમારીવાળાઓને જોઇએ

કે નહીં ખાએ. જેવી રીતે દૂધ કેટલીક બીમારીવાળાઓને નુકસાન કરે છે અને તે બીમારીવાળા તેને છોડે છે. પણ એથી એમ સમજવું કે દરેકને નુકસાનકારક છે એ ભુલભરેલું છે. અને આગગાડીમાં લાવવામાં આવતાં જનાવરોપર ભૂખ તરસ વગેરેનું જે દુઃખ પાડવામાં આવે છે તેને ઇસ્લામ મનાઈ કરે છે. ઇસ્લામ તો કતલ કરવામાં પણ એહસાન કરવું શીખવે છે. મીશકાત શરીફમાં શદ્દાદબીન ઓસ (રદી) થી રિવાયત છે કે રસુલુલ્લાહે (સલ) ફરમાવ્યું કે અલ્લાહ તઆલાએ દરેક વસ્તુપર એહસાન કરવાની ફરજ પાડી છે. માટે [illegible] જે જુબહ કરો તો જુબહના જાનવર ઉપર કરો. અને તમને જોઇએ કે છરીને [illegible]રી લો. અને પોતાના જુબહના જાનવ[illegible]હત આપો." આ ઉપરથી ફેકાહાઓએ [illegible] છે કે જાનવર ઠંડું પડે તે પેહેલાં તેની [illegible] કાઢે નહીં. ગરદન તરફથી જુબહ કરે [illegible] જુબહ કરવામાં ડોકું જુદુ પાડે નહીં. હદીસમાં છે કે તીરન્દાજીમાં પ્રાણી વ[illegible] નીશાનો બનાવે નહીં. એવીજ રીતે જી[illegible] જાનવરનો લોથડો કાપી ખાવો હરામ છે. [illegible]જ રીતે બીજી પણ હદીસો છે. આથી સાફ [illegible] થાય છે કે કાયદા વિરૂદ્ધની તકલીફ આ[illegible] દુરસ્ત નથી. પણ એ તકલીફનું કારણ [illegible] ખાવું સમજી માંસને હરામ સમજવું એ [illegible]ભરેલું છે. આગળ ચાલતાં પ્રાણી વિલાપમાં બતાવીશ કે દૂધ આપતાં જાનવરો ઉપર તથા [illegible]ના બચ્ચાં ઉપર કેટલુંક દુઃખ દેવામાં આવે અને તે દૂધનેજ માટે છે. તો દયાના દા[illegible]ર તથા કૃપાના ભંડાર શ્રાવકો શા માટે [illegible] પીતા અટકતા નથી. સરકારને જોઇએ મુગા પ્રાણી ઉપર ઘાતકીપણું અટકાવનાર મંડલીને જોઇએ કે આગગાડીમાં લવાતાં જનાવરો ઉપર જે દુઃખ થાય છે તેમ કાયદા વિરૂદ્ધના જે દુઃખો છે તેની તપાસ કરવામાં આવે. અને ફરયાદ કરવામાં આવે તો દાદ મ[illegible] આશા છે.

પ્રાણી પૂકારવાળાએ ગાય કાપવા વાઢવાના ઘેટું જુબહ કરવાના પીચ્ચર[illegible] છે. તેનો જવાબ દૂધ દેતી ગાય ભેંસ તેના વાછરડાં પાડાંઓનો પીચ્ચર પ[illegible] આપતે પણ ઇસ્લામી શરીઅતે પીર[illegible]ડવા હરામ ઠેરવ્યા છે માટે હું પીચ્ચ[illegible] પાડતાં માત્ર ગાય ભેંસનો વિલાપ લખુ[illegible] આશા છે કે દયાના દાવેદાર, અહિન્સા પ્રેમી ધર્મ કહેનાર, 'દયા ધર્મકો મુલ હે' થી આધાર લેનાર જીવ દયા ફંડના અધીકાર સઘળા લોકો અને ખાસ કરીને જૈન લોકો કંઈક સમજશે એવી આશા રાખું છું. અને પ્રાણી વિલાપ એક હસી તરીકે વાંચનારને જણાશે તે પર વિચાર નહીં કરતાં શા માટે મેં લખ્યો છે તે પર વિચાર રાખશો એવી આશા છે.

ગાયનો વિલાપ.

અરે ઇશ્વર આ શું થયું. મારૂં દુઃખ કોઇ જોનાર નથી. મારા દુઃખની વાત કોઇ સાંભળનાર નથી. મારૂં દુઃખ દેખી દયા કરનાર નામના ઘણાએ છે પણ તેઓ પોતે દુઃખ આપતાં દમ મારતાં નથી. જ્યારે મને મારો ગોવાળ જંગલમાં ચરવા લઈ જાય છે ત્યારે હું મારી જાત બેહેન નીલગાય (રોજ)ને જોઊં છું, હરન સાબરને નિહાળું છું. તે જોઇ મને અતીશય દુઃખ થાય છે. મને તેવી રીતે છૂટી રહેવું ગમે છે. છૂટી ફરી મનગમે તે ખાઊં સ્વચ્છ હવામાં રહુ આરોગ્યતા સારી ભોગવું અને કોઇની ગંધકી ગભાણના કચરાથી વેગલી રહું. અને માણસોના પંજાથી છૂટું. અમને દુઃખ આપવાનો માણસો પાસે માત્ર આજ આધાર છે કે અમો ખવરાવીએ છીએ અને કામ લઇએ છીએ. પણ જો છૂટી ફરૂં તો એઓના પંજાથી છૂટું. આનંદથી ગુજારો કરૂં. અરે દયાના દાવેદારો જો તમારા

રાઓને કોઇ પકડી વેઠમાં લઇ જાય અને પેટ ભરીને ખાવાનું પણ આપે છતાં તમો કકલશો ટટલશો. અને બનશે તેટલું ટાઇલું કરશો. અમે કોને કહીએ કોની આગળ રડીએ કોઇ આંસુ લુછનાર નથી વા તને સાંભળનાર નથી.

જ્યારે હું ગર્ભતી થાઉં છું તો મારી થાન વધે છે. અને તેમાં ધીમે ધીમે દૂધ ઉત્પન્ન થાય છે. એ શું માણસ માટે ઉત્પન્ન થાય છે? નહીં એતો મારા કોમળ બાળક (વાછરડા) માટે ઉત્પન્ન થાય છે. તે બાપડું ભૂખે રહે છે અને નિર્દય શ્રાવકો ગટગટ ઉતારે છે. અને જીવદયા ફંડવાળા દ્રવ્ય મેળવે છે. અને જુઓ તો તે દૂધ મારૂં રકતજ છે અને તે માંસ હાડકામાં રહી માંસની શાહેનીકળે છે. એની તમને કેમ છીત નથી એથી તમો શા માટે સુગ કરતા નથી. માંસ તમે ખાધુ નથી તેની લેહજત ચાખી નથી તેથી તેની ગંધથી ભાગો છો પણ દૂધ તમારી દાઢે લાગ્યું છે જેથી તેને ગટગટ ઉતારો છો. અરે એ દૂધ કેવા દુઃખથી દોહે છે કેવી શરમભરેલી રીતે સીર કાઢે છે તે જરાતો વિચારો. મારો પાનો ઉતારવા મારા વહાલા બચ્ચાને મારી પાસે લાવે છે તે જ્યારે માથું મારી દૂધ પીવા શરૂ કરે છે કે ફરી તેને શીઘ્ર બાંધી દે છે. મારા વહાલે પાનો વહે છે તે અટકતો નથી અને બચ્ચું તોડાવ તોડાવ કરી મારી સામે નીહાળે છે તેનો ખોરાક બીજા હરણ કરે છે. કોઇને દયા આવતી નથી. માયાનો મર્મ અતરે ખુલે છે તે જુઓ. માડાગાસકરના જંગલી લોકો તમારા કરતાં સારા કે તેઓ મારૂં દૂધ દોહતા નથી તેઓ મારા બચ્ચાનું હક્ક ઝુટવતા નથી પણ તમો સુધરેલા છો, શેઠ સાહુકાર ગણાઓ છો ધર્માદા કામમાં હજારો રૂપીયા ખરચી દયાનો દમ મારો છો છતાં તમો મારા બચ્ચાનો ખોરાક ખેંચી લો છો. અરે તુમને મારા બચ્ચાનો ખોરાક લેતાં જરાએ અરે આવતી નથી. જો તમારી સ્ત્રીને કોઇ જબરાઇથી પકડી તેનું દૂધ દોહી લે તમારા કોમળ બાળકને ટટલતું રાખે તો તમારી શી વલે ? અરે તમારા સંતાપનો કંઇ પાર રહે નહીં. તેવીજ અવસ્થા મારી સમજો અને મારા પર દયા કરો. માણસના બચ્ચાં તેઓની માની દ્રષ્ટીમાં રહે માના છાયામાં પલે પણ આ લોહીથી ઉત્પન્ન થઇલા દૂધની ખાતર મારા બચ્ચાને કોડમાં કેદ કરી તેના ગળામાં ફાસતો નાખી ગોવાળ મને ટટલતી વનમાં ભટકાવે છે. અરે કોઇ મારૂં દુઃખ સાંભળનાર નથી. અને તે બચ્ચું આખો દિવસ મા, મા, માતા, માતા, કર્યા કરે છે. તેની ભાષા તમો નહીં સમજતા એ હું માનું છું પણ મારી ગેરહાજરીમાં તેની પૂકાર ખુલ્લી રીતે દરેક અકલવાળાને સમજાવે છે કે તે માતાની મેહેરનું સમરણ કરે છે. અને પોતાના ખોરાક દૂધને માંગવામાં ગળુ પાડે છે. અરે તમો જરાતો વિચારો અને અમારા પર દયા કરો. જીવ દયાનું ખાતુ સથાપો અને તેમાં દૂધનો વેપાર ! ઘણું શરમભરેલું છે.

કુદરતે નર માદા ઉત્પન્ન કર્યાં છે દરેકનું કામ જૂદું હોય છે દરેકની ઇચ્છા ભીન ભીન છે. તેનો વિચાર તમો જરાએ રાખતા ન અને મારા દિકરા (વાછરડા)ને તમો ખસ્સી કરે છો તેને પુરૂષપણાથી કાઢો છો અને બાયલાઓની સંખ્યામાં ઉમેરો કરો છો. મુંગા પ્રાણી ઉપર ઘાતકીપણું અટકાવનારી મંડલીને આ ઘાતકીપણું સુજતું નથી, અથવા સુજે છે પણ મુંગા રહે છે. માણુસને કોઇ હિજડો કરે તો તે સરકારી ગુનાહમાં આવે તે પર પોલીસ દોડે પણ મારા બચ્ચાઓ માટે કયા પોલીસ લાવું. શેઠ શાહુકારો અને મહાજનોજ ખસ્સી બળદ વાપરનારા છે અને એઓની ખાતર ખસ્સી કરવામાં આવે છે એટલે એઓની ખાતર નોદી કોઇ મારી વારે દોડે નહીં.

મારૂં વિશેષણ ગરીબ, ગરીબ ગાય એ

દ્રષ્ટાંત તરીકે કહેવાય છે. જેવી હું તેવાંજ મારા બચ્ચાં છતાં મારા વાછરડાઓને રાંક કરવા નાખ જેવી નરમ જગ્યામાં કાણું કોરે છે અને નાથ નાખે છે અને તેથી તેને છેક રામ (ખાલુજન) કરે છે. અરે તે દેખાણી તમારાથી કેવી રીતે જોવાય છે તે નાથ સાથે અછોડો બાંધી દરેક વેળા તમો ખેંચી તાણીને દુઃખ આપો છો. અરે દયાના દાવેદારો તમો અહિન્સા પ્રમો ધર્મને કાં ભૂલી ગયા. શ્રાવકો બ્રાહ્મણો અને બીજા સઘળી જાતના હિન્દુઓ એ કૃત્ય કરી રહ્યા છે પણ કોઇને અરે આવતી નથી. આફ્રીકાના જંગલીઓ મારા બાળકનું નાક વીંધતા નથી. તેઓ બળદને ગાડામાં જોડે છે છતાં નિર્દય થઈ નાથ વાપરતા નથી. અને મોઢે ધાળી કામ લે છે. વળી તમારામાંના કેટલાક શોખીનો વાળની નાથ નાખી નાકનો નાશ કરે છે અને કેટલાક સુરતના શોખીનો શનીવારમાં દોડાવી દુઃખ આપનાર નાકમાં નાથની જગ્યા ઘી લગાડી નાક સેડવે છે. તેઓને કોઈ પૂછનાર નથી કોઇ કહેનાર નથી. અરે ગોરજીઓ મુની મહારાજો એજ દુઃખને જોઈ ગાડીમાં બેસતા નથી અને બાપડા પગે ચાલે છે. એનું જોઇને તો તમો ધડો લેઓ. શું તેઓ નાથ નાખવાની નાથ વાપરવાની તમને મનાઈ કરતા નથી ?

કણબીઓના કપાળમાં તો અમને દુઃખ આપવું લખાઈ ગયું છે તેઓએ તો દયાનો દમ માર્યો નથી અને મારશે પણ નથી. પણ દયાને દાબનાર કૃપાને કાપનાર આર્યા કણબીઓને બે બોલ કહું છું. રખે તેઓને મારા પર મેહેર આવે. અરે તમો તો સમજેલા શીખેલા છો. અરે મારા દુઃખને જુઓ જરા વિચાર કરો તમો મારા પુત્રોને ઘણું દુઃખ આપો છો. ગઊ માતાના દીકરાઓને દુઃખ આપવું તમને કેમ ગમે છે. તમારૂં દૃઢ દિલ કેમ થયું છે. નિત્ય દુઃખ સહાય નહીં હમેશનો જુલમ ખમાય નહીં. તમો તેને હળમાં નાખો સવાર સાંજ સુધી થાકવો છો. હાય હું કોને કહું. અરે જરા તો વિચારો તેની ગરદનમાં જુસરીથી ગટ્ટા પડે છે કાપ પડે છે પણ તમે દુઃખ દેતાં અટકતા નથી. વરસાદના દહાડા ભીંજેલી ભોંઇમાં હળ ખેંચી અસસતા થાય છે. ઉપરથી પ્રાણીના ગોદાનો ઉમેરો થાય છે. અને ઝપેટાનો વધારો થાય છે. મુંગા પ્રાણી ઉપર ઘાતકીપણું અટકાવનારી મંડળીના માણસો સડકો ઉપર ફરી ત્યાં તપાસ રાખે છે પણ જરા કોઈ દિવસ ખેતરમાં જાઓ અને અમારૂં દુઃખ જુઓ. કરપી, ફડકો, પાટલો વગેરે અનેક જાતના લાકડાં આખી મોસમ મારા દીકરાઓને ફેરવવા પડે છે. ગુલામી ધંધો અંગ્રેજ સરકારના રાજ્યમાં નાશ પામ્યો છે પણ મારા બચ્ચા તો ગુલામીથી નબળી હાલતમાં છે તેને છોડાવનાર કેમ કોઈ નીકળતું નથી. અરે આટલું દુઃખ છતાં જ્યારે ખેતી તૈયાર થાય છે તો અનાજ માણસો લે છે. અરે કડબના રાડાં મીરા કોમળ દીકરા ચાવે તેઓની જીભ કપાય છે અવાળા છોલાય છે. અરે જ્યારે ખળીમાં દાણા કહાડે છે પાર નાખે છે ત્યારે મારા દીકરા ઘણા ગમગીન થાય છે. દાણાપર ડાચું મારવા કરે છે પોતાની મેહનતની મજુરી સમજી દાણા ખાવા ઇચ્છે છે તો તેના મોં પર જાળી પેહેરાવે છે અને ટટલતા રાખે છે. મનુ મહારાજે કદાપી એવોજ વિચાર રાખી લખ્યું છે કે "ખેતી કરવી ઘણું દુષ્ટ કામ છે. (મનુ ૧૦; ૮૩, ૮૪) આવા દુઃખમાં રહેવાથી તો કુરબાનીમાં કપાવું ઘણું સારૂં છે. અરે મારૂં દુઃખ કેટલું કહું તડકામાં લખલખવું અમારાજ ભાગ્યમાં. વરસાદ ઠંડી અમારા ઉપરજ. નહીં દીઠી રાત નહીં જોયો દિવસ જ્યારે મરજી થઈ જ્યારે બે પૈસાનું ભાડું મળ્યું કે અમને ભમાવવા લાગ્યા. મને કહેતા શરમ આવે છે પણ તમે દુઃખ દેતા શરમાતા નથી.

ભેંસનો વિલાપ.

સૃષ્ટી ક્રમ પ્રમાણે દરેક પ્રાણીની ઉત્પત્તી * લગભગ અડધા નર અને અડધી નારીની થાય છે એ નિઃશંક છે. પણ હુંજ કમબખત, અભાગ્યી, દુરદશા, અને દુષ્ટ છું. કે જે ગામમાં જોશો ભેંસો સેંકડો પણ તેના બચ્ચા નર પાડા સેંકડે દસ નહીં. શું અમો નુર જ-ગુતીઓજ નથી. માદાજ જન્મીએ છીએ ? જરા તો વિચારો અમારૂં દુઃખ નિવારણ કરો. હું દુઃખમાં દટાઇ ગઇ છું. લોહીના ઘૂંટ પીઉં છું. અને કાલેજુ ગળે આવે છે અને તેજ બળાપામાં હું કીચડ કાદવમાં પડી રહું છું. મારૂં દુઃખ એવું છે જેને ઇસ્લામ, ખ્રીસ્તી ધર્મ, યાહુદી, પારસીઓ, હિન્દુઓ, અને સરકારી કાયદો કોઈ સહી શકે નહીં, મદદ કર્યા વગર કોઈ રહે નહીં. અરે મુંગા પ્રાણીઓ ઉપર ઘાતકીપણું દૂર કરનારી મંડલી તમો કયાં ઉંઘણસી બનો છો ! ઓ શ્રાવકો તમો કયાં સ્વપ્નામાં છો ! મારો કોમળ પાડો રીબાઇ રીબાઇને મરે છે. અરે તમો આટલો તો વિચાર કરો સૃષ્ટી નિયમ પ્રમાણે અડધા પાડા અને અડધી પાડીઓ થવી જોઇએ. અને જ્યારે તમો જ્યાં જુઓ ત્યાં પાડીજ જુઓ ત્યારે તે પાડા કયાં જાય છે તેનો તમને જરાએ ખ્યાલ નથી. શું તે પાડા કસાઇને વેચાય છે ? જો એમ થાય તો જરા સરખું દુઃખ વેઠી છૂટકારો પામે, પણ ઢોરોવાળા રીબાવીને મારે છે. એનો કેમ ખ્યાલ તમને થતો નથી. આ માત્ર દૂધના લોભનું પરિણામ અને ચારાની મોંઘવારીનું અંજામ છે. અને કસાઇને આપવામાં લોકોના મેણાનો ડર છે. નહીં તો તેઓ કંઈ ઓછું દુઃખ આપતા નથી. અરે મારા દુઃખને પોહોંચી વળવાનો એક ઉપાય કહું છું. જે તમને ભારી નથી. અને તેમાં મુસલમાનો પણ તમારી સાથે થશે. તે એ કે મુંગા પ્રાણી ઉપર ઘાતકીપણું અટકાવનારી મંડળીની શાખા વધારાય તેના ઇનીસપેકટરો વ્યાતી ભેંસોનો હિસાબ રાખે અને પાડો જણેલી ભેંસના પાડાની સંભાળ રાખે. દરરોજ એક બે વાર હાલત દરયાફ કરે. અને જેનો પાડો રીબાતો હોય તેને સરકારમાં ઘસડે. તોજ મારાં બચ્ચાં છૂટે. અરે કોઈ ધર્મી માણસ છે જે મારી ફરયાદે પોહોંચે અથવા બીજો કોઇ ઉપાય શોધી કહાડે. કે । પણ રીતે મારો પાડો રીબાતો બચાવો. જો તમારા કોમળ બચ્ચાને એવી રીતે રીબાવાય તો કેવી અવસ્થા થાય ? શું મારા પાડામાં જીવ નથી ? તેનો પ્રાણ નકામો છે ? તે માત્ર બે ચાર દિવસનોજ મેમાન આવે છે. અરે એનો કેમ ખ્યાલ થતો નથી.

ગાય ભેંસ બકરાં ઘેટાંનો સામટો વિલાપ.

અરે અમારૂં દુઃખ સાંભલો તે પર ધ્યાન આપો. અમારાં આંસું લુછો અમારી મદદ કરો અમારા લાભને સમજો બુદ્ધિશાળ સમજીને મદદ કરે છે. પણ અણસમજ દુઃખને દયા સમજે છે. મુસલમાનો અમને વધ કરે છે કાપે છે તેમાં અમારે માટે ઇસ્લામી ધર્મ પ્રમાણે જરા વારના દુઃખને બદલે ઘણો લાભ છે † માટે તમો તેઓને આડે આવો નહીં. તેઓની વચ્ચે પડો નહીં. અરે તે લાભો જ્યારે અમો વિચારીએ છીએ તો અમારૂં મરવું જરાએ કઠિન લાગતું નથી. અરે તે લાભો તમારી આગળ વર્ણવા તો વ્યર્થ છે. હિન્દુ ધર્મ પ્રમાણેના થોડા લાભ વર્ણીએ છીએ તે પર ધ્યાન દઇ અમારી ફરયાદે પોહોંચો. અમે જે ગાય ભેંસ વગેરેનો જન્મ લીધો છે તે આગળા જન્મનો બદલો છે. આ અમારી ભોગ જુની છે એથી અમારો જેમ બને તેમ જલદી છૂટકો થવો જોઇએ.

* દૂધ દોહવું વગેરે કેટલીક બાબતોમાં ગાય અને ભેંસનો સરખો વિલાપ છે માટે જે ગાયનો વિલાપ તે ભેંસનો સમજવો લંબાણ થાય માટે તે લખ્યા નથી. ગ્રા. મો.

† વાંચો ગઊરક્ષકને ચેતવણી પૃષ્ટ ૫૦ ગ્રા. મો.

અરે તે છૂટકો બાપડા મુસલમાનોને હાથે થાય છે તેઓ અમારા પર દયા કરે છે. કદાપી દયાનંદજી મહારાજ એ ભેદને સમજી ગયા છે જેથી સત્યાર્થ પ્રકાશ છપાયલું સને ૧૮૭૫ ના પૃષ્ટ ૩૯૯ માં લખે છે કે પશુઓને મારવામાં જરા દુ:ખ થાય છે પણ યજ્ઞના પ્રાણીઓને અને બીજાઓનો ઘણોજ લાભ છે.” વળી તેજ પ્રતના પૃષ્ટ ૩૦૨ માં છે કે જો કોઇ પણ માંસ નહીં ખાય તો પશુ પક્ષી વગેરે જેટલાં છે તેથી હઝાર ગણા થાય. ફરી માણુસને મારવા લાગે ખેતરમાં અંન નહીં થાય. જેથી સર્વ માણુસ મરી જાય.” અરે જ્યારે આવો દુષ્ટ વખત આવે માણુસ મરે ફરી અમે જીવી શકીએ તો હમણાજ મરી લોકોને લાભ આપી દુન્યાંનો કારબાર સારી રીતે ચાલે એજ અમને રૂડું લાગે છે. માટે તમો આડે આવો નહીં. માહોમાહે લડો નહીં. માણુસ ઉત્તમ પ્રાણી છે એઓ રહે અને અમે એઓના લાભમાં ખપીએ એજ ઠીક છે. અરે મારા હિન્દુ ભાઇઓ તમે કેમ વિચારતા નથી તમારૂં શાસ્ત્ર કેમ જોતા નથી મનુ મહારાજ પોતાની સ્મૃત્તિમાં કહે છે તે સાંભળો તે પર યાકીન રાખો. મનુ અ૦ ૫ શ્લો. ૪૦ અનાજ, પ્રાણી, ઝાડ, પક્ષી, કાચબો વગેરે સઘળા યજ્ઞમાં મરાવાથી બીજા ભવમાં શ્રેષ્ઠ જાતનો જન્મ મળે છે. વળી અ૦ ૫ શ્લો. ૪૨ મધુપર્કાદિમાં પ્રાણીને મારી વેદની મુળ મતલબ જાણનાર બ્રાહ્મણ પોતાની જાતને તથા તે પ્રાણીને ઉત્તમ ગતીએ પોહોંચવે છે એટલે સીધા સ્વર્ગમાં અમો જઇએછીએ. અરે આવી ગતી મેળવતાં તમો શા માટે આડે આવો છો. તમો જરા તો વિચારો. તમો દોસ્તીનો ડોલ ઘાલી દુશમનની ગરજ સારો છો. અરે મારા હિન્દુ ભાઇઓ તમો વેદની ટીકા શતપથ બ્રાહ્મણને તો જુઓ. તેના કાન્ડ ૧ અધ્યાય ૨ બ્રાહ્મણ ૩ કાન્ડકા ૯ માં શું લખેલું છે “માણુસ જેની કુરબાની થાય તે કીમ પુરૂષ (વન માણુસ) થાય છે અને ઘોડો તથા બળદની કુરબાની થાય છે તે મોટા મોટા પ્રાણી થાય છે. અને મેંઢા જે ચઢાવાય છે તે ઊંટ બને છે. અને બકરો જે ચઢાવાય છે તે શરભ (આઠ પગ વાલું હરણ) થાય છે. અરે શતપથમાં ઘણી જગ્યા માણસની પણ કુરબાની લખી છે. તેમ આપણા બ્રાહ્મણો તેમ કરતા પણ હતા. તો અમારી કુરબાની તમને શા માટે ગમતી નથી. તમો શા માટે અમારૂં ભલું ચાહતા નથી અરે તમો હમેશ સવદેશી સવદેશી કર્યા જાઓ છો અને તે માટે કારખાના મીલો કાઢતા જાઓ છો. તેમાં વપરાતાં ચામડાં અમારાંજ છે અને તે સઘળાં હલાલીજ છે. મુરદારના ચામડાં ટકાવ નથી. એજ માટે અહીંસા પ્રમો ધર્મ કહેનાર જૈનો પણ પોતાની મીલોમાં અમારા હલાલીજ ચામડાં વાપરી લાખો રૂપીયા કમાય છે. તો ફરી જો અમારો વધ અટકાવશો તો શવદેશીનો ચરખો ચાલશે નહીં અને દેશની ઉનંતી થશે નહીં. અરે ચરખાની માલ અમારીજ થાય છે. વેલણો પર અમારાજ ચામડાં છે. મોટા ચકર ઉપર અમારાજ પાટા છે. સુતરના દોરડાં કે સણના દોરડાં કામ આવે નહીં. તો દેશના દ્રવ્ય માટે, ભારત ભૂમીના ભલા માટે અમારો પ્રાણ દેવાને તૈયાર છીએ. જેમ અમારો વધ વધશે તેમ ખપના ચામડાં પૂરાં પડશે. નહીં તો બધું પડી ભાંગશે તે સમજો વિચારો ફરી વચ્ચે પડો. થોડું કહ્યાને તમો ઘણું સમજો. આટલાં ઉપર વિલાપ સમાપ્ત થાય છે.

હું ધારૂં છું કે પ્રાણી પુકારવાળા સાહેબ તથા દયાને આધારે મુસલમાનોને નિર્દય કહેનાર દૂધ દહી અને ઘી ખાતા નહીં હશે. તેમ જેવી રીતે ચામડાના જોડા અને ચામડાં પેહેરવાં તજ્યા છે તેમ પોતાની મીલોમાં ચામડાં વાપરતા નહીં હશે, તેમ ચામડાં વાપરતી મીલના શેરો પણ રાખતા નહીં હશે. એવીજ રીતે ચામડાંથી જોડાયલા ઘોડા ગાડીમાં બેસતા નહીં

હશે. અને જો એ વસ્તુ વાપરતા હશે, અને હું ખાતરીથી જાણું છું કે દૂધ ઘી વાપરેજ છે. તો હવે આ વિલાપ વાંચ્યા પછી જરૂર તજશે. જોઇએ પ્રાણી પુકારવાળો આ વિલાપનો શું જવાબ આપે છે અને દયાને આધારે વીજીટરીયન થનારા આ વિલાપની શી દાદ આપે છે. આ વિલાપને આધારે મુસલમાનોને કોઇ ઠપકો આપી શકતું નથી. કારણ કે તેઓ હરામ હલાલને અલ્લાહના હુકમ ઉપર અટકેલા રાખે છે. ખોદા જે વસ્તુ હલાલ કહે તે હલાલ અને જેને હરામ કહે તે હરામ. એજ કાયદા પ્રમાણે કુરઆનમાં માંસ અને દૂધ હલાલ ઠેરવ્યાં છે. માટે તે હલાલ. પણ દયાના દાવેદાર તો માંસ નહીં ખાવાનો આધાર દયા અને મેહેરપર રાખે છે માટે તેઓને સમજાવવામાં આવે છે કે તમારા કાયદા પ્રમાણે પ્રાણીઓને મુક્ત કરો. તેથી ખેતી નહીં કરાવો, બોજો નહીં ખેંચાઓ, અને દૂધ ઘી તરફથી તમારી દ્રષ્ટી ફેરવો. હવે જોઇએ પ્રાણી પૂકારવાળો આનો શો ઉત્તર આપે છે.

માંસ ખાવું હિન્દુઓમાં પ્રાચીનથી છે જે વિષે વિદ્વાન વીલસનની વેદની ટીકા શહાદત આપે છે. ડાકટર અલફેસટન મુંબઇના ગવરનર સાહેબ હિન્દુસ્થાનનો ઐતિહાસ (પૃષ્ટ ૭૯, ૪૨૬ વગેરે) માં પૂરાવો આપે છે કે બ્રાહ્મો બળદનું માંસ ખાતા હતા." છતાં હાલ માંસ ખાવું એબ ગણાય છે માંસ ખાનારાઓથી વેર રખાય છે. વેર કેટલાક સત્યવાદી હિન્દુઓ ખરી શાક્ષી પુરે છે. સને ૧૯૦૧ માં ઘણું કરીને અગસ્ટ મહિનામાં વિદ્યાસાગર પણ્ડિત વિવકાનંદ સાહેબનું ભાષણ માંસ ખાવાની ભલામણનું મુંબઇ સમાચારમાં છપાયું હતું. તેમ સાંજ વૃતમાન તા૦ ૧૦-૧૦-૧૦ પૃષ્ટ ૬ કાલમ ૬ માં એક લખાણ છપાયું છે તે અતરે ઉતારું છું. અને તેમાંથી શંક્ષીપ રીતે સવાલો કાઢી માત્ર જવાબોજ લખું છું. " વડોદરામાં આરોગય સ્થીતી સંબંધી જે કમીશન નીમવામાં આવ્યું છે તેમાં નવો ખોરાક દાખલ કરવા સંબંધી કડીના સીવીલ સરજ્યન ડા. સેવકલાલ માણેકલાલે નીચલી જુબાની આપી હતી:—

નવો ખોરાક દાખલ કરી શકાય કે કેમ અને થાય તો કયો તે સવાલના જવાબમાં તેમણે જણાવ્યું કે મારા મત પ્રમાણે નવો સલાહભર્યો ખોરાક માંસાહાર છે...હું ફરજ પાડવા કહેતો નથી સ્વીચ્છા ઉપર મુકવું જોઇએ. જેની ઇચ્છિામાં આવે અને જેઓ ખરીદી શકે તેઓ ભલે ખાય....માંસ બીજા ખોરાક કરતાં બહુ મોઘો મળે છે તેથી ખાવાની ઇચ્છાવાળાઓને પણ મેળવવું કઠણ પડે છે. હાલ ઢોરની અછત છે તેથી સરકારે તેવા ઢોરો તઇયાર કરી ઉછેરવાં જોઇએ અને દેખરેખ રાખી તે ખોરાક સોંઘો કરવો જોઇએ....હું નહીં બાણી પણ જેને વાંધો નથી તેવા લોકોને સગવડ શા માટે ન થવી જોઇએ. પહેલાં લોકો માંસાહારી હતાં. હાલ ઘણા ખરા જે લોકો અન-ફળ શાક ખાનારા છે તેનું મુખય કારણ એ છે કે માંસ મોંઘું છે. પાટણમાં પહેલાં બળદ ૩૦ ૭૫ ના મળતો તે હવે ૧૫૦ માં પણ મળતો નથી. ગાયની અને ઢોરની અછત થઈ ગઈ છે. માંસનો કોઈ પહેલાં બાધ નહોતો. બ્રાહ્મણો પણ માંસ ખાતા એવું શાસ્ત્ર પુરાણોથી જણાય છે."

કેટલાક અજાણ મુસલમાનો કહે છે કે હિન્દુઓની ખાતર ગઊવધ બંધ કરવો જોઇએ તેઓએ વિચારવું જોઇએ કે અલ્લાહનો, રસુલુલ્લાહનો હુકમ કોઇની ખાતર છોડવાનો નથી. જો આજે ગઊવધ છોડશો તો કાલે બાંગ છોડવી પડશે. તો ફરી ઇશુ (અલે) ને ખોદા કે ખોદાનો દીકરો માનવો પડશે. જો એમ થયા કરે તો ઇસ્લામજ રહે નહીં. એ વિષે અલ્લાહ તઆલા શું ફરમાવે છે તે જુઓ. કુરઆન સુરા બકર. ૨; ૧૧૯ તું કહે (ઓ મોહમ્મદ) ખોદાનો માર્ગ તેજ ખરો માર્ગ છે. અને ખચીત તારી પાસે ઇલમ (કુરઆન) આવ્યા પછી

જો તું તેઓની ઇચ્છા પ્રમાણે ચાલશે તો તારે માટે ખોદા તરફથી કોઇ દોસ્ત કે મદદગાર નથી. વળી સૂરા આલે ઈમરાન ૩; ૧૪૯, ૫૦ ઓ ઈમાનવાળાઓ જેઓ કાફિર થયા તેઓની તમો તાબેદારી કરશો તો તેઓ તમને તમારી એડી ઉપર પાછા ફેરવશે. (કાફિર બનાવશે) ફરી તમો નુકસાની ખમનાર થશો. પણ અલ્લાહ તમારો મદદગાર છે અને તેનીજ મદદ સર્વથી ચઢયાતી છે. વળી સૂરા માએદા. ૫; ૪૮ જે તારી પાસે સત્ય આવ્યું છે તેની વિરૂદ્ધ તેઓની ખાહેશની તાબેદારી કરવી નહી. વળી સૂરા અનઆમ ૬; ૧૫૧ અને જેઓએ અમારી આયતોને જૂઠવી અને જેઓ આખેરત ઉપર વિશ્વાસ રાખતા નથી તેઓની ઇચ્છા પ્રમાણે તું નહીં ચાલ. અને તેઓ (બીજાને) પોતાના પરવરદિગાર સમાન ગણે છે." એ વગર બીજી ઘણી આયતો છે જેમાં કાફિરોની ઇચ્છાનુસાર ચાલવાની મનાઈ છે. મુસલમાનોની જે નબળી હાલત છે કંગાલીયતમાં ફસેલા છે એ સઘળુ કુરઆન શરીફ ઉપર નહીં ચાલવાનું પરિણામ છે. કુરઆન સૂરા તાહા, ૨૦; ૪૭ અને સત્ય માર્ગ (ઇસ્લામ) ની જેઓ તાબેદારી કરે છે તેઓનેજ સલામતી છે." અલીગઢ કાલીજ વાળાઓને જોઇએ કે મુસલમાનોના લાખો રૂપીયા હુનર ઉદ્યોગમાં લગાડે અને ઇસ્લામ ઉપર મુસલમાનો ચાલે એવી કોશીશ કરે એમાંજ એઓની ઉનંતી છે* બાકી સર્વ નકામા ખયાલો છે. સરકાર પોતાની મેહેરબાનીથી પ્રથમીક સ્કોલો કાઢે છે. હાઇ સ્કોલો બાંધે છે તેમજ કોલીજો સ્થાપે છે. અને તેમાં હિન્દુ મુસલમાનોને સરખો લાભ આપે છે. સરકારી અરબી સ્કુલોમાં મુસલમાન મૌલવી પ્રોફેસર. પણ અલીગઢની અરબી સ્કુલમાં જુજદીન યહુદી પ્રોફેસર. શું મજાનુ ઓનરેબલ ગોખલેએ કહ્યું કે શું તમને અરબીનો પુરફેસર હિન્દુસ્તાનમાં મૌલવી નથી મળતો ?" એઓને જોઇએ કે મૌલવીઓની સલાહથી ટેક્ષબુકો પણ બદલે. પણ એમ થવું ઘણું મુશકેલ છે કારણ કે તે ટોલીમાં ઘણા આગેવાનો એવા છે કે તેઓ ખુલ્લી રીતે કુરઆનનો નકાર કરે છે. ખોદા મુસલમાનોને સારા કામોની તોફીક બખશે. **આમીન.**

---

* એ વિષેનો વધુ ખોલાસો "વિચાર સુધારક" જે ઇસલાહુલ ખીયાલનો તરજુમો છે અને છપાય છે તેમાં છે ફી. અ ૩ ના મો.

ગૌરક્ષકને ચેતવણી.

ગૌરક્ષકને ચેતવણી.

પ્રસ્તાવના.

બીજી આવૃત્તિની.

ઘણો મેહેરબાન રહમ કર્તા અલ્લાહના નામથી.

સર્વ સ્તુથી તેને માટે છે કે જેનું પવિત્ર નામ અલ્લાહ છે. જે સર્વ ચીજનો ઉત્પન્ન કર્ત્તા અને દરેક ચીજને તાબામાં રાખનાર છે. તેણે પોતાની હિકમત પ્રમાણે જે હુકમ કર્યો છે તે સઘળા ડહાપણ ભરેલા છે તેનું કામ હિકમતથી ખાલી નથી. તથા દોરૂદ અને સલામ હજરત મોહમ્મદ માટે છે કે જેવણની શરીઅત હરામ હલાલના બયાનમાં એકતા છે. અને જેમની ચાલચલગત તે ખાશ

બોધ આપવા માટે પૂરતી છે. અને તેમની આલ તથા અસહાબ તથા સર્વ મુમેનો માટે છે.

એ પછી ગુલામ મોહમ્મદ બી૦ હાજી હાફેજ સાદેક અરજ કરે છે કે ગૌરક્ષા વિરૂદ્ધ અમારી ચોપડીઓ છપાઈ મફત વેહેંચવાને આશરે વીશ વર્ષ થયાં તેની સેંકડો નકલો હિન્દુઓમાં વહેંચી ગૌરક્ષા મંડળીઓને પોહોંચવી પણ હજુ તેનો જવાબ કોઇએ બહાર પાડયો નથી.

કેટલાક મહિના ઉપર સુરત શેહેરમાં કોઈ શરમા પંડિત આવ્યા, તેવણ નવેસરથી પોતાના ભાષણમાં પાછી તેજ વાતો કહેવા લાગ્યા જે શ્રીમન સ્વામી આત્મારામ સ્વામી વગેરે કહી ગયા હતા. તેમના જવાબ માટે મારા મિત્ર હાફેજ નૂર મોહમ્મદ મેવાવાળા સાહેબ પાસેથી સુરતનો એક મુસલમાન અમારી ચોપડીઓ લઈ તે પંડિત પાસે ગયો. પંડિત સાહેબે ઘણી ખુશી જણાવી તે ચોપડીઓ લઈ કહ્યું કે આ સભામાં નહીં પણ મારી મુથકે જઇ હું ધ્યાન દઇ વાંચી એનો ઉત્તર આપીશ. પણ પોતાના પોકળ હિસાબનું ભપકાળુ ભરમ જણાયું તો શરમા સાહેબ શરમાયા અને વગર કંઈ કહે ચોપડીઓ પાછી આપી. આર્યાઓની ટેવ પ્રમાણે નકામો બકવો કે ધાંધલ નહીં કરી એ તેમની ભલમનસાઈ છે. જેથી કેટલાક મુસલમાનોને એ ચોપડીઓ વાંચવાનો તથા ફેલાવવાનો શોખ થયો અને એક શેઠ છપાવી મફત વેહેંચવા માટે તમામ ખરચ પોતે આપવા કબુલ થયા. તો ખોદા ઉપર ભરોસો કરી બીજીવાર છપાવવા હું તૈયાર થયો.

પ્રથમ છપાયલી ચોપડીઓ જવાબે ગઊરક્ષા, સ્વામી આત્મારામને જવાબ, અને હરગોવીંદ ગીરજાશંકરને જવાબમાં કંઈ ફેરફાર મેં કર્યો નથી, માત્ર ઇબારત શુદ્ધ કરી છે અને કોઈક ઠેકાણે નોટ લખી છે. અને ત્રણે ચોપડીઓની છેવટે કાશીનીવાસી સૌ સેવક પણ્ડિત ગજત નારાયણના ભાષણોના જવાબ મુંબઇ સમાચારમાં છપાયલા છાપ્યા છે. એ પણ્ડિત જગત નારાયણના મુકાબલામાં લખનવવાળા મૌલવી અબ્દુલ ખાલેક સાહેબ* તથા જનાબ કાજી ઇસમાઇલ મોહમ્મદ મીયાં પોરબંદરી સાહેબ તથા સુરતના મીયાં સાહેબ મોહમ્મદઅલી હમદાની તથા તેમના ફરજન્દ મીયાં સાહેબ તાહિરભાઇ તથા મી૦ હાજી યુસોફ સાલેહ શરીફ સાહેબ તથા આ લખનાર ગુલામ મોહમ્મદ બી૦ હાજી હાફેજ સાદેક વખાણ કરતા હતા પણ અફસોસ કે પંદર વર્ષનો લાંબો વખત વિતવાથી તે સઘળા છાપા મળી નહીં આવ્યા જેથી જેટલા મળ્યા તે છાપ્યા છે.

પશુ હત્યા કરવામાં દોષ નથી એ વિષયમાં મુસલમાનો તરફથી જનાબ મૌલવી સૈયદ કમરૂદદીન લખનોવવાળા સાહેબે ઘણીજ ઉમદા તથા ઘણીજ મોટી કિતાબ ઉર્દુમાં લખી છે અને જનાવરોને વધ કરી ખાવા ઉપર જેટલી શંકાઓ કરવામાં આવે છે તે સઘળીનો તેમાં જવાબ છે. અને એ પુસ્તક કાનપુરના નિજામી પ્રેસમાં છપાયું છે. અને હિન્દુઓ તરફથી સત્યાર્થ પ્રકાશના ઉર્દુમાં ભાષાંતર કરતા રાધા કૃષ્ણ મહેતાએ " માંસ અને આર્યા સમાજ" તથા બીજા એક આર્યાએ " માંસ ભક્ષણ વેદ અનુકુલ " ઘણી સારી ચોપડીઓ લખી છે. એમાં હિન્દુઓના માનીતા પુસ્તકોથી ઘણી સફાઇથી પ્રમાણ આપવામાં આવ્યાં છે. અને આ અમારી ચોપડીઓ પણ ખોદાના ફજલથી અઉત્તર છે. આજ સૂધી એનો ઉત્તર કોઇએ લખ્યો નથી અને હવે જો કોઈ હિંન્દુ લખવા ચાહે તો મેહેરબાની કરી સઘળી ચોપડીનો અથવા એક આખી ચોપડીનો ઉત્તર લખે. વિશેષ કરી આ પ્રસ્તાવનાને સારી રીતે ધ્યાનમાં રાખીને જવાબ આપે.

પંદર કે સોળ વર્ષનો આસરો થયો કે સુરતના દેશી મિત્ર છાપાના અસલ માલિક મી૦

* મૌલવી અબદુલ ખાલિક સાહેબનું સઘળું લખાણ મુંબઇ સમાચારમાં છપાયલું કાઠીયાવાડના કોઈ કેમણે ચોપડીના રૂપમાં છપાવી મફત વેહેંચ્યું હતું પણ અફસોસ તે પણ મારી પાસે નહીં રહ્યું. ગુ. મો.

મંછારામ ઘેલાભાઈ સાહેબે માંસ ભક્ષણ વિરૂદ્ધ એક લખાણ પોતાના છાપામાં કર્યું હતું અને તેનો જવાબ તેજ સપ્તાહથી મુંબઈના " કાસેદે મુંબઈ " પત્રમાં મે નાંખવ શરૂ કર્યો હતો અને તે છપાયલા છાપાની એક કોપી તેમના છાપખાનામાં અને એક કોપી તેમના છાપખાનાની મ.જે એન્ડરૂસ લાયબ્રેરીમાં પોહોંચાડતો હતો. પણ તેનો કશો જવાબ તેવણે કે તેવણના કોઈ ચેલાએ આપ્યો નથી. તે મજમુન ઘણું ઉપયોગી છે પણ તેની નકલો મારી પાસે રહી નથી તથી મારી યાદદાસ્ત પ્રમાણે લખું છું. અને આ લખાણ તે છાપામાં છપાયલા લખાણનો ચતુરાંશ પણ નથી.

મીં૦ મંછારામ—મુસલમાનો પેશાબથી ઘણા બચે છે એ સ્તુત્ય છે. તેઓ જ્યારે પેશાબ કરે છે તો પત્થર કે ખડુ વાપરી પેશાબને સુકવે છે. એક ટીપું બદનને કે વસ્ત્રને લાગવા દેતા નથી. વળી એટલાપર નહીં અટકતાં ફરી પાણીથી પણ ધોએ છે. ત્યારે મારા મુસલમાન ભાઈઓએ વિચારવું જોઇએ કે જે પશુનું માંસ તમો ખાઓ છો તે પશુની મુળ પેદાએશ એક પેશાબના ટીપાથીજ છે તે તમને ખાવું કેમ દુરસ્ત હોય ?

જવાબ—મી૦ મંછારામ સાહેબને મુસલમાનોનું કામ પૂરતી રીતે પેશાબથી બચવાનું જાણવાની સાથે આ પણ કોઇ મુસલમાનથી વાકેફ થવું હતું કે પેશાબથી બચવાનો તો હુકમ તમારા પૈગમ્બરે આપ્યો છે. તો શું વીર્યથી ઉત્પન્ન થયલા માંસને ખાવું પણ તમારા પૈગમ્બરે દુરસ્ત રાખ્યું છે ? અથવા કુરઆનમાં દુરસ્ત ફરમાવ્યું છે ? ફરી સવાલ કરવાનો શોખ પૂરો પાડવા નીકળતે તો ઠીક થતે, કારણ કે જ્યારે કુરઆનમાં માંસ ખાવાની આજ્ઞા છે, હજરત મોહમ્મદે પોતે ખાધું છે, લોકોને ખવરાવ્યું છે તો ફરી એને એડવોકેટ થવાનો હુકમ ક્યાંથી મળ્યો ?

નાપાક વસ્તુના પાક થવાના અનેક કારણો છે. નાપાક કપડું ધોએથી પાક થાય છે તેમ દરેક ચમકતી સફાઇવાળી વસ્તુ છરી ચપ્પુ વગેરે લુછી નાખવાથી પણ પાક થાય છે. તેવીજ રીતે ઇસ્તિહાલા એટલે હાલતના બદલાયાથી પણ પાક થાય છે. દાખલા તરીકે શરાબ નાપાક છે પણ તે સરકો થએથી પાક થાય છે. એજ કાયદા પ્રમાણે વીર્ય નાપાક છે પણ તે ઇસ્તિહાલાથી પવિત્ર થાય છે. વીર્યથી જાનવર બંતાં ઘણી તરેહના ઇસ્તિહાલા વચ્ચે આવે છે. વીર્યથી લોહી, લોહીથી માંસનો લોચો ફરી હાડકાં પાસળાં ચામડું વગેરે. તેથી હવે વીર્ય રહ્યું નથી, એક જુદીજ વસ્તુ બની છે, ફરી તેમાં પવિત્ર અને અપવિત્ર એ તરેહની વસ્તુ બની છે. તેને પાક કરવાનો કાયદો ઇસ્લામે જુદા કરવાનો રાખ્યો છે કે તેથી પવિત્ર થનારી વસ્તુ પાક થાય અને અપવિત્ર બહાર પડે.

હાલતના બદલાયાથી (ઇસ્તિહાલાથી) કાયદાનું બદલાવું આ એક એવો કાયદો છે કે જેને હિન્દુ મુસલમાન બંનેએ માન્ય કર્યો છે. દૂધ, લોહી તથા ગોબરમાંથી બને છે. હવે ગોબર અગર જો હિન્દુઓને ત્યાં પવિત્ર છે પણ લોહી તો તેઓને ત્યાં પણ અપવિત્ર છે. છતાં એજ કાયદાને આધારે બંને તેને પાક ગણી વાપરે છે. એટલુંજ નહીં પણ દૂધને હિન્દુઓ પોતાની માનેલી પવિત્ર જગ્યામાં લઈ જાય છે. એવીજ રીતે ચામડું એની મુળ પેદાએશ તેજ વીર્ય છે, અને ફરી લોહી તથા માંસથી છે પણ હિન્દુઓ તેને પવિત્ર ગણી વાપરતા આવ્યા અને વાપરે છે. અને પોતાની પવિત્ર જગ્યાઓમાં ચામડાના વાજીંત્રો નગારાં વગેરે લઇ જાય છે. અને મુસલમાનો ચામડાને અપવિત્ર ગણે છે જેથી તેને પવિત્ર કરવાના કાયદામાંથી એક ચામડું કેળવવુ અને કાયદાસરની જુબહ થઇલી લગાડી પવિત્ર ગણે છે.

ખેતીમાં ખાતર પુરાય છે તેમાં માણસનું મેલુ તથા છાણ બંને વપરાય છે. તેની અસરથી થઇલા અનાજને કે શાક ભાજીને હિન્દુઓ તથા મુસલમાનો બંને પવિત્ર ગણી વાપરે છે, તેનું કારણ તેજ ઉપલો ઇસ્તિહાલાનો કાયદો છે. જો મંછારામ એ

કાયદાનો નકાર કરનાર થશે તો ઘુ, મુત્ર તથા છાણના ખાનાર ગણાશે. એવીજ રીતે વીર્યથી ઉત્પન્ન થતા માંસને સમજો.

મંછારામ—અકબર બાદશાહે ગઉવધની મનાઇ કરી હતી.

જવાબ—અકબર બાદશાહે ગઉવધ અટકાવ્યો એથી સિદ્ધ થાય છે કે અકબર બાદશાહના હુકમ આગળ મુસલમાનોમાં ગઉવધનો રિવાજ હતો. જેથી મનાઇ હુકમ બહાર પાડયો. હવે મનાઈ માટેનો વખત તો અકબરની મનાઇનો વખત છે, અને રિવાજ માટે કોઇ વખત હિંદુઓ બતાવી શકતા નથી તો જરૂર હજરત મોહમ્મદ (સલ)ના વખતથી ગઉવધ ચાલ્યો આવે છે એમ સિદ્ધ થયું. અને બોખારી મુસલિમ વગેરે હદીસની કિતાબોથી એનો ટેકો પણ મળે છે.

વળી અકબર બાદશાહે પાછો તે હુકમ રદ પણ કરેલો એમ છતાં તે હિન્દુઓની છોકરીઓ લેતો હતો તેના બદલામાં જો તેઓની ગઉમાતાને છોડી હોય તો તેથી અમને શું.

કોઈ પણ મુસલમાન બાદશાહને શરીઅતની બાબતમાં હાથ નાખવાનો જરાએ અખત્યાર નથી. શરીઅતના હુકમ ઉપર ચાલવામાં ચલાવવામાં રઇયત અને બાદશાહ સરખા છે. મુસલમાન બાદશાહની તાબેદારી રઇયત ઉપર વાજેબ છે પણ એની એ મતલબ નથી કે તે જેચાહે તે હુકમ કરી શકે છે અને તે સર્વ મુસલમાનોએ માન્ય કરવું જોઇએ. એ વિષેની કુરઆનની આયત ઉપર જરા પણ વિચાર કર્યાથી સાફ જણાય આવશે. કુરઆનમાં છે “ ઓ ઇમાનવાળાઓ અલ્લાહનો હુકમ માનો અને રસૂલુલ્લાહનો હુકમ માનો અને તમારામાંના (મુસલમાન) * હોકુમતવાળાઓનો. ફરી જો કોઇ વિષયમાં તમો આપસમાં મતફેર પડો તો તેને અલ્લાહના તથા રસૂલના તરફ ફેરવો. જો તમો અલ્લાહ તથા આખેરત ઉપર વિશ્વાસ રાખતા હોય તો. આ ઠીક કામ છે અને સારૂં પરિણામ છે.” સૂરા નિસા ૪; ૬૦ આમાં મુસલમાન હાકેમની તાબેદારીનું બયાન છે. પણ એ રીતે બતાવવામાં આવ્યું છે કે તેની તાબેદારી શરીઅત વિરૂદ્ધ બાબતમાં નથી. પહેલી ઇશારાથી છે તે એવી રીતે કે “ તાબેદારી કરો ” નો શબ્દ અલ્લાહ સાથે તથા પેગમ્બર (રસૂલુલ્લહાહ) સાથે લગાડવામાં આવ્યો છે પણ તે હાકેમ સાથે લગાડવામાં આવ્યો નથી. જેમાં ઇશારાથી સમજાવ્યાં કે હાકેમની તાબેદારી તે અસલ તાબેદારી નથી પણ ખોદા તથા રસૂલની તાબેદારીની શાખા છે જે મુળથી વિરૂદ્ધ હોવી નહીં જોઇએ. પણ કોઈ માણસ આ ઇશારાને નહીં સમજે માટે તેવા માણસ માટે ખુલ્લું કહેવાયું કે “ ફરી જો કોઈ વિષયમાં તમો આપસમાં મતફેર પડો તો તેને અલ્લાહની તથા રસુલની તરફ ફેરવો.” અલ્લાહની તરફ એટલે તેની કિતાબ (કુરઆન) તરફ, અને રસૂલની તરફ એટલે તેમની સુંનત (હદીસ) તરફ. અને એ વિષે ભાર મુકાયો. “ જો તમો અલ્લાહ તથા આખેરત (છેલ્લા દિવસ) ઉપર વિશ્વાસ રાખતા હોય તો ” એટલે મુસલમાનને તથા ઇમાનના દાવેદારને આ કાયદા વિરૂદ્ધ ચાલવું કદી યોગ્ય નથી. ફરી છેવટમાં કહેવાયું કે “ આ ઠીક કામ છે અને સારૂં પરિણામ છે ” જ્યારે ખોદા આ કાયદા વિષે ઠીક કામ તથા સારૂં પરિણામ કહે તો ફરી તેથી વિરૂદ્ધ ચાલવું નઠારૂં કામ તથા માઠું પરિણામ હોવુંજ જોઇએ. આથી તમો સમજી શકશો કે અકબર બાદશાહ વગેરે કોઇ પણ બાદશાહને ખોદા તથા પૈગમ્બરના હુકમ વિરૂદ્ધ હુકમ આપવાનો અધીકાર નથી. અને જો તેઓ કોઈ મતલબસર વિરૂદ્ધ કાયદો કાઢે તો તે માઠું પરિણામ છે. તે પર મુસલમાનોને ચાલવું નજ જોઇએ.

હવે હત્યા વિષે આર્યાઓને કંઇક બે બોલ લખવા ચાહું છું. અને જ્યારે માનેલા પુસ્તકોની

* મને સુરતના કેટલાક લેકચરારો ઉપર અફસોસ થાય છે કે તેઓ પોતાના લેકચરોમાં આ આયતને બોલે છે પણ તેનો તરજુમો બયાન કરવામાં “મિન્કુમ” શબ્દ છોડી દે છે જેનો અર્થ તમારામાંને એટલે મુસલમાન થાય છે. પ્રથમ યાહુદીઓ ખોદાના કામમાં એવીજ રીતે કરતા હતા. ગુ. મો

તથા માનેલા પુરૂષના વચનો હોય તો તેને માનનારા માટે બુદ્ધિના પ્રમાણની જરૂરત નથી. માટે અકલી દાખલા લખતો નથી.

દયાનંદ સરસ્વતીનું સત્યાર્થ પ્રકાશ સને ૧૮૭૫ માં બનારસમાં છપાયલાના પૃષ્ટ ૪૫ માં સવાર સાંઝ માંસ વગેરેથી હોમ કરવાનું લખ્યું છે. વળી તેજ પ્રતના પૃષ્ટ ૧૭૧ માં છે “યજ્ઞને માટે જે જાનવરોનું કતલ કરવું છે તે વિધિ પૂવક કતલ કરવું છે (એટલે દુરૂસ્ત છે)” તેજ પ્રતના પૃષ્ટ ૩૦૨ માં છે “જો કોઈ પણ માંસ નહીં ખાય તો પશુ પક્ષી વગેરે જેટલાં છે તેથી હજાર ગણા થાય. ફરી માણસને મારવા લાગે ખેતરમાં અંન નહીં થાય. જેથી સર્વ માણસ મરી જાય.” વળી તેજ પ્રતના પૃષ્ટ ૩૦૩ માં છે “જ્યાં જ્યાં ગોમેધ વગેરે લખ્યા છે ત્યાં ત્યાં પશુઓના નરને મારવું લખ્યું છે. એક બળદથી હજારો ગાય ગર્ભવતી થાય છે તો એથી નુકસાન પણ નથી. અને જે ગાય વાંઝ (વન્ધ્ય) હોય તેને પણ ગોમેધમાં મારવાનું લખ્યું છે” તેજ પ્રતના પૃષ્ટ ૩૫૯ માં છે. પશુઓના મારવામાં જરા દુઃખ થાય છે પણ યજ્ઞના પ્રાણીઓ અને બીજાઓનો ઘણોજ લાભ છે” વળી તેજ પ્રતના પૃષ્ટ ૧૪૯ માં છે કે “માંસના પીન્ડ આપવામાં કશો પાપ નથી.” દયાનંદજીની સંસ્કારવિધી છપાયલું સંમત ૧૯૩૩ ના પૃષ્ટ ૧૧ માં છે “જે શખ્સ ચાહે કે મારો છોકરો પણ્ડિત, દુશ્મનોનો ફતેહ કરનાર સઘળા વેદ વેદાંગનો જાણનાર ભણાવનાર તથા પૂરૂં આયુષ્ય ભોગવનાર થાય તો તે માંસની સાથે ભાત રાંધીને ખાય.”

વળી ઋગવેદ સંહિતા અ૦ ૧ સૂકત ૬૧ ની શ્રુતીમાં આવી રીતે છે “એ ઇંદ્ર વરતરા ઉપર તારો બજ્જર (એક હથિયાર) ચલાવ અને તેના એવા ટુકડે ટુકડા કર જેવી રીતે કસાઈ ગાયના ટુકડે ટુકડા કરે છે.” આ શ્રુતીમાં વરતરાના ટુકડે ટુકડા કરવાને ગાયના ટુકડા કરવા સાથે ઉપમા (તશબીહ) આપી છે. હવે વિચારવાનું છે કે જે લોકો ગાયને માને છે ગાયને પૂજે છે તેઓ ગાયના ટુકડા કરવાનું પોતાની બોલચાલમાં ઉપમા આપવામાં કદી વાપરશે નહીં. એટલુંજ નહીં પણ કોઈ પરધર્મ શખ્સ તેઓની આગળ એવો શબ્દ બોલે તો નારાજ થાય છે. અને કવીની ફરજ છે કે તે પોતાની કવિતામાં એવા શબ્દો વાપરે કે જેના સાંભળવાથી સાંભળનાર અને વિશેષ કરી તેનો માનનાર નારાંજ થાય નહીં. નહીં તો તે વકતો ગણાશે નહીં, તેની વાત ફસાહતમાં મેલાશે નહીં. જ્યારે શ્રુતીથી જણાય છે કે વેદના ચલણના વખતમાં કસાઇઓ હતા. તેઓ ગાયને કાપતા, અને ટુકડે ટુકડા કરતા, અને તે વખતના હિન્દુઓ તેને અજબનું ગણતા નહોતા. તથા તે વાપરતા હતા. આ ખુલ્લું છે નહીં તો કદી એવી ઉપમા વેદમાં અપાતે નહીં. અથર્વ વેદ કા. ૬ વ. ૭૦ મં. ૧ જેવી રીતે માંસ દારૂ જુવામાં વેગવાળા પુરૂષનું સ્ત્રીમાં મન લાગે છે તેવી રીતે ઓ સ્ત્રી તારૂં મન સન્તાનમાં લગાડ.” આમાં સ્ત્રીને પોતાના સન્તાનને પાલવાની આજ્ઞા છે અને તેની સાથે તેણીના મન લાગવાને માંસમાં મન લાગવાની સાથે ઉપમા અપાઇ છે. જો માંસ ખાવાની મનાઈ વેદમાં હોત તો આ ઉપમાં કદી અપાતે નહીં. અથર્વ વેદ આ. ૯ વ. ૬ કા. ૪ મં. ૩૯ ગાયનાં દૂધ અને માંસ એ ઘણાં સ્વાદિષ્ટ છે એને મેમાનની આગળ નહીં ખાય.”

મનુ અધ્યાય ૫ શ્લો. ૩૬ જે પશુઓનું વેદ મંત્રથી સંસ્કાર નહીં થયો તેનું માંસ બ્રાહ્મણ નહીં ખાય પણ સંસ્કાર થયલા જાનવરોનુ માંસ ખાય “ વળી મનુ અ૦ ૫ શ્લો. ૪૪ “આ દુન્યામાં જે વધ વેદના હુકમ પ્રમાણે થાય છે તેને જુલમ કે હત્યા નહીં જાણવી જોઈએ કારણ કે વેદથીજ જુબહ કરવાનું દુરૂસ્ત ઠર્યું છે ” મનુજીના કહેવાથી પણ સિદ્ધ થાય છે કે જુબહ કરવાની આજ્ઞા વેદમાં છે. વળી મનુ અ૦ ૫ શ્લો. ૧૮ સ્વાવિધા શલ્યક. ગોધો નામની ગરોળી, પગડ કાચબો, સસલું એ સવ પાંચ નખવાળા ભક્ષણ કરવાને લાએક છે તેમ ઊંટ

છોડી દઇને તમામ ઝાડવાળાંનુ ભક્ષણ કરવું. " આ શ્લોક પ્રમાણે ગાય, ભેંસ અને ઘોડાનું માંસ ખાવું દુરસ્ત છે. વળી મનુ અ૦ ૩ શ. ૨૬૮, ૨૬૯, ૨૭૦ (શ્રાદ્ધમાં) માછલીના માંસથી બે માસ તૃપ્ત (સંતુષ્ટ) રહે છે. હરણના માંસથી ત્રણ માસ મેંઢાના માંસથી પાંચ માસ; અને દ્વિજ તીથી ખવાય શકે એવા પક્ષીના માંસથી પાંચ માસ, સુધી પિતૃઓ તૃપ્ત રહે છે; વાછરડાના માંસથી છ માસ સુધી તૃપ્ત રહે છે. ચિત્ર મૃગના માંસથી સાત માસ સુધી, એણ નામના હરણના માંસથી આઠ માસ સુધી; અને રૂ રૂ નામના મૃગથી નવ માસ તૃપ્ત રહે છે. ભુંડ અને ભેંસના માંસથી દશ માસ સુધી તૃપ્ત રહે છે. અને સસલા તથા કાચબાના માંસથી અગિયાર માસ " વળી મનુ અ૦ ૩ શ્લોક ૩ માં વેદ ભણી પ્રસિદ્ધ થઈ માલા પેહેરી ગાદીએ બેસનાર માટે છે કે તેનો બાપ અથવા આચાર્ય એક ગાય મારી તેના લોહીથી મધુપર્ક બનાવી તેની પૂજા કરે. વળી મનુ અ૦ ૫ શ્લો. ૨૮ બ્રહ્માજીએ કહ્યું છે કે ચલિત અને અચલિત વસ્તુઓ જે આ દુન્યામાં છે તે સઘળા આત્માનો ખોરાક છે. એ વગર મનુમાં ઘણા દાખલા છે.

બ્રહદારંક ઉપનેશદ જે દયાનંદજીનું માનેલુ છે તેના અ. ૮ બ્ર૦ ૪ મં૦ ૧૭ " જે કોઈ ઇચ્છે કે મારો પુત્ર પણ્ડિત સત્યાસત્ય વિવેકી શત્રુઓને જીતનાર, પોતે નહીં હારનાર. યુધ્ધમાં ગમન, હર્ષ તથા નિર્ભયતા કરનાર, સંક્ષીત વાણીનો બોલનાર, સઘળા વેદ વેદાંગ વિદ્યાનો ભણનાર ભણાવનાર, સર્વ આયુષ્યનો ભોગવનાર થાય તો તે માંસનો પુલાવ બનાવી (ચોખા માંસમાં રાંધી) ને ખાએ તો એવા પુત્ર થવાનો સમ્ભવ છે. " આજ મંત્ર શતપથ બ્રાહ્મણના ૧૪ માં કાન્ડમાં પણ છે.

અક્ષ સુત્રમાં પણ માંસ ખાવાની વિધિ છે. આયુર્વેદમાં માંસ ખાવાના ઘણા પ્રમાણ છે. મહાભારતમાં માંસ ખાવાના ઘણા દાખલા છે. જે માણસ "માંસ ઔર આર્યાસમાજ" પણ્ડિત રાધાકૃષ્ણ મેહતા રચિત જોશે તેને ખાત્રી થશે. માટે હુ વધુ નહીં લખતાં તેને વાંચવાની ભલામણ કરૂં છુ પણ આ સઘલા દાખલા ઇનિસાફથી વાંચનારને લાભ આપશે. પણ પંડિત શીવપ્રસાદ શરમા આર્યા મેરઠવાળા કહે છે "જો ચતુર્મા બ્રહ્માજી પણ કહે કે વેદમાં માંસ ખાવાનું છે તોપણ હું કદી માનીશ નહીં," (માંસ અને આર્ય સમાજ પૃષ્ટ ૬) એવા માણસને તો કદી લાભ થશે નહીં. ગુરૂ નાનક સાહેબે "ગ્રંથ સાહેબ" માં માંસ ખાવા વિષે ઘણી સારી રીતે સમજુતા આપી છે તેની એક શેઅર અત્રે લખવી મોનાસેબ લાગે છે.

કવિતા.

હાડ માંસ મેં દુત્ર બસત હૈ, જહાં મેલે ઘન ખાત્રે;
ઇહિ દેખા પંડિતકી ક્રિયા, માંસ દેખ ઘન આવે.

હવે હું કલ્પિત કેસ લખી આ ઝઘડાને ખતમ કરૂં છું. આ કેસ કલ્પિત છે એમાં દયાનંદ સરસ્વતી તથા મનુ મહારાજ વગર બીજા લોકોના નામો કલ્પિત લખ્યાં છે. ભોગજોગે જો કોઇનું નામ આ કેસમાં લખેલા માણસોના નામ સાથે મળતું આવે તો તે એમ નહીં સમજે કે હું તે શખ્સ છું.

ફોજદારી કેસ ના. ૧૦૧ તા. ૧૦મી જુન ૧૯૦૯.

ફરયાદી દયારામ ઘેલાભાઈ.

વિરૂદ્ધ

અબ્દુલ્લાહ રહીમભાઈ.

દાવા અરજી

ગરીબ પરવર સલામત હું નીચે સહી કરનાર દયારામ ઘેલાભાઇની નમ્રતા પુર્વક અરજ એ છે કે મુસલમાનો પશુ હત્યા કરે છે અને તેથી મુંગા પ્રાણીઓપર ઘણો જુલમ થાય છે અને એ કામ ઘોર ગુનાહનું છે, એથી મારૂં દિલ ઘણુંજ દઝે છે. એ બાબતની વાત સાંભળી મારૂં અંતઃકરણ ધ્રુજે છે તથા અમારા શાસ્ત્ર વિરૂદ્ધ છે માટે આપ મારાપર દયા કરી એ લોકોના આગેવાન અબદુલ્લાહ રહીમભાઈ જે એ કામમાં લોકોને ઉશ્કેરે છે તથા અમારા શાસ્ત્રોના ખોટા ખોટા દાખલા દઈ ભાષણો કરે છે તેને બોલાવી એ કા-

મની તપાસ કરી મને દાદ આપો અને એ કામનો મનાઇ હુકમ કાઢો. હું આપના હકમાં દુવા કરીશ.

તા. ૨૦–૫–૦૯.

સાક્ષીઓના નામો.

લલ્લુભાઇ ઘેલાભાઇ.

ચુનીલાલ મોતીલાલ.

ગુલાબદાસ ફીલાભાઇ.

નારોતમ ક્રિપારામ.

અરજદાર.

દયારામ ઘેલાભાઇ (નવો આર્યો.)

ફરીયાદીએ પોતાની અરજીમાં લખેલી હકીકત કસમ ઉપર માજીસ્ટ્રેટની કોર્ટમાં પોતાની જબાનીમાં બયાન કરી અને તેમાં વધુ એમ પણ જણાવ્યું કે હું શાસ્ત્ર સારી રીતે જાણું છું.

ઉલટ તપાસ.

વકીલ તમો આર્યો કયારથી થયા ? **જવાબ** બે વર્ષથી. **વકીલ** તમે પ્રથમ કયો ધર્મ પાળતા હતા ? **જવાબ** વિષ્ણુ. **વકીલ** પ્રથમ તમો મુર્તિ પૂજતા હતા ? **જવાબ** હા. **વકીલ** તે કામ પાપનું છે ? **જવાબ** હા. **વકીલ** આર્યો થવાથી તમારી પ્રથમ કરેલી મુર્તિ પૂજાનો પાપ માફ થયો ? **જવાબ** નહીં. ખોદા પાપ માફ કરી શકતો નથી પાપ માફ કર્યાથી તે અન્યાયી ઠરે છે (સત્યાર્થ પૃ. ૫૦૨ વગેરે.) **વકીલ** તો એનો બદલો, તમને કંઈ મળશે ? **જવાબ** બીજા અવતારમાં કુતરું, બીલાડું કે ભૂંડ થવું પડવાનું. **વકીલ** તમો પ્રથમ કયાં રહેતા હતા ? **જવાબ** મોરા સુંવાલીમાં. **વકીલ** તમે ત્યાંથી સુરતમાં કેમ આવ્યા ? **જવાબ** એક ખાસ ગરજ માટે. **વકીલ** તમે ત્યાં ભૂખે મરતા હતા, રોજગાર નહીં ચાલતો તેથી આવ્યા છો ? **જવાબ** નહીં. ત્યાં તો હું ઘણું પેદા કરતો હતો. હજુ સુરતમાં દુ:ખ છે. પણ મારી બીજી મતલબ છે. **વકીલ** તે કયી મતલબ છે તે કહો ? **જવાબ** હું રંડાયલો છું અને ત્યાં કોઇ આર્યો નથી. **વકીલ** તો શું તમો બીજા વિવાહ કરવા આવ્યા છો ? **જવાબ** નહીં, જેમ વિધવા બીજો પુરૂષ કરી નહીં શકતી તેમ રંડાયલો પુનર્વિવાહ કરી શકતો નથી. (સત્યાર્થ પૃષ્ટ ૧૦૭) * **વકીલ** તો તમો શા માટે આવ્યા છો ? **જવાબ** દશ સ્ત્રી સાથે નિયોગની ઇચ્છાએ આવ્યો છું. દશ સ્ત્રી સાથે રંડાયલો નિયોગ કરી શકે છે. એવી મહાઋષી દયાનંદજીની આજ્ઞા છે. (ઋગ્વેદાદિ પૃષ્ટ ૧૭૨) † **કોર્ટ** નિયોગ એટલે શું તે હું સમજ્યો નથી. **ફરીયાદી** સાહેબ રંડાયલો માણસ બીજાની સ્ત્રી સાથે કે વિધવા સાથે સમ્ભોગ કરી દશ છોકરાં મેળવે તે. **કોર્ટ** (**હસીને**) આ તો દયાનંદજીએ ઘણું વિચિત્ર લખ્યું છે. રંડાયલાને તો વિવાહથી એક સ્ત્રી મળવાની જગ્યાએ દશ મળી. **વકીલ** મનુ અ. ૯ શ્લો. ૬૦ થી તો એક બાળક માટે નિયોગની છુટ છે. તો દશ છોકરાં કયાંથી થયાં ? **જવાબ** મનુજીને વેદમાંથી એક છોકરૂં મેળવવાનું સુજ્યું. પણ મહાઋષી દયાનંદજી મનુજીથી વિદ્યામાં દશગણા હતા જેથી તેમને દશ બાળક મેળવવાની આજ્ઞા મળી. (સત્યાર્થ પૃષ્ટ ૧૦૫)‡ **વકીલ** મનુ અ૦ ૫ વગે

---

* તે ઇબારત આવી રીતે છે "પૂર્વે અમે લખ્યું છે કે દ્વિજોમાં સ્ત્રી પુરૂષનો એકજ વાર વિવાહ થવો વેદાદિ શાસ્ત્રોમાં લખ્યો છે. દ્વિતીય વાર નહીં (સત્યાર્થ પ્રકાશ પૃષ્ટ ૧૦૭ લી. ૧, ૨) દયાનંદની આ એક એવી વિચિત્ર આજ્ઞા છે જે પર કોઇ આર્ય અમલ કરતો નથી તેઓ બીજા વિવાહ કરે છે. એટલુંજ નહીં પણ વિધવાઓના પુનર્લગ્ન માટે પણ કેટલાક કોશીશ કરે છે. ગુ. મો.

† તે ઈબારત આવી રીતે છે "હે સ્ત્રી ! તું વિવાહી પતિથી લઈને અગિયાર પતિ પર્યંત નિયોગ કર. અર્થાત કદાપિ આપતકાલ પ્રાપ્ત થાય તો એક એકના અભાવે સાથ સંતાનોત્પત્તિને માટેજ દશ પુરૂષ સુધીજ નિયોગ કરવો. એજ પ્રમાણે પુરૂષ પણ વિવાહિતા સ્ત્રીના મૃત્યુ પછી સંતાનના અભાવે એક એકના અભાવે દશ વિધવા સુધી નિયોગ કરે" ઋગ્વેદાદિ ભાષ્ય ભુમિકા પૃષ્ટ ૧૭૨, ૧૭૩ ગુ. મો.

‡ તે ઈબારત આવી રીતે છે. "એમ એક વિધવા સ્ત્રી બે પોતા માટે અને બે બે અન્ય ચાર નિયુક્ત પુરૂષો માટે સન્તાન કરી શકે. અને એક મૃતસ્ત્રીક પુરૂષ પણ બે પોતા માટે અને બે બે અન્ય અન્ય ચાર વિધવાઓ માટે પુત્ર ઉત્પન્ન કરી શકે છે. એવી રીતે મળી દસ સન્તાનોત્પત્તિની આજ્ઞા વેદમાં છે. સત્યાર્થ પૃષ્ટ ૧૦૫ લી ૬-૭ ગુ. મો.

રેમાં પશુ હત્યા, માંસ ખાવાનો હુકમ છે કે નહીં? **જવાબ** હા. છે. પણ તેમાં પાછળથી કોઇએ તે શ્લોક દાખલ કર્યા છે. તેથી હું માનું નહીં.

(૧) સાક્ષી લલ્લુભાઈ ઘેલાભાઈની ઝબાની.

ફરયાદીના વકીલની તપાસમાં.

મારૂં નામ લલ્લુભાઈ બાપનું નામ ઘેલાભાઇ રહેવાસી બીલીમોરાનો હાલ સુરતનો. કસમ ઉપર જણાવું છું કે હું ઈંગ્રેજી ગુજરાતી જાણું છું. મને ધર્મ સંબંધી પુસ્તકો વાંચવાનો શોખ છે. હું આર્ય સમાજમાં દાખલ છું જેથી મને ધર્મ સંબંધી વાતચીત કરવાનો પણ શોખ છે. અમારા ધર્મમાં પશુ વધ કરવાનું કે માંસાહાર નથી જેથી કોઇ શખ્સ અમારા ધર્મને નામે કહે કે એઓના ધર્મમાં પશુવધ છે તો તેથી અમારૂં દિલ દુઃખે. પ્રતીવાદી અબ્દુલ્લાહ રહીમભાઈ તેવા ભાષણો કરે છે તથા મુસલમાનોને વધ કરવા વિષે ઉત્તેજન આપે છે.

ઉલટ તપાસ

વકીલ તમે પ્રથમ કયા માર્ગમાં હતા? **જવાબ** વિષ્ણુ? **વકીલ** તમો તે વેળા મુર્તિ પૂજતા હતા? **જવાબ** હા. વકીલ એ પાપ માટે તમે ખોદા પાસે માફી માંગી છે? **જવાબ** ખોદા ન્યાયકાર છે તે સજા આપવા વગર ગુન્હેગારને છોડનાર નથી. **વકીલ** તો તમને પણ તેની કંઈ સજા મળશે? **જવાબ** હા પુનર્જન્મમાં કુતરૂં ભૂંડ કંઈ બનવું પડશે. **વકીલ** તમે જ્યોર્જ સેલનો કુરઆનનો તરજુમો જોયો છે? **જવાબ** હા. **વકીલ** તેમાં પશુહિંસા માંસાહારે વિષે વાંચ્યું છે? **જવાબ** હા તેના ચાપ્ટર કાઉ ચાપટર ટેબલ ચાપટર કેટલ વગેરેમાં પશુહત્યા તથા માંસાહાર લખ્યાં છે. **વકીલ** તમે બીલીમોરાથી અતરે કેમ આવ્યા છો? **જવાબ** હું નહીં કહે તો. **કોર્ટ** તમારે કહેવું પડશે આ કોર્ટ છે એમ અહીં ચાલે નહીં. **સાક્ષી** તો ઠીક મારી બાયડી ગર્ભવતી થઇ તેથી અતરે આવ્યો છું. **વકીલ** શું તેનો ઈલાજ કરાવવા આવ્યા છો? **જવાબ** નહીં. પણ દયાનંદજીએ કહ્યું છે કે સ્ત્રી ગર્ભવતી થયા પછી તેની પાસે એક વર્ષ સુધી નહીં જાય (સત્યાર્થ પૃષ્ટ ૮૫) † અને એટલા અરસામાં જો નહીં રહી શકાય તો નિયોગ કરે (સત્યાર્થ પૃષ્ટ ૧૧૨)* માટે સુરતનો કોઇ આર્યો મારાપર દયા કરી કોઇ આર્યથી નિયોગ કરાવી દે તે માટે આવ્યો છું. **વકીલ** તો તમારૂં કામ થયું? **જવાબ** છે તો ઘણી સ્ત્રીઓ અને રાજી પણ દેખાય છે, પણ શરમાય છે, **વકીલ** તમે મહાભારત, મનુ સ્મૃત્તિ, ગ્રહ સુત્ર વાંચ્યાં છે? **જવાબ** હા. **વકીલ** તેમાં માંસ ખાવાનું છે? **જવાબ** હા છે. ફરીયાદીના વકીલનો સુધારો. તમો તેમ માનો છો? **જવાબ** પણ હું તેને માનું નહીં કારણ કે દયાનંદજી માંસ ખાવાની મનાઈ કરે છે.

(૨) સાક્ષી ચુનીલાલ મોતીલાલ

ફરીયાદીના વકીલની તપાસમાં.

મારૂં નામ ચુનીલાલ બાપનું નામ મોતીલાલ રહેવાસી ચીખલીના પણ હાલ સુરતના. ધર્મે આર્ય સમાજ કસમ ઉપર જણાવું છું કે હું માત્ર ગુજરાતી જાણું છું ધર્મ સંબંધી લોકોના વ્યાખ્યાન સાંભળવાનો શોખ રાખું છું. પ્રતિવાદી ચુરત કિલ્લા આગળ ગયા શનીવારે ભાષણ કરતો હતો. ગઉરક્ષા વિરૂદ્ધ ભાષણ કરતો અને કહેતો હતો કે લોકો તમો માંસ ખાઓ એ ઘણું પુષ્ટીકારક છે. હિન્દુ ધર્મમાં પણ માંસ ખાવાનું છે વગેરે વગેરે જેથી હમારી લાગણી ઘણી દુખાઇ.

ઉલટ તપાસ.

વકીલ તમે આર્યા સમાજી થયાને કેટલી મુદ્દત થઈ? **જવાબ** બે વર્ષ. **વકીલ** તમે પ્રથમ

---

† તે ઈબારત આવી રીતે છે. "જ્યારે મહિના ભરમાં રજસ્વલા (હેજ) ન થવાથી ગર્ભસ્થિતિનો નિશ્ચય થઇ જાય ત્યારથી એક વર્ષ પર્યન્ત સ્ત્રી પુરૂષનો સમાગમ (જીમા) કદી થવો ન જોઈએ સત્ય. પૃષ્ટ ૮૫ લી. ૬-૯ ગુ. મો.

* તે ઇબારત આવી રીતે છે. "અને ગર્ભવતી સ્ત્રી સાથે એક વર્ષ સમાગમ ન કરવાના સમયમાં પુરૂષથી દીર્ઘરોગી પુરૂષના સ્ત્રીથી ન રહેવાય તો કોઇ સાથે નિયોગ કરીને તેને માટે પુત્રોત્પત્તિ કરી આપે." સત્ય. પૃષ્ટ ૧૧૨ લી. ૧-૩ ગુ. મો.

મુર્તિ પુજતા હતા ? **જવાબ** હા. **વકીલ** તમે આ પાપ માફ કરાવવાની કંઈ તદબીર કરી છે ? **જવાબ** ઇશ્વર ન્યાયકાર છે તે મારી બખ્શી શકતો નથી તો શું તદબીર કરૂં ? **વકીલ** તમો હોમ રોજ કરો છો ? **જવાબ** નહીં; કારણ કે દયાનંદજીના લખ્યા પ્રમાણે હોમમાં "દરરોજ" આના ચાર ઓછામાં ઓછા ખરચ થાય એ બનવું મુશકેલ છે. **વકીલ** એ પાપ માટે તુમને કંઈ ભોગવવું પડશે ? **જવાબ** એ પાપને બદલે કુતરાં બીલાડાનો અવતાર લેવો પડવાનો. **વકીલ** તમો ચોખલીથી સુરતમાં રહેવા માટે આવ્યા છો ? **જવાબ** નહીં માત્ર એક કામ માટે આવ્યો છું. **વકીલ** શુ કામે આવ્યા છો ? **જવાબ** મારો મીજાજ કદીકદી ઘણો ગરમ થાય છે અને તેથી હું મારી સ્ત્રીને ઢોલ ધપ્પો કરૂં છું તેથી તે રીસાઇને સુરત આવી છે તેને લેવા આવ્યો છું. **વકીલ** તે આવવા રાજી થઇ ? **જવાબ** નહીં; કારણ કે તેનો વિચાર છે કે સત્યાર્થ પૃષ્ટ ૧૧૧ લી૦ ૧,૩નોઇ§ લાભ લઈ નિયોગ કરી તે સંતાન મારે માથે નાખે અને તે મારા માલના વારીસ થાય. **વકીલ** તમો વૈદક જાણો છો ? **જવાબ** હા. **વકીલ** તમો આયુર્વેદ જાણો છો ? **જવાબ** હા. **વકીલ** તેમાં માંસાહાર વિષે લખ્યું છે ? **જવાબ** હા. આયુર્વેદ અ૦ ૪૬ સુત્ર અસ્તયાન મં. ૪૩, ૪૮, ૬૦ માં માંસ ખાવાના ફાયદા બયાન થયા છે. વળી આયુર્વેદ અ. ૩ શરીરસ્થાન વેગેરેમાં પણ છે. **વકીલ** બીજા પુસ્તકમાં પણ તમે વાંચ્યું છે ? **જવાબ** હા. મહાભારત સભા પર્વ અ૦ ૪ શ્લો. ૨, ૩ વગેરેમાં છે. **વકીલ** એ વગર બીજા પુસ્તકોમાં છે ? **જવાબ** હશે પણ હાલ મને યાદ નથી. ફરયાદીના વકીલનો સુધારો. આ પુસ્તકોમાં લખેલું છે પણ તમો તેને માનો છો ? **જવાબ** હું તેને માનતો નથી કારણ કે દયાનંદજી હિંસાની મનાઇ કરે છે.

(૩) સાક્ષી ગુલાબદાસ કીસાભાઈ.

મારૂ નામ ગુલાબદાસ બાપનું નામ **કીસા-**ભાઈ રહેવાસી અંકલેશ્વરનો પણ હાલ સુરતનો **ધર્મ** આર્ય સમાજી. કસમ ઉપર જણાવીશ હું કે **મને** વેદની શ્રુતીઓ સાંભળવાનો ઘણો **શોખ છે.** ગુજરાતી તથા ઇંગ્રેજી હું જાણું છું. એ **ભાષામાં** ધર્મ સંબંધી પુસ્તકો મારાં વાંચેલાં છે. **પ્રતિ-**વાદી માંસાહાર વિષે તથા પશુ હિંસા વિષે **અને** વિશેષ કરી ગઉહત્યા વિષે ભાષણો કરે છે તે **સાં-**ભળી મારૂં દિલ ઘણું દુખાયું હતું.

ફિલટ તપાસ.

વકીલ તમને આર્યા સમાજી થયાને **કેટલો** વખત થયો ? **જવાબ** પાંચ વર્ષ. **વકીલ** તે પેહેલાં તમો મુર્તિ પુજા કરતા **હતા ?** **જવાબ** હા. **વકીલ** એ વગર બીજાં પણ **તમારે**થી પાપ થયાં હશે ? **જવાબ** થયાં હશે. **વકીલ** એની માફી મેળવવા શો ઉપાઈ કર્યો ? **જવાબ** કોઈ ઉપાઇ થઇ શકતો નથી. ખોદા માફ **કરી** શકતો નથી. **વકીલ** કેમ ઇશ્વર દયાલુ **નથી શું ?** **જવાબ** તે દયાલુ છે પણ તેના અર્થ લોક **સમ-**જે છે તેમ નથી. પાપીને સજા કરવી એજ **દયા** છે. (સત્યાર્થ પૃષ્ટ ૧૭૧) માટે કુતરાં **બીલાડાંનો** અવતાર લેવો પડશે. **વકીલ** તમો **અંકલેશ્વરથી** સુરત શા માટે આવ્યા ? **જવાબ** એ વિષે **ઘણો** લાંબો કિસ્સો છે તમે નહીં પૂછો. **વકીલ તમારે** કહેવું પડશે. **કોરટ** (વકીલને) ટમો **વળી [illegible]** નિયોગ વિષે સવાલ કરી કોરટનો વખટ **ખોશો.** **વકીલ** સાહેબ એમના કિસ્સાથી મારા **અસીલની** લાભની વાત નીકળે એવી મને આશા છે. **કોરટ**

---

§ તે ઇબારત આવી રીતે છે. "તેમજ જો પુરૂષ અત્યંત દુખ દાયક હોય તો સ્ત્રીને ઉચીત છે કે તેને ત્યાગીને અન્ય પુરૂષ સાથે નિયોગ કરી સંતાનોત્પત્તિ કરીને તેજ વિવાહીત પતિનો દાય ભાગી સંતાન કરી લે. ઇત્યાદી પ્રમાણો અને યુ-ક્તિઓથી સ્વયંવર વિવાહ અને નિયોગથી પોત પોતાના કુળની ઉન્નતિ કરે." સત્ય. પૃષ્ટ ૧૧૧ લી ૧-૩ ગુ. મો.

ટો ચાલવા ડો. **વકીલ** કહો તે શી બાબત છે? **જવાબ** હું બીમારને બીમાર રહેતો હતો જેથી મને કંઇ સંતાન થયું નહોતું, તેથી મેં મારી બાયડીને કહ્યું કે તું નિયોગ કરી સંતાન મેળવ. (સત્યાર્થ પૃષ્ટ ૧૧૦)* તે મશ્કરી સમજી મને કહેવા લાગી તમો એવું શું બોલો છો. મેં કહ્યું હું ઠીક કહું છું. તું કોઈ વીર્યદાન કરનાર પાસે જા. તેણીએ કહ્યું જાઓ તમોજ ઢુંઢી લાવો. મેં કહ્યું કે ફલાણો મારો મિત્ર તે ઉંચ વરણનો છે તેને હું લાઉં છું. તે ઉપરથી તે મારાપર ગુસ્સે થઈ કહેવા લાગી જા ભડવા હું એવું કામ કરીશ નહીં. એમ કહી તે ચાલતી થઇ. લોકોએ તેણીને ઘણીએ સમજાવી પણ તે આવતી નથી. પંડિતોએ કહ્યું કે નિયોગ કરી દશ બચ્ચા મેળવવા એ દયાનંદજીની ખાસ શીખામણ છે. પણ તે કહે છે કે હું મારી લાજ સંભાળવામાં દયાનંદજીને કે બીજા કોઇને માનુ નહીં. આખર કોટ કચેરી થઈ, પણ ઘર નહીંજ થયું. હવે હું તંદરસ્ત થયો છતાં તે આવતી નથી. સુરતના આર્યાઓની સ્ત્રીઓ કે બીજે કયેની નિયોગમાં આવે તેવી ઘણી એ છે, પણ મારૂં અંતઃકરણ એ કામને હવે ના પાડે છે. હવે હું એક મુશકલીમાં છું. દયાનંદજી લખે છે દ્વિજોમાં સ્ત્રી પુરૂષોના એકજ વાર વિવાહ થવો જોઇએ (સત્ય. પૃ. ૧૦૭) પણ મનુ અ० ૫ શ્લો. ૧૬૮માં બીજા વિવાહ કરવાની આજ્ઞા છે. બ્રહદારંક ઉપનેશદમાં છે કે મહા ઋષી યજ્ઞ વલ્કયની બે સ્ત્રી હતી. શ્રી કૃષ્ણજીની આઠ સ્ત્રી હતી. રાજા દસરથજીની ત્રણ રાણીઓ હતી. અને હું બીજા વિવાહ કરવા ઇચ્છું છું જેથી સુરતના આર્યાઓ સાથે શાસ્ત્રાર્થ કરવા આવ્યો છું. મને તો દયાનંદજીનો નિયોગ ખોટો લાગે છે તેમ એક પુરૂષ બીજી સ્ત્રી નહીં કરી શકે એ પણ ગપોડો લાગે છે. **વકીલ** તમે વેદ વાંચ્યા છે? **જવાબ** નહીં. કારણ કે ગુજરાતીમાં નથી. **વકીલ** ગુજરાતીમાં તરજુમો કેમ નથી કરતા? **જવાબ** આર્ય સમાજના ત્રીજા નિયમમાં વેદ ફેલાવવાની ઘણી તાકીદ છે છતાં ગુજરાતીમાં આર્યાઓ તરજુમો કરતા નથી. મુંબઈની મંડલીને ઘણીવાર મેં અરજી કરી પણ કોઈ સાંભળતું નથી. મને લાગે છે કે તેઓ મુસલમાનોથી ડરે છે. **વકીલ** તમારા ધર્મના પુસ્તકોમાં હિંસા માંસાહાર લખેલું છે? **જવાબ** ઘણી જગ્યા લખ્યું છે. પારસ્કાર ગ્રહસુત્ર કાન્ડ ૧ કાન્ડકા ૧૯ના મંત્ર ૭–૧૨ માં માંસ ખાવાની વિધિ છે. સાંખયાન ગ્રહસુત્ર અ. ૬ ખં. ૧ સૂ. ૭ તથા અશ્વલાયન ગ્રહસુત્ર અ० ૧ કાન્ડકા ૨૪ સૂ. ૩૩માં ઘણી તાકીદ કરી માંસ ખાવાનું લખેલું છે. તેમ સને ૧૯૦૯માં ભરૂચ શેહેરમાં આર્યાઓ તથા સનાતનીઓ વચ્ચે શાસ્ત્રાર્થ થયો હતો તેમાં આર્યાઓએ એકરાર કર્યો હતો કે બ્રહદારંકમાં માંસ ખાવાનું છે. ફરયાદીના વકીલનો સુધારો. તમો એ વાત માનો છે? **જવાબ** એ પુસ્તકોમાં છે એમ હું જાણું છું પણ કોઇ બ્રાહ્મણને જાહેર ખાતાં હું જોતો નથી જેથી હું માનતો નથી.

(૪) સાક્ષી નૌરોતમ ક્રિપારામ.

ફરયાદીના વકીલની તપાસમાં.

મારૂં નામ નૌરોતમ બાપનું નામ ક્રિપારામ રહેવાસી ઓલપાડનો પણ હાલ સુરતનો ધર્મ આર્યા સમાજ. કસમ ઉપર જણાવું છું કે હું ઉર્દુ તથા ગુજરાતી જાણું છું. પ્રતિવાદીને હું ઓળખું છું તે કદી કદી ઓલપાડમાં આવી લેકચર આપે છે તેમાં ઘણું કરીને એના લેકચરો ગઉરક્ષા વિરૂદ્ધ હોય છે. અમારા શાસ્ત્રોના નામ લઇ હિન્દુઓને પશુ વધનો ઉપદેશ કરે છે, જેથી

---

* એ ઇબારત આવી રીતે છે. "જ્યારે પતિ સંતાનોત્પત્તિમાં અસમર્થ હોય ત્યારે પોતાની સ્ત્રીને આજ્ઞા આપે કે હે સુભગે સૌભાગ્યની ઇચ્છા કરનાર. તું મારા થકી બીજા પતિની ઇચ્છા કર કેમકે હવે મારાથી સન્તાનોત્પત્તિની આશા ન કર ત્યારે સ્ત્રી બીજા સાથે નિયોગ કરીને સન્તાનોત્પત્તિ કરે સત્ય. ૧૧૦ લી० ૮–૧૦ ગુ૦ મો०

મારી લાગણી તથા બીજા હિન્દુઓની લાગણી ઘણી દુઃખાય છે.

ઉલટ તપાસ.

વકીલ તમો જાતે કણબી છો ? **જવાબ** હા. **વકીલ** ખેતી કરતાં જીવજંતુ મરે છે ? **જવાબ** સેંકડો મરે છે. **વકીલ** બળદને હળ ખેંચતાં કંઇ દુઃખ થાય છે ? **જવાબ** ઘણુંએ દુઃખ થાય છે પણ કરીએ કેમ. સાંઝે પડતાં તદન થાકી જાય છે. **વકીલ** તમે પરાણીએ બળદને ગોદા મારો છો ? **જવાબ** એ વગર ચાલે નહીં જેથી મારવા પડે છે. **વકીલ** વધ કરવામાં દુઃખ વધારે કે આ કામ લેવામાં ? **જવાબ** હું કહીશ નહીં. **વકીલ** નહી, કહેવું પડશે. **જવાબ** હળ ફેરવવામાં ઘણું દુઃખ. વધ કરવામાં ૪, ૫ મિનિટનું દુઃખ અને આમાં આખી જીન્દગીનું દુઃખ. **વકીલ** તમો મુર્તિ પૂજતા હતા ? **જવાબ** પ્રથમ પૂજતો હતો. **વકીલ** એ પાપની માફી માટે તમે શું કર્યું ? **જવાબ** પ્રાજાપત્ય વ્રત પાળીઓ (રોજો રાખ્યો) અને ગોમુત્ર પીધું એટલે પાપ માફ થયો. (મનુસ્મૃત્તિ અ૦ ૧૧ શ્લો. ૯-૧૦) **વકીલ** દયાનંદ તથા આર્યાઓ કહે છે કે ખોદા પાપ માફ કરી શકતો નથી. અને તમે કેમ પાપ માફ થવાને માનો છો ? **જવાબ** દયાનંદની માનેલી મનુ સ્મૃત્તિના આધારને દયાનંદના મત કરતાં શ્રેષ્ઠ ગણું છું. **વકીલ** બીજો કોઇ આર્ય તમારા મતની સાથે મળતો છે ? **જવાબ** મેરઠનીવાસી તુલસી રામ સ્વામી પણ પાપ માફ થવાને માને છે* કારણ કે મજકુર શ્લોકો તેમણે મોટા અક્ષરમાં લખ્યા છે **વકીલ** તમે કુરાન વાંચ્યું છે ? **જવાબ** હા. **વકીલ** તેમાં પશુ વધ, માંસાહારનું વર્ણન છે ? **જવાબ** મેં ઉર્દુ કુરઆનનો તરજુમો તથા ગુજરાતી કેટલાક તરજુમામાંથી કેટલુંક વાંચ્યું છે તેમાં ગાય કાપવાનું તો બીજાજ અધ્યાયમાં છે. **વકીલ** કેટલાક આર્યા કહે છે કે કુરઆનમાં પશુ વધ નથી. **જવાબ** તેઓ ખોટું કહે છે. જો તેઓ દયાનંદ જીના સત્યાર્થ પ્રકાશના ૧૪માં સમુલ્લાસને વાંચતે તો તેમની ખાત્રી થતે કે કુરઆનમાં પશુ વધ છે ? **વકીલ** તમે રામાયણ તથા મહાભારત વાંચ્યાં છે ? **જવાબ** હા. **વકીલ** તેમાં માંસ ખાવાનું છે ? **જવાબ** હા છે. **વકીલ** તમે ઓલપાડથી સુરત શા કામે આવ્યા છો? **જવાબ** મારી સ્ત્રી ગર્ભવતિ હતી તેથી હું તેની પાસે જઈ શકું નહીં (સત્યાર્થ પૃ. ૮૫) જેથી મેં ૯ સ્ત્રી સાથે નિયોગ કર્યો. (સત્ય. પૃ. ૧૧૬) થોડી મુદત પછી એટલે એક વર્ષમાં દશ સ્ત્રીઓ દશ બાળક જન્મીયો. હવે હું વિચારમાં છું કે મારી બાકી ઉમર કવી રીતે કાપીશ. કારણ કે માણસને દશ બાળકથી વધુ સંતાન ઉત્પન્ન કરવાની મનાઇ છે. (ઋગ્વેદાદિ ભાષ્ય ભૂમિકા પૃ. ૧૭૨) એ વિષે સુરત આવી અર્યાઓથી ખુલાસો માંગું છું. મેં કહ્યું કે આર્યાઓમાં ઘણાઓની સંતાન દશથી વધુ થઈ છે. મહા ભારતમાં છે કે ધૃતરાષ્ટ રાજાના સો છોકરા હતા. વગેરે વગેરે પણ એનો ખુલાસો હજુ મને મળ્યો નથી. વળી મારી સ્ત્રી કહે છે કે આપને કામની હું રહી નથી, માટે હું નિયોગ કરીશ. પણ હવે મારૂં અંતઃકરણ નિયોગ કરવા દેવાને રાજી નથી તેથી તે સુરતના આર્યા વિદ્વાનો પાસે ફરયાદ લાવી છે. મેં તેઓને કહ્યું કે એ જુઠું કામ હું કરવા દઇશ નહીં. કારણ કે મનુ સ્મૃત્તિ આ. ૯ શ્લોક. ૬૦થી જણાય છે કે માત્ર એકજ બાળક માટે નિયોગ કરવાનું છે. વળી મનુ અ. ૯ શ્લો. ૬૬માં નિયોગને હેવાનીયતનું કામ તથા નિન્દા યુકત ફરમાવ્યું છે. વળી આ. ૯ શ્લો. ૬૮માં નિયોગ વિષે છે કે સાધુ લોકો એની નિન્દા કરે છે. વળી પરાશર ઋષી પોતાની સ્મૃતિમાં

* તુલસીરામ સ્વામીએ મનુ સ્મૃત્તિના પોતાના ભાષાંતરના ભુમિકામાં લખ્યું છે કે પાછળથી મેળવી દીધેલા શ્લોકને નાના અક્ષરમાં લખીશ એટલે અસલ શ્લોક માનવાને પાત્રને મોટા અક્ષરમાં લખીશ ગ્રા૦ મો૦

લખે છે કે આ નિયોગ કલ્યુગ માટે નથી." પણ એનો ખુલાસો હજુ મળ્યો નથી. ફરયાદીના વકીલનો સુધારો. તમે હિન્દુઓના પુસ્તકોમાં હત્યા જોઈ તે તમે માનો છો ? જવાબ હું માનતો નથી. અતરે ફરયાદીના સાક્ષીઓની તપાસ પૂરી થઈ ત્યારે પ્રતિવાદીના વકીલે અરજ કરી કે અમારા પણ સાક્ષી લ્યો. કોરટ તમારા સાક્ષીઓની કંઈ જરૂરત નથી. વકીલ સાહેબ મારા બે સાક્ષીઓ બેસે તો કેસ વિષે ઘણું અજવાળું પડશે તથા એઓને ઉપલી કોરટમાં જવાનું રહે નહીં. કોરટ ઠીક છે. ટમારા સાક્ષીઓના નામ આપો.

સાક્ષી

(૧) મનુ મહારાજ

(૨) સ્વામી દયાનંદ સરસ્વતી

મનુ મહારાજ માટે ખુરસી મુકાઈ તે પર તેવણ બીરાજ્યા. કોરટે તેમને ઘણું માન આપી કહ્યું મનુ મહારાજ આ કેસ વિષે આપ શું કહેવા માગો છો ? મનુ મેં મારી સ્મૃતિના અ૦ ૫માં કયાં જાનવર ખાવાં અને કયાં નહીં ખાવાં તે સ્પસ્ટ રીતે લખ્યાં છે. અને સાથે અ૦ ૫ શ્લો. ૪૪માં એમ પણ મેં કહ્યું છે કે જે વધ વેદ પ્રમાણે થાય તેને હિંસા સમજવી નહીં. બીજા અધ્યાયોમાં પણ ઠેકાણે ઠેકાણે મેં પશુ હત્યા લખી છે કોરટ આર્યાઓ કહે છે કે સ્મૃતિના જે જે શ્લોકોમાં માંસ ખાવાનું છે, એ મનુજીના લેખ નથી પાછલથી વામ માર્ગીઓએ તે દાખલ કર્યા છે. મનુ એઓનું કહેવું મિથ્યા છે. જો એઓ સાચા હોય તો પ્રથમની લખેલી સ્મૃતિ લાવે જેમાં એ શ્લોક નહીં હોય. વળી જો મારી સ્મૃતિ એવી હોત તો એઓનો ગુરૂ દયાનંદજી પોતાના સત્યાર્થમાં અનેક ઠેકાણે મારી સ્મૃતિથી આધાર નહીં લેતે; તથા સત્યાર્થ પૃષ્ટ ૬૧ માં મારી સ્મૃતિ ભણાવવાનું નહીં લખતે. શું સત્યાર્થ પ્રકાશના રચવાના વખતમાં દયાનંદજી પાસે મારી સ્મૃતિ બીજી તરેહની હતી અને તે પછી તેમાં કોઈએ ફેરફાર કર્યો છે ? વળી અંગ્રેજ સરકારની કોરટમાં હિન્દુઓ વિષે મારી સ્મૃતિ પ્રમાણે ફેસલો અપાય છે. અને સઘળા હિન્દુઓ માન્ય કરે છે. કોરટ તમે પોતે સ્મૃતિ અ૦ ૫ શ્લો. ૫૧માં કાપનાર ખાનાર પીરસનાર વગેરે આઠ જણને ઘાતક કહ્યા છે. આથી આર્યાઓ આધાર લે છે કે મનુજી માંસાહારનું કહેતા નથી. અને જે શ્લોકમાં માંસાહાર છે તે પાછલથી કોઈએ ઉમેર્યા છે. મનુ અરે ઈશ્વર ! એઓની એવી જાડી બુધ્ધિ છે અને એવી બુદ્ધિ સાથે પારકા ધર્મવાળાઓનો મુકાબલો કરવા નીકળ્યા ! હાય અફસોસ ! ! જ્યારે મેં અ. ૫ શ્લો. ૪૪માં ખુલ્લું કહ્યું કે જે વધ વેદ પ્રમાણે થાય તેને હિન્સા સમજવી નહીં તો શ્લો. ૫૧ના અર્થ આજ થવાના કે વેદ વિરૂદ્ધ જે વધ હોય તે વધના માંસમાં શામેલ થનારા ૮ જણ ઘાતક છે. વળી અ. ૫ શ્લો. ૫૧ ની સાથેજ શ્લો. ૫૨ છે તેથી પણ ઉપલી મતલબ ઉપર અજવાળું પડે છે પણ તેઓ ધ્યાન નહીં આપે તેનો ઉપાઇ શો ? કોર્ટ (ફરયાદીના વકીલને) ટમારે ઉલટ ટપાસ કરવી છે ? વકીલ ના સાહેબ. આવા મહારાજ ઉપર મારે શંકા કરવાની શી તાકત ? મહારાજ જો દિન ને રાત કહે તો મારે ડોકી ઝુકાવી માન્ય કરવું યોગ્ય છે અને પોતાની આંખની કસૂર કાઢવી મુનાસેબ છે.

સ્વામી દયાનંદ સરસ્વતીની સાક્ષી

મારૂં નામ દયાનંદ બાપનું નામ હું નહીં કહું તો કોરટ નહીં કહેવું પડશે. દયાનંદ હું નહીં કહીશ ગમે તે થાય. કોરટ બાપનું નામ છુપાવવાથી ટમને શો લાભ છે? દયાનંદ હું તે પણ નહીં કહીશ. કોરટ ટમે ક્યાંના રહેવાશી છો? દયાનંદ તે પણ હું નહીં કહીશ. કોરટ વારૂ ટમારૂં નામ દયાનંદ છે એ ટમારાં મા બાપે રાખેલું છે? દયાનંદ નહીં. મારા ગુરુ પરમાનંદ સરસ્વતીએ મારૂં નામ દયાનંદ રાખ્યું છે. એથી પહેલાં બીજા ગુરૂએ મારૂં નામ શુદ્ધ ચેતન રાખ્યું

હતું. કોરટ ટમારાં મા બાપે જે નામ રાખ્યું હોય ટે કહો ? દયાનંદ હું તે નહીં કહીશ. કોરટ એથી શો લાભ ? દયાનંદ તે હું જાણું છું. કહીશ નહીં. કોરટ આ બાબતમાં ટમારો શો મટ છે ? દયાનંદ સત્યાર્થ પ્રકાશ પ્રથમ આવૃત્તિ સને ૧૮૭૫ માં છપાયલીના પૃષ્ટ ૪૫, ૧૪૮, ૧૪૯, ૧૭૧, ૩૦૨, ૩૦૩, ૩૯૯ વગેરે પૃષ્ટોમાં માંસથી હોમ કરવાનું યજ્ઞ માટે વધ કરવાનું ગોમેધમાં બળદ મારવાનું મેં ખુલ્લું લખ્યું છે. વળી મારી સંસ્કાર વિધિ છપાયલી સવંત ૧૯૩૩ ના પૃષ્ટ ૧૧ માં મેં માંસ ખાવાની આજ્ઞા કરી છે તથા તેથી થતા લાભો દર્શાવ્યા છે. એટલે એ બાબતમાં હું મુસલમાનો સાથે મળતો છું.

ફરયાદીના વકીલની ઉલટ તપાસ.

વકીલ તમે સત્યાર્થની બીજી આવૃત્તિ છપાવી છે ? **દયાનંદ** હા. **વકીલ** તેમાં માંસ ખાવાની તથા હિંસા કરવાની નિન્દા કરી છે ? દયાનંદ હા. **વકીલ** તો પ્રથમ આવૃત્તિમાં છાપાવાળા તરફથી માંસ ખાવા તથા હિંસા વિષે ઘોટાલો કરવામાં આવ્યો છે એ વાત ખરી છે ? **દયાનંદ** ખોટી છે. જો એવી રીતે હું કે કોઇ આર્યો કહીએ તો મૂર્ખ ઠરીએ. કારણ કે સત્યાર્થ પ્રકાશની પેહેલી આવૃત્તિ બનારસમાં ઇસ્ટાર પ્રેસમાં છપાવેલી તેમાં મુનશી હરી બંસલાલ સાહેબનો અધીકાર હતો. તેવણ કદી એવું કામ કરે નહીં. તેમ કરવા દે નહીં. વળી રાજા જયકૃષ્ણદાસ બહાદુર સી. એસ. આઇ.ની આજ્ઞાનુંસાર છપાયું છે. અને છપાયા પછી તે પુસ્તકને પેહેલે પાને તથા છેલ્લે પાને તેમની છાપ મારવામાં આવી છે. તો જો પ્રેસવાળાઓ તરફથી ધર્મ વિરૂદ્ધ ફેરફાર કરી છપાયલું હોત તો ફેલાવવામાં આવત નહીં. વળી એ કામ વિશ્વાસઘાતનું છે કે હું કંઈ લખીને આપું પ્રેસવાળા ઉપર વિશ્વાસ રાખીને અને તે મારા લખાણને બદલીને છાપે તો સરકારી ગુનોહ લાગુ પડતે અને રાજા સાહેબ પ્રેસવાળાંને પકડાવતે. વળી મારા માણસ પુરૂફ તપાસતા હતા એટલે તે તપાસેલા પ્રમાણે પ્રેસવાળાને છાપવું ફરજ છે. ફરી તે ફેરવી શકે નહીં. વળી તે પુસ્તક છપાયા પછી અમારે કબજે આવ્યું. અમે તેને વાંચ્યું અમારા મળતા ભાઇઓએ વાંચ્યું તો જો તેમાં લખેલી હત્યા તથા યજ્ઞમાં માંસ વાપરવાનું જે તેમાં છે તે અમારૂં લખેલું નહોત તથા ધર્મ વિરૂદ્ધ હોત તો અમે તે પુસ્તકનો ફેલાવો કરતે નહીં. પણ તેની હજાર નકલો પાંચ વર્ષમાં ખપી ગઇ ત્યાર પછી બીજી આવૃતિ છાપી. **વકીલ** તમો કહો છો કે સંસ્કારવિધિ સંવત ૧૯૩૩માં છપાયલીના પૃષ્ટ ૧૧માં માંસ ખાવાનું મેં લખ્યું છે. તો આ સંસ્કાર વિધિ એમાં કયી જગ્યા છે ? **દયાનંદ** આ તો બીજી આવૃત્તિની છપાયલી છે. એમાં એ વાત નથી. **વકીલ** એમાં કેમ નથી ? **દયાનંદ** સત્યાર્થની જેમ એમાં પણ મેં બીજી આવૃતિમાં ફેરફાર કર્યો છે. **વકીલ** લોકો કહે છે કે છાપખાનાવાળાએ એ વાતો પોતાની તરફથી દાખલ કરી છે. **દયાનંદ** એ કદી બનવા જોગ નથી તેના કારણો ઉપર દર્શાવી આવ્યો છું. છાપતાં કોઇ અક્ષરની ભૂલ આવે તથા એક બે લીટી ગફલતથી રહી જાય એ બનવા જોગ્ય છે પણ પ્રેસવાળા તરફથી બે ચાર લીટી વધી જાય એ અસમ્ભવિત છે.

પ્રતિવાદીના વકીલનો સુધારો. પ્રથમ આવૃતિ અને દ્વિતીય આવૃતિમાં માત્ર માંસ વિષયનોજ ફેરફાર તમે કર્યો છે ? **દયાનંદ** ઘણી બાબતો મેં ફેરવી કાઢી છે. તેમ માંસ વિષય પણ ફેરવ્યો છે. જો કોઈ માણસ પ્રથમ આવૃતિ તથા દ્વિતિય આવૃતિના સત્યાર્થને જુએ તો તે કદી કહેશે નહિ કે આ બંને એકજ પુસ્તક છે. * **વકીલ** એવો ફેર-

---

* એ વિષે "આર્યસમાજકી પોલ!" બીજું ભાગ ૩ જામાં આર્યસમાજ તરફથી બહુ દેશમાં ઉપદેશ કર્તા પંડિત જગદીશ પ્રસાદ તરફ તે નવા મુસલમાન અબદુલ અજીજે ઘણું ઉમદા લખાણ કર્યું છે જુઓ મો.

ફાર કરવાનું કારણ ? **દયાનંદ** જેવો દેશ તેવો વેશ. પ્રથમ આવૃતિ વખત મારા ગોઠયા તથા મારા માનનાગ જુદા હતા અને દ્વિતીય વખત કેટલાક શેઠ શાહુકારો બીજા જુદા હતા એટલે તેમ કરવુંજ જોઇએ **વકીલ** તો હિંસા વિષે હવે આપનો શો મત છે ? **દયાનંદ** જેવો પ્રથમ હતો તેવોજ છે. અને તે મત ખુલ્લો નહીં પણ ઇશારાથી દ્વિતીય આવૃતિમાં જણાવ્યો પણ છે. અને તેને મૌલવી ગુલામ મોહમ્મદ સમજી ગયા છે, અને તેથી મને "સત્યાર્થ પ્રકાશનું ખંડન"માં કેટલીક વાતો સાંભળવી પડી છે. તેમ આર્યાસમાજની બે પારટીમાંની માંસ પારટી પણ મારી મતલબને સમજી ગઈ છે જેથી તેઓ માંસ ખાય છે એટલુંજ નહીં પણ માંસ ખાવા વિષે ઉપદેશ કરે છે અને એ વિષયમાં ચોપડીઓ બહાર પાડે છે. હવે તે ઇશારા આ છે.

જે કામ કરવું ગુનોહ તે કામ કરાવવું પણ ગુનોહ છે એ ખુલ્લું છે. તો સત્યાર્થ પ્રકાશ પૃષ્ટ ૨૫૫ માં માંસ ખવરાવવાનું લખી માંસાહારનો મેં ઇશારો કર્યો છે. વળી સત્યાર્થ પૃષ્ટ ૪૩૦ માં મેં જૈનોને કહ્યું છે "પીડા દીધા વિના કોઇ જીવનો કિંચિત પણ નિર્વાહ થઈ શકતો નથી" વળી સત્યાર્થ પૃષ્ટ ૨૪૦, ૨૪૩માં મેં લખ્યું છે કે ઝાડ પાંનમાં માણસનોજ જીવ અવતારથી ગયો છે. તો જ્યારે પીડા આપવી અગત્યની ઠરી, ઇશ્વરે વગર પીડા આપે અમારો ગુજારો રાખ્યો નથી અને ઝાડ પાંન ખાઇ રહ્યા છીએ તો એ ઇશારાથી માંસ ખાવું સિદ્ધ થાય છે. વળી સત્ય. પૃષ્ટ ૪૩૪માં મેં પાણીમાં કીડા માન્ય કર્યા છે. અને માઇક્રોસ કોપ (સૂક્ષ્મદર્શક યંત્ર) તથા બાઇસિકોપથી જણાય છે કે તે કીડાને હાથ પગ વગેરે પાંચ ઇંદ્રીઓ પણ છે અને એ પ્રાણીઓને મારવું તો અગત્યનું છે તે વગર છુટકો નથી અને એવાં ઉત્પન્ન કરવામાં ઇશ્વરની કૃપામાં ફેર પડતો નથી, તો બીજા પશુઓને મારવાનો હુકમ આપવામાં તેની કૃપામાં ફેર પડે નહીં. વળી પ્રથમની આવૃતિની વેળા જે મનુ સ્મૃતિ છપાયલી હતી તેજ હાલમાં પણ અનેક ભાષામાં છે. અને તેના અધ્યાય પાંચમામાં માંસ ભક્ષણ પશુ હત્યા ઘણા લંબાણથી લખેલાં છે. છતાં મેં તે સ્મૃતિને બીજી આવૃત્તિમાં પણ આધાર લેવા લાયક ગણી છે એટલુંજ નહીં પણ ઘણા શ્લોકો તે સ્મૃતિના મેં વાપર્યા છે. આથી પણ મેં ઇશારો કર્યો છે કે તેમાં જે માંસ ખાવાનું છે તે કાયદાસર છે નહીં તો હું તે સ્મૃતિને વાપરતેજ નહીં. એટલુંજ નહીં પણ જેમ બીજા પુસ્તકોની નિન્દા કરી તેમ તેની પણ હું કરતે. વળી પ્રથમ આવૃતિના પૃષ્ટ ૩૦૨ માં લખ્યું છે કે જો કોઇ પણ માંસ નહીં ખાય તો પશુ પક્ષીઓ વગેરે એટલાં વધે કે જેટલાં છે તેથી હજાર ગણા થાય. ફરી ઇનિસાનોને મારવા લાગે અને ખેતરમાં અનાજ થાય નહીં." † એટલે હત્યા કરવામાં બીજા લાભની સાથે હાનિકારક પશુને દૂર કરવાનો લાભ પણ છે. એજ વાતને બીજી આવૃતિ (પૃષ્ટ ૨૫૫) માં હાનિકારક પશુને મેં મારવાનું લખ્યું છે. **વકીલ** ગાય ઉત્તમ કે માણસ ઉત્તમ? **દયાનંદ** માણસ ઉત્તમ. એજ માટે તે અમારે તાબેદાર છે અને તેથીજ એનું દૂધ ઘી માણસ લે છે એના બચ્ચા બળદને ખેતીમાં ગાડામાં વાપરે છે. તેથીજ મેં માણસને માટે એને મારવાનું લખ્યું છે **વકીલ** તો ગાયની ખાતર માણસનો વધ કરવા નીકળે તે કેવા ? **દયાનંદ** અણુસમજ અને અજ્ઞાની છે. **વકીલ** તમે પોતે ઋગવેદ ભાષ્ય પૃષ્ટ ૨૧૪૯, ૨૧૫૧ માં ઋગ મં૦ ૧ સૂ૦ ૧૨૧ મં૦ ૯, ૧૦ માં તથા તેના ભાવાર્થમાં ગાય મારનારને મારવાનું લખ્યું છે તે શા માટે

† આથી તમો સમજી શકશો કે ગાય પાળવું જેમ લાભકારક છે તેમ તેને મારવું પણ લાભકારક છે એટલુંજ નહીં પણ દુધ ઘી અને મુત્રની ખાતર પાળવા કરતાં અનાજને માટે મારવું વધુ અગત્યનું છે. ગુ૦ મો૦

લખ્યું ? દયાનંદ સવરાજ્યના લોભમાં મારેથી આ લખાઇ ગયું છે અને મને કંઈ ભાન રહ્યું નહીં. વકીલ તમે સત્યાર્થમાં નિયોગ. કોરટ નિયોગની વાટ પૂછી ટમે કેસ ઘણો લાંબો કર્યો છે માટે હવે પૂછવાનો હુકમ નહી. આ ઉપરથી વકીલે કેસ બંધ કીધો. વકીલોની તકરારનો બખત નિમાયો. પણ સુરતના કેટલાક વકીલોની ટેવ પ્રમાણે વાદીનો વકીલ હાજર થયો નહી. અને પ્રતિવાદીનો વકીલ એમ કહી રૂ. ૧૦૦ માંગવા લાગ્યો કે મારે એક ખૂનીના કેસમાં જવું છે માટે હું માર સો રૂપીઆ ખોટા કરી આવું નહીં. આથી બંને પક્ષ આવા ઠરાવ ઉપર આવ્યા કે કોરટ જે કરે તે ખરૂં તકરાર કરતા નથી.

ન્યાયાધીશનો ચુકાદો.

દયારામ ઘેલાભાઇએ આ કોરટમાં એવી મતલબની ફરયાદ કરી કે પ્રતિવાદી અબદુલ્લાહ રહીમભાઇ પશુ હત્યા કરે છે તથા ભાષણમાં હિન્દુઓના શાસ્ત્રોનું નામ લઈ હિન્દુઓને પશુ હત્યા કરવાનું તથા માંસાહાર કરવાનું કહે છે જેથી અમારૂં દિલ દુઃખે છે. તે ઉપર લંબાણથી તપાસ કરતાં ખુદ વાદીની જબાનીથી તથા તેના સઘળા સાક્ષીઓની જબાનીથી જણાયું કે પશુ હત્યા હિન્દુઓના શાસ્ત્રમાં છે. અને તે સાક્ષી ના. ૧લો તથા ૪થો વધુ એમ પણ જણાવે છે કે કુરઆનમાં પણ ગોહત્યા માંસાહાર છે. આ ઉપરથી નિશ્ચય થાય છે કે પ્રતિવાદીએ કંઈ ગુનોહ કર્યો નથી. વળી પ્રતિવાદીએ વગર જરૂરના બે સાક્ષીઓ રજુ કર્યા જેઓ બંને ઘણા મોટા ધર્મગુરૂ છે. તેઓ પણ પોતાની ઝબાનીમાં ખુલ્લું કહે છે કે હિન્દુ ધર્મમાં માંસ ખાવાનું છે. તથા બચાવના બીજા સાક્ષીના પુસ્તક સત્યાર્થ પ્રકાશથી સિદ્ધ થાય છે કે મુસલમાની ધર્મમાં પણ છે. સુધારામાં સાક્ષીઓ જણાવે છે કે હિન્દુ ધર્મમાં માંસ ખાવાનું છે પણ હમો માનતા નથી. એથી પ્રતિવાદીને જરાએ નુકસાનથી કારણ કે તેઓ નહીં માને એ તેઓની. ખુશી પણ તેથી પ્રતિવાદીએ તમારા શાસ્ત્ર વિરૂધ્ધ શું કર્યું ? તેણે તો પોતાના કુરઆન તથા તમારા શાસ્ત્રો પ્રમાણે ભાષણ કીધું. અને જ્યારે એ સાક્ષીઓ પોતાના ધર્મના પુસ્તકોને નહીં માને તો ફરી તેઓ હિન્દુ કયાં રહ્યા. આ સઘળી વાતોને ધ્યાનમાં લઈ હું પ્રતિવાદીને ઘણા માન સાથે છોડી દઉં છું. આવા મોટા પ્રતિવાદી વિદ્વાનને નકામા તકલીફ આપી તેના બદલ રૂ૦ ૧૦૦ અંકે સો નુકસાનીના વાદી પાસેથી પ્રતિવાદીને અપાવું છું.

ચાલુ કેસમાં નિયોગ વિષે જે અજવાળું પડયું તે વિષે ખાસ વિવેચન કરવા આ જજમેંટમાં હું અગત્યનું જાણું છું. તે એ કે યુરૂપના કેટલાક વિદ્વાનોનો મત છે કે માણસની ઉનંતી ધીમે ધીમે થઇ છે. હજારો વર્ષના સુધારાથી હાલનું માણસ સુધરીને થયું છે. શરૂ પેદાએશમાં તે જાનવર સરખાં હતાં. ફરી ધીમે ધીમે સુધરતાં ગયાં. ધીમે ધીમે સુધારનાર નીકળ્યા* એટલુંજ નહીં. પણ ડારવીન જેવાઓનો તો મતજ આ છે કે માણસની ઉત્પત્તી જીવ જંતુઓમાંથી થતી પશુઓમાંથી થઇ છે તો થઇ શકે છે કે મનુજીના પહેલાં ઢોરોની જેમ એક બીજાની મા બહેન વાપરતા હોય અને જેમ પશુમાં એ રિવાજ છે તેવો રીવાજ રહ્યો હોય. ફરી મનાના વખતમાં સુધારો થઇ વંશ નષ્ટ થવાને વખતે જરૂરતને માટે એક બાળકની ઉત્પત્તી માટે એ નિયોગ રહ્યો (મનુ ૯; ૬૦) જેમકે સાક્ષી ના. ૧ની જબાનથી જણાય છે. અને એટલાને પણ હેવાનીયતનું કામ તથા સાધુઓ આગળ નિન્દાયુકત ગણાતું. (મનુ ૯; ૬૬, ૬૮) જેમકે સાક્ષી ના. ૪ની જબાનીથી જણાય છે. અને ફરી તે નિયોગ તદન મટી

---

* આ વાત ખ્રીસ્તી, યાહુદી, તથા ઇસ્લામી ધર્મ વિરૂધ્ધ છે. આ ત્રણે ધર્મ માને છે કે પ્રથમ માણસ આદમ છે અને તે પૈગમ્બર હતા એટલે સુધારનાર માર્ગ બતાવનાર શરૂથીજ છે અને શરીઅત પણ શરૂથીજ છે. ગુ. મો.

ગયો હતો. આ કેસ સિવાય મેં કદી નિયોગનું નામ પણ સાંભળેલું નહોતું; તે હિન્દુધર્મના ખાસ ઉપદેશકોથી જાહેર થયો છે. અને એ એનો પ્રચાર વધશે તો યુરોપનો સામાજિક દેશ હાલ વ્યભિચા-રને લીધે બગડેલો ગણાય છે, તેમાં ફ્રેંચ દેશ એવો દુરદશામાં આવી પડ્યો છે કે લોકો પરણ-વાને પસંદ કરતા નથી અને બજાર કરવું સામાન્ય થઈ ગયું છે, તે પ્રમાણે હિન્દુસ્તાનમાં બગાડો વધશે એવી ધાસ્તી છે. એટલુંજ નહીં પણ તેથી વધારે બગાડો ફેલાશે. કારણ કે યુરપમાં તો વિવાહ કર્યા પછી એક તરેહના બંધમાં રહેવું પડે છે. પણ આ નિયોગ તો પરણેલાઓને વધારે સ-પડાવે છે, માટે એને અટકાવની ઘણીજ જરૂર છે, હું એ નિયોગને વ્યભિચાર માનું છું. પણ મારે અફસોસ સાથે કહેવું પડે છે કે ઇંગ્રેજ સરકારના કાયદા બાંધનારી સભામાં બે મોટા ધર્માધ્યક્ષો હતા છતાં તેઓએ એવા વ્યભિચાર માટે કોઇ રોકાણ કે ગુનોહ ગણ્યો નથી, જેથી દરેક જગ્યા વેશ્યાઓનો વધારો થતો જાય છે. એ કારણથી હું નિયોગ કરનારને પીનલકોડ પ્રમાણે ગુનેહગાર ઠેરવી શકતો નથી, અગરજો મારૂં અંતઃકરણ તેને ગુ-નાહનું કામ જાણે છે. પણ હિન્દુઓના આગેવા-નોને ભલામણ કરૂં છું કે તેઓ પોતપોતાની જાતીમાં બંદોબસ્ત કરી એ ભૂંડા કામનો પ્રચાર અટકાવે. અને એ વિષે હું વળી સરકાર ઉપર લખાણ કરીશ. તા૦ ૪થી જુન સને ૧૯૦૯.

એસ. બી. લેહજ (સાહેબ)

આ કેસ વિષે મારા વાંચક વર્ગ આગળ ઘણી નમ્રતાપૂર્વક મારી અરજ છે કે હું કંઈ વકીલ કે બારીસ્ટર નથી, જેથી કેસ ચલાવવાની રીતિમાં કંઈ ચુક થઇ હોય તો તે વિષે ક્ષમા ચાહું છું. મારી મતલબ એથી એક ખાસ હકીકત જાહેર કરવી છે અને તે જાહેર કરવામાં હું ફતે-હમંદ થયો છું. ખોદા ચાહશે તો એવા અનેક કેસ લખીશ.

આ કેસ લખવાથી એટલુંજ નહીં પણ આખી ચોપડી લખવાથી મુસલમાનોની; હિન્દુઓની અને સરકારની ખૈરખાહી છે. મુસલમાનોની ખૈરખાહી તો આ કે તમામ હિન્દુઓની સામે મુસલમાનોને આ એક હથિયારરૂપી છે. હિન્દુઓની ખૈરખાહી આ કે જ્યારે તેઓ આ વાંચશે તો ખરો માર્ગ શું છે તે તેઓને જણાશે ફરી ગફલત્યા વિષે મુસલમાનો સાથે લડીને તેઓનો વધ કરીને ર-મખાણ મચાવે છે ફરી હજારો રૂપીયાનો બાગ કરી ખુવાર થાય છે તથા કેટલાક શીક્ષા પામે છે તેથી અટકશે. કારણ કે આર્ય સમાજનું નિયમ ના. ૪ પ્રમાણે આ સત્યને માનવુંજ જોઇએ. અને જ્યારે તેઓ અટકશે તો સરકારને સુલહ જાલવવા જે શ્રમ લેવો પડે છે તેથી નચિન્ત થશે.

આ ચોપડીની હજાર નકલ છપાઈ મફત વેહેં-ચાશે. પણ એની હજારો નકલ અનેક આલ-મમાં પ્રગટ થવી જોઇએ. ખોદા કરે કે આ ચોપડી કારગર થાય. અને જેવી રીતે "સત્યાર્થ પ્રકાશના ખંડન" થી આર્યાઓનું પોકલપણું સિદ્ધ થયું તેમ આ ચોપડીથી પણ થાય. મજ-કુર ખંડન આર્યાઓની મંડળીઓમાં પોહોંચાડયું છે. તેમ તેના મજમુનો છાપામાં પણ છાપ્યાં છે પણ હજુ કોઈ આર્યો તેનો જવાબ આપવા નીકળ્યો નથી.

આ ચોપડીના છપાઇની સન ૧૩૨૭ હિ-જરીની સાથે ગમ્મત માટે આર્યા સને પણ લખું છું. દયાનંદજીના પોતાના લખેલા હિસાબ પ્ર-માણે ઋગ્વેદાદિ ભાષ્ય ભૂમિકા ઉર્દુ તથા હિન્દી પ્રમાણે તથા સત્યાર્થ પ્રકાશ પ્રમાણે આ ચોપ-ડીની સન (સંવત) ૧૯૬૦૮૫૩૦૦૮ છે. અને ઋગ્વેદાદિ ભાષ્ય ભૂમિકા ગુજરાતી આર્યોદય પ્રે-સમાં છપાયલા પ્રમાણે ૧૯૭૨૯૪૯૦૧૦ છે. હવે ગુરૂ ચેલામાં એક કરોડ તથા લાખોનો ફેર કેમ પડ્યો તે કોઈ આર્યો બતાવનાર છે?

આ ચોપડી "જવાબે ગૌ રક્ષા" સને ૧૩૦૬ હિજરી મુતાબેક ૧૮૮૯ ઇસ્વીમાં જનાબ હાજી યસોફ સાલેહ શરીફ સાહેબે રચી છપાવી પોષ્ટ મારફતે રજીસ્ટર કરી શ્રીમન સ્વામી સાહેબને પોહોંચાડી હતી. તે પછી આજ સુધી કોઇએ પણ એ ચોપડીનો જવાબ આપ્યો નથી.

મોટો મેહેરબાન રહમ કર્તા અલ્લાહના નામથી.

સર્વ તારીફ અલ્લાહને વાસ્તે જે સાહેબે અમારા દિલોમાં ઇસલામના નૂરની રોશની આપી દરેક ખોટા ખરાને ઓળખવાની શક્તિ આપી છે. અને દરૂદ અને સલામ થાય તેનાં પેગમ્બર મોહમ્મદ અને તેવણુની ઓલાદ અને અસહાબ સર્વે પર.

સાહેબો, રાંદેરની મહરીલે ઇસલામ પ્રજાની ખેરખાહી ચાહી સર્વે અકલમંદ દાના ગ્રહસ્થોને વિચારવા માટે, ગૌપુકાર નામની ચોપડીના અને અલાહાબાદવાળી ગઉરક્ષા મંડળીના સેક્રેટરી શ્રીમન સ્વામી સાહેબે મુંબાઇમાં આવી ગઉરક્ષા વિષે જે ભાષણો આપેલાં જે તા૦ ૨૪, ૨૭, ૨૮ જુન અને તા૦ ૧, ૯ જુલાઇ ૧૮૮૯ મુંબાઇ સમાચાર છાપામાં પ્રગટ થયલાં છે, તેના જવાબમાં આ ચોપડી છપાવી પ્રગટ કરે છે કે, આજ કેટલીક મુદત થઇ હિન્દુઓ ધર્મની બાબતમાં ગઉવધનો અટકાવ કરવામાં નહી ફાવ્યાથી અંદર ખાને પોતાના ધર્મની લાગણી રાખી જાહેરમાં ગઉવધ થવાથી પ્રજાની મોટી નુકશાની, અને ગઉરક્ષા કરવાથી ઘણો ફાયદો થવાના હીસાબો ગામેગામ મંડળીઓ ઉભી કરી, ચોપાન્યા છપાવી, ભાષણો કરી અને બીજાના ધર્મના નામથી ખોટા દાખલા કહી લોકોને ધોકામાં નાખી, હિન્દુ, પારસી, મુસલમાન, ખ્રીસ્તી, સર્વેને એકમત કરી સરકારથી ગઉવધનો અટકાવ કરાવી પોતાની મતલબ પૂરી કરવા માંગે છે. જેમકે વાઘરી ફાંદામાં દાણા બતાવી જનાવરો ફસાવે છે. અને જો એ ફાંદ નહીં હોય તો, ફરી સર્વ કોમને એકમત કરવાની શી જરૂર છે? કેમકે ગઉરક્ષા કરવા માટે કાંઇ સરકારનો અટકાવ નથી, ત્યારે હિન્દુસ્તાનમાં હિન્દુઓની વસ્તી કુલ વીસ કરોડની છે. તેઓને જોઇએ કે, દરએક ઘર દીઠ એક બે ગાયો પાળવું શરૂ કરે જેથી આઠ દસ કરોડ ગાયો પળી જશે. અને તેનું દૂધ, ઘી, અને ગાય, બળદીઆ દર વરસે થયાં કરશે, જેથી તેવણુના બતાવ્યા પ્રમાણે તેઓને ઘણો ફાયદો થશે, અને કદી તેની ખોટ પડશે નહીં. અને કાપવા માટે જ્યારે તેઓ વેચશે ત્યારેજ કપાશે, અને જેને જોઇશે તે પાળી કાપી લેશે. અને જો સરકાર પાસે ગઉચરણ મુકાવવા માંગતા હોય તો તેમાં મુસલમાનો રાજી થવાને ના પાડશે નહીં. બાકી તો સઘળા ભુલાવવાના ફાંદા છે. અને તેમાં ફાયદો થવાના બદલામાં ઉલટો હિન્દુસ્તાનની પ્રજાપર અને ઢોરોપર એક મોટી આફત આવવાના હીસાબો છે. તે અમે નીચે ટાંકી બતાવીએ છીએ. અને તે ભાષણો કરનાર અને ચોપાનીઆ બનાવનારાઓએ જે બીજા ધર્મના દાખલા કહી બતાવ્યા છે તે તેવણુને બીજા ધર્મના દાખલા સમજવાનું કેટલું ગ્નાન છે, તે પણ લખી જણાવીએ છીએ.

હવે જુઓ, સુરતની "આર્ય ધર્મ પુસ્તક પ્રસારક મંડળી" એ એક ચોપડી "ગૌપુકાર" નામની છપાવી પ્રગટ કરી છે. અને તેમાં એક ગાય મરી જવાથી તેની પાંચ પેઢીના હીસાબે દરએક છો વેતર વિયાય તો ૧૫૫૫ ગાયો નુકશાન

થવાનું લખેલું છે. જે સામેના કોઠા પ્રમાણે છે. અને તેના બાર વરસના દૂધના રૂ૦ ૨૦૯૯૨૫૦ ની નુકસાની બતાવી છે. એ તદન ધોકો ભુલાવો આપવો છે. અને જે બળદીઆ જન્મે તે પણ ૧૫૫૫ લખેલા છે અને તેની દસ વરસની ખેતી

પેઢી	ગાયની સં૦
૧	૧
૨	૬
૩	૩૬
૪	૨૧૬
૫	૧૨૯૬
ટોટલ	૧૫૫૫

પેદેલા અનાજના રૂા. ૧૮૬૬૦૦૦૦ ની નુકસાની બતાવી છે. પણ દુનીયામાં એવો ધારો નથી કે, એક ગાય તેની પાંચ પેઢીના બચ્ચાં સૂધી સઘળી ગાયોજ જન્મે કે તે ૧૫૫૫ થાય. અને જે બળદીઆ ૧૫૫૫ થવાનું લખ્યું છે એ તો થઈ શકતુંજ નથી. કેમકે જો પેહેલીજ ગાય છ બળદીઆ જન્મે તો ફરી તે સાત પણ થઈ શકતા નથી. પણ દુનીઆના ધારા પ્રમાણે અડધા બળદીઆ અને અડધી ગાયો જન્મે, તો એક ગાયની પાંચ પેઢી સુધી ૧૨૧ ગાય અને ૧૨૦ બળદીઆ થાય છે, જે જુમલે ઢોરો ૨૪૧ થયાં, જેનો કોઠો સામે પ્રમાણે છે. અને એની મુદત ઓછામાં ઓછી ૩૬ વર્ષની થાય છે. પણ તે ચોપડીમાં એક પણ મરણ બતાવેલું નથી અને, તેનો એક પૈ ખરચ પણ બતાવેલો નથી. એવાજ સર્વ પોકળ હીસાબો લોકોને કહી સંભળાવે છે. પણ ઘણીજ

પેઢી	મા.	નર
૧	૧	૦
૨	૩	૩
૫	૯	૯
૩	૨૭	૨૭
૪	૮૧	૮૧
ટો	૧૨૧	૧૨૦

અફસોસની વાત એ છે કે, સર્વ કોમના મોટા મોટા નામીચા વિદ્વાન ગૃહસ્થો એવી સભાઓમાં એવા હીસાબો સાંભળી ખુશ થઈ કબુલ કરી લે છે !

હવે ઉપલી ગાય એકની ઓલાદ ૧૫૫૫ ને અમે રદ કરી ૨૪૧ ઢોરો સાબેત કરી આપ્યાં છે. પણ તેના નફા નુકસાનનો હીસાબ અમે એટલા માટે નહીં કરી બતાવ્યો કે, તેમાં તેનાં મરણ બાદ કરેલાં નથી. પરંતુ શ્રીમન સ્વામી સાહેબ, જે "અલાહાબાદ" ની, ગઉરક્ષા મંડળીના સેક્રેટરી અને જે ૧૬૪ ગઉશાળાના ઉપરી જેમાં ૧૪૦૦૦ ગાયો પળે છે † અને જે ગામેગામ ફરી એ વિષે ભાષણો કરે છે, તેવણે પણ ઢોરોનો હીસાબ આપેલો છે. તેમાંથી ઢોરોનો જન્મ અને મરણ બાદ કરતાં, તેની પાંચ પેઢી સુધી કેટલાં ઢોરો થાય છે, અને તેનો ખરચ શું થાય છે, અને તેથી હિન્દુસ્તાનપર શી આફત આવે છે, તેનો હીસાબ અમે નીચે લખી જણાવીએ છીએ. જે ઉપરથી ઉપલો હીસાબ પણ સમજી લેવો. જુઓ એકવણ તેમાં હિન્દુસ્તાનના કુલ જુદા જુદા ભાગોના ઢોરોની સંખ્યાના થોડા આંકડા કહી ૩૭૯૫૦૯૬૪) બતાવે છે. જેમાં સીન્ધ ઇલાકાનાં ઢોરો અને મુંબાઈ ઇલાકાની ભેંસો પણ જણાવેલી નથી. અને તે ઢોરોમાંથી ગાય તથા ભેંસો બાદ કરી ખેતીને લાયકના બળદીઆ, અને પાડા એક કરોડ એંસી લાખ બતાવ્યા છે. અને એ બતાવી તેવણ કહે છે કે જો, ગઉવધ થતો નહીં અટકાવશો તો આજથી ૬૦–૭૦ વર્ષમાં આખા હિન્દુસ્તાનના લોકો દરિદ્રી અને કંગાલ થઈ જશે. પણ અમે કહીએ છીએ કે, આજથી ગઉવધ થતો બંધ થાય તો આજથી ૩૬ વરસમાં હિન્દુસ્તાન અબજો રૂપીઆ નુકશાન કરી લોકો દૂધ ઘીના મોહતાજ થઇ ઢોરો ચારા વગરના મરી જાય, અને તે વખત કોઇ પાળીજ શકે નહીં.

હવે જુઓ, શ્રીમન સાહેબના બતાવ્યા પ્રમાણે જ્યારે એક કરોડ એંસી લાખ ખેતીના કામના બળદીઆ અને પાડા છે, ત્યારે તેમજ વિયાવાને અને દૂધ આપવાને લાયકની ગાયો અને ભેંસો પણ એક કરોડ એંસી લાખ હોવી જોઇએ. અને એ ગાયો અને ભેંસોને શ્રીમન સ્વામી સાહેબના

† વળી ઉપલા હિસાબનું ખોપાણું આથી પણ સિદ્ધ થાયુ છે કે, શ્રીમન સ્વામી જે ગૌશાળાઓના ઉપરી છે અને જેમાં ૧૪૦૦૦ ગાયો છે અને તેમાં ઘણી ખરી જુવાન ગાયો છે તેને ૩૬ વર્ષ થવા આવ્યાં છતાં બતાવેલી ગણતરી પ્રમાણે તેમાં ગાયો વધી નથી શું કેમ.

કહેવા પ્રમાણે દશ બચ્ચાં થાય છે. પણ અમે કહીએ છીએ કે, જો સરાસરી ૭ બચ્ચાં, અડધા નર અને અડધી માદા વિયાય ને તે મરણ પામે તો તેની પાંચ પેઢીમાં કુલ ૨૯૧૬૦૦૦૦૦૦ એ અબજ, એકાણું કરોડ, ને સાઠ લાખ ઢોરો થાય છે. અને એની મુદત ૩૬ વરસની થાય છે, જેનો કોઠો સામે પ્રમાણે છે. અને એ પુરાંત ગોયો, અને ભેંસો અને તેની પાંચ પેઢી સુધી તેના છ છ વેતરમાંથી પેહેલી તરફ માદા અને બીજી તરફ નર બતાવ્યાં છે. અને દર એકના મરણ બાદ કરી નીચલી રકમોનો સરવાળો પુરાંત ઢોરો સમજવા, અને બાકી મરણના કુલ એક અબજ, ચુમ્માળીશ કરોડ થાય છે. પણ એટલા ઢોરો ૩૬ વરસની મુદતમાં મરણ પામતાં નથી. કેમકે શ્રીમન સાહેબ દર વરસે ભુખમરાથી અને બીમારીઓથી પચાસ લાખ મરણ પામવાનું કહે છે ત્યારે ઉપલી મુદતમાં કુલ અઢાર કરોડ ઢોરો મરણ પામવા જોઇએ.

પેઢી	માદાની સંખ્યા	પેઢી	નરની સંખ્યા
૧	૧૮૦૦૦૦૦૦	૧	૧૮૦૦૦૦૦૦
૨	૫૪૦૦૦૦૦૦	૨	૫૪૦૦૦૦૦૦
૩	૧૬૨૦૦૦૦૦૦	૩	૧૬૨૦૦૦૦૦૦
૪	૪૮૬૦૦૦૦૦૦	૪	૪૮૬૦૦૦૦૦૦
૫	૧૪૫૮૦૦૦૦૦૦	૫	૧૪૫૮૦૦૦૦૦૦
પુરાંત ગાય ભેંસો	૧૪૫૮૦૦૦૦૦૦		ઉપલી ચાર ચાર રકમો ને નવ નવ વરસે મરણના રાખ્યાં છે.
પુરાંત બળદ પાડા	૧૪૫૮૦૦૦૦૦૦		
ટોટલ.	૨૯૧૬૦૦૦૦૦૦		

હવે હાલની ત્રણ કરોડ સાઠ લાખની પુરાંત કરતાં, આવતાં ૩૬ વરસમાં ૭૬ ગણા ઢોરો વધારે થાય છે. ત્યારે એમાં એક મોટો વીચાર લેવો જોઇએ કે, હાલનાજ ઢોરોમાં ચારાનો ભુખમરો થઇ, દ એક ઢોર દીઠ મહીને રૂ. ૪ નો ખરચ થવાનો શ્રીમન સાહેબ કબુલ કરે છે, તો જ્યારે એના ૭૬ ગણાં ઢોરો વધે ત્યારે ૭૬ ગણો ઢોરોનો ભુખમરો અને ચારાનો ભાવ પણ થવો જોઇએ? ત્યારે એક ઢોરને દર મહિને રૂ. ૩૦૪) નો ચારો થતાં, હાલનાજ ઢોરો જેટલાનું પોષણ થાય. અને શ્રીમન સાહેબ એક ગાયનું રોજનું ૬ શેર દુધ આપવાનું કહે છે, ત્યારે તે ચાર આનાની કીંમતનું થયું અને માસ ૧)ના રૂા. ૭ાા થયા, તો ફરી કોઈ ઢોરને પાળીજ શકે નહીં. અને દુધ, ઘી, પણ કોઇને મળી શકે નહીં અને તે સઘળાં ઢોરો ભુખમરાથી મરી જવાં જોઇએ. કેમકે હિન્દુસ્તાનની જમીન જે છે તે કાંઈ મોટી થઇ શકતી નથી, અને વરસાદ પણ જે પડે છે તેમાં કોઇ વધારે કરી શકતુ નથી, ત્યારે એજ ચારામાં તે સર્વ ઢોરોનું પોષણ થવું જોઇએ. ત્યારે સ્વામી સાહેબના કહેવા પ્રમાણે હાલની ૨૫ કરોડની વસ્તીમાં માણુસ દીઠ ૧૨ ઢોરો થાય, અને ખેડાતી અગીઆર કરોડ એંસી લાખ એકર જમીનના એકર દીઠ ૬ જોડી બળદ પાડા થાય જેને સર્વે ખેતી પણ ખવાડી દેવી પડે. અને જો તેઓને માટે સરકારથી ચરણની જગ્યાઓ મુકાવો તો ફરી તેમાં માણસોને માટે થતો અનાજ અથવા બીજી ચીજોની ખોટ પડી જશે, જેથી લોકો મોટા દુકાળમાં સપડાઈ પડશે. જેમકે હાલમાંજ દર વરસે કોઈ કોઇ ઇલાકામાં દુકાળ જારી રહેલો છે. અને હાલનાં કપાતાં ઢોરોની કીંમત શ્રીમન સાહેબ રૂા. ૫) ની ગણે છે, તો જ્યારે લોકોને પાળવાની શકતી હોય તો કદી એ કીંમતમાં વેચાય નહીં, પણ તેમાં ઘણાં ઉતરેલાંજ ઢોરો કપાવાં જોઇએ.

હવે એમાં બીજી મોટી નુકશાની એ છે કે, ઉપલા કોઠાનાં ઢોરોમાંથી દરએક પેઢીના ઢોરની ઉમ્મર નવ નવ વરસની રાખી મરણમાં દાખલ કીધાં છે અને જે સર્વની સંખ્યા એક અબજ ચુમ્માલીશ કરોડની છે. પણ શ્રીમન સાહેબના કહેવા પ્રમાણે ગાયની ઉમર ૩૦ વરસની થાય છે. અને તેમાંથી પણ અમો દસ, દસ વરસ બાદ કરીને જો દસજ વરસ તે ઢોરો વગર દુધ વેતરના અને ખેતીથી નકામા રહે, અને મરે ત્યારે તેને ગાડી દીએ, તો તેમાં પ્રજાની કેટલી નુકશાની થાય છે, તે અમે બતાવીએ છીએ. જુઓ કે શ્રીમન સાહેબના કહેવા પ્રમાણે હિન્દુસ્તાનમાં દરરોજ ૯૦૦૦ને હીસાબે

એ વરસ ૧) માં ૩૨૮૫૦૦૦ ઢોરો કપાય છે, તેને હીસાબે ૪૩૮ ચારસો આડત્રીસ વરસની માણસની ખોરાકી બાતલ થાય છે. અને તે સર્વે ઢોરોના ચામડા જો હરએકની કીંમત રૂ. ૩) ની ગણીએ તો રૂા. ચાર અબજ, બત્રીસ કરોડની નુકશાની થાય છે, અને જો તે એક ઢોરને નકામાના કારણથી રોજનો આના એકનો ચારો ખવાડે તો, તે સર્વે ઢોરોનો વરસ ૧૦ નો ખરચ રૂા. ૩૨૮૫૦૦૦૦૦૦૦૦, ત્રણ નીખર્વ, બે ખર્વ, આઠ અબજ, પચાસ કરોડની નુકશાની થાય છે. અને માંસની ખોટ પડવાના કારણથી હાલ જે બકરાં ઘેટાંનું માંસ બે આને શેર વેચાય છે તે આઠ આને પણ મળવું મુશકેલ પડશે. ત્યારે કોઇ ગરીબ ખરીદ કરી શકેજ નહીં. જેથી ખુદા પાસે પનાહ માગીએ છીએ કે, કોઈ દુશમનના ઉપર પણ એવા દહાડા લાવે નહીં. એવીજ તરેહથી હિન્દુસ્તાનના લોકો આગલો પાછલો કાંઇ વીચાર નહીં કરી કંગાલ થત જાય છે. ‡

હવે આવી મોટી ખરાબીની સાથે એને આડે આવનારને શ્રીમન સાહેબ કમબખ્ત એટલે અભાગ્યો કહે છે. અને એ શબ્દ એક ગાળ તરીકે વપરાય છે. અને એને આડે આવનાર તો મુસલમાન અને ખ્રીસ્તીઓજ છે. જો એમાં મોટી નુકશાની પણ થતી હોય જેમકે હિંદુઓમાં લાખો વિધવા દુઃખ ભોગવે છે, તો પણ ધર્મના હુકમ પ્રમાણે આડે આવવુંજ જોઇએ. અને જો પરધર્મીની ખાતરથી તેમ માની લીએ તો હમારા કુરઆને શરીફના હુકમ પ્રમાણે મોટા ગુનેહગાર થયું છે. સુરા અનઆમ રકુ ૧૭ * માટે જો એવા

---

‡ કદાપી દયાનંદ સરસ્વતી પણ આ હિસાબને સમજેલા છે જેથી તેવણુ સત્યાર્થ પ્રકાશ છપાઈલું સને ૧૮૭૫ના પૃષ્ઠ ૩૦૨માં લખે છે "જો કોઇ પણ માસ નહીં ખાયતો ઢોર પક્ષીઓ જેટલાં છે તેથી હજાર ગણા થાય, ફરી માણસને મારવા લાગે, ખેતીમાં અનાજ થાયજ નહીં જેથી સઘળાં માણુસ મરી જાય." ગુ૦ મો.

* તે બાબત આવી રીતે છે. " અને જે લોકોએ અમારી આયાતને જુઠવી તેઓની તાબેદારી નહીં કર " સૂરા અનઆન ૬; ૧૫૦ વળી બીજે ઠેકાણે છે " અને જે લોકોએ જુલમ કર્યો (શિર્ક કર્યો મૂર્તિપૂજા કરી) તેઓની તરફ તેઓ ઝુકો નહીં. ફરી તમને અગ્નિ લાગશે. અને તમારે માટે અલ્લાહ સીવાય કોઇ મદદગાર નથી અને તમને પુશટી આપશે નહીં " સૂરા હુદ ૧૧; ૧૧૩ વળી એક ઠેકાણું છે. " અને યહુદીઓ તથા ખ્રીસ્તીઓ કદી તારાથી રાજી (ખુશ) રહેશે નહીં જ્યાં સુધી તું તેઓના ધર્મની તાબેદારી કરે નહીં. તું કહે (ઓ મોહમ્મદ) અલ્લાહનો માર્ગ તેજ માર્ગ છે અને જો તું તેઓની ખાહેશની તાબેદારી કરશે તારી પાસે ઇલમ (જ્ઞાન, કુરઆન, શરીઅતના કાયદા) આવ્યા પછી તો અલ્લાહથી તારે માટે કોઇ મદદગાર કે પુશ્ટી આપનાર નથી. સૂરા બકર ૨; ૧૨૦ એ વગર બીજી ઘણી આયતો છે. જેથી સાફ જણાય છે કે શરીઅતના કાયદામાં પારકા ધર્મવાળાઓની ખાતર રાખવાની નથી, અને તેઓને લીધે ઇસ્લામી કાયદો છોડવાનો નથી જો હિન્દોઓની વાત માની આજે ગઉ વધ બંધ થશે તો કાલે સીખ લોકો કહેશે કે અઝાન સાંભળવાથી અમને દુઃખ થાય છે તે બંધ કરો ફરી ખ્રીસ્તીઓ કહેશે ઇસા (અલે) ને તમે ખોદાનો દીકરો વધ સ્તંભે ચઢેલો માનતા નથી જેથી અમારૂં દીલ દુઃખે છે માટે અમારૂં કહ્યું માનો, તો આજ પરિણામ આવશે કે ઇસ્લામ તજી દો. ગાયો વધ કર્યાથી હિન્દુઓનું દીલ દુઃખે છે તે ખરૂ જોતાં તેઓના અજાણપણાને લીધે છે કારણ કે હિન્દુ ધર્મમાં ગૌ વધ છે. પણ અલ્લાહ જે સત્યપુજ્ય છે તેને મુર્તી પુજાથી, તેનું ખાસ ગુણ અનાદી હોવામાં આત્મા તથા પ્રકૃતિને ભેળવાથી અને અલ્લાહ માટે ખરી રીતે દીકરો કે ભાગીદાર માનવાથી અમારૂં દીલ ઘણું દુઃખે છે. અને એ દિલગીરી વાજબી છે. અમારા પેગંબરે તેમના શીશયોએ એ વિષે દિલગીરી કરેલી, તો અમારી ખાતર તેઓ કેમ નહીં રાખત, ? ગુ૦ મો૦

શબ્દો વપરાશે તો ભય છે કે, એમાં કાંઈ ફીસાદ થાય. વળી તેવણ મોહમ્મેદન ગઉવધ કરનાર અને ખાનારને ઉતરતા વર્ગના કહે છે. પણ ઘણું કરી બકરી ઈદમાં ઊંચાજ વર્ગના લોક ગૌવધ કરી ખાય છે.

હવે જો હાલનાજ એક કરોડ એંસી લાખ માદા અને તેટલાજ નરમાંથી દર વરસે ૩૨૦૦૦૦૦ એટલે સોળ લાખ નર અને સોળ લાખ માદા કપાય તો પુણ તેની પેહેલીજ પ્રેઢીના આજથી ૬ વરસમાં ૬ વેતર આપી તે મરણ પામે તો, માદાઓની થતી બમણી ઓલાદ અડધી માદા અને અડધા નરની પુરાંતી બાર કરોડ ચાર લાખ ઢોરોની રહે છે, જેમાં ફક્ત માદાના આંકડાં સામે પ્રમાણે છે. અને એમાં વચલા સરવાળા સુધી અસલ માદાના બચ્ચાં છે. અને નીચે તેના બચ્ચાં છે. અને તેમાં તેટલાજ નર મેળવી સરવાળો આપેલો છે. અને અસલ ઢોરોમાંથી પુરાંત રહેલા એક કરોડ અડસેંટ લાખને એટલી મુદતમાં મરણનાં બાદ કરેલાં છે. જેને જોઇએ તે ગણી લીએ.

માદાની જન્મેલી માદાઓની સંખ્યા.
૮૨૦૦૦૦૦
૭૪૦૦૦૦૦
૬૬૦૦૦૦૦
૫૮૦૦૦૦૦
૫૦૦૦૦૦૦
૪૨૦૦૦૦૦
૩૭૨૦૦૦૦૦
૪૧૦૦૦૦૦
૪૧૦૦૦૦૦
૪૧૦૦૦૦૦
૩૭૦૦૦૦૦
૩૭૦૦૦૦૦
૩૩૦૦૦૦૦
૬૦૨૦૦૦૦૦
૬૦૨૦૦૦૦૦
ટો. ૧૨૦૪૦૦૦૦૦

હવે શ્રીમન સાહેબ જે હાલમાં આગલાં વખત કરતાં પ્રજા દુ:ખી થવાનું કારણ ઢોરો ઓછાં થવાનું કહે છે, એ તેમનો ભુલાવો છે. કેમકે જુઓ, તા૦ ૨ ફેબરવારી સને ૧૮૮૮ ના સુરતના દેશી મીત્રમાં, સને ૧૮૧૦ ની કુલ દુનીયાની વસ્તી પત્રકના માણુસ અડશેંટ કરોડ વીસ લાખની હતી તે વરસ ૬૦ પછી એટલે સને ૧૮૭૦ ની વસ્તી પત્રકના કુલ માણુસ એક અબજ, ઓગણચાલીસ કરોડ, દસ લાખની લખેલી છે. ત્યારે સાઠ વર્ષમાં બમણાં માણુસ થયાં, તો હિન્દુસ્તાનમાં પણ હાલના અડધાંજ માણુસ હોવાં જોઇએ. ત્યારે તે વખતમાં દાખલા તરીકે શેર ના ની ખોરાકીમાં માણુસ ૧ ખાતાં વધતું હતું અને હાલ શેર ૧ માં માણુસ ૨) ખાનારા થયાં, ત્યારે લોકોમાં કેમ ગરીબી નહીં આવે ? અને શ્રીમન સાહેબ જે, આજથી ૩૦ વરસ પર બંગાલ ઇલાકામાં દૂધ ઘી ઘણું સસતું હોવાનું, અને હાલ બીજા દેશાવરો ઘી નહીં જવાનું કહે છે એ તેવણ ઊંઘમાં છે. કેમકે તે સસતું હોવાનું એક કારણ તો એજ હતું કે, તે વખતમાં હિન્દુસ્તાનમાં હાલની તરેહથી સર્વ ભાગોમાં આગગાડી થઇને જોડાયલી નહોતી. માટે જ્યાંનું ત્યાંજ સસતું મોઘું વેચાતું હતું. અને હાલમાં જ્યાં કાંઇ ચીજની પણ તાણ પડે છે, તો આગગાડીમાં ભરાઇ ચાલી જાય છે, જેથી સસતું થતું અટકી ગયું છે. અને દેશાવરો ખાતે પણ ઘણુંજ ઘી જાય છે. રંગુન, મોલમીન, પીનાગ, સીંગાપોર, બેંગકોક, હોંગકાંગ, કનતાન, પાડાંગ સુરબાયા, મોરીસ, બીરઓં, જંગબાર, દાલગુબબા, નાટાલ, ડેમરારા, જ્યાં હિન્દુસ્તાનના લાખો માણુસ જઈ વસેલાં છે, અને એમાં કેટલાએક દેશોમાં તો ઘી બનતુંજ નથી. એ સર્વ દેશાવરો ખાતે હિન્દુસ્તાનથીજ દર મહીને હજારો મણ ઘી જાય છે. જેને તપાસવું હોય તો તે માલ ચઢતા બંદરોની કસ્ટમમાં જુએ. અને એજ દેશાવરોમાં અમો લોક જઈ વેપાર કરીએ છીએ, જે નજરે જોઇલું છે- અને એવીજ તરેહથી અનાજ વીગેરે પણ સેંકડો વહાણ આગબોટો ભરાઈ દેશાવરો જાય છે. એટલું આગળ જતું નહોતું. અને તેના જે રૂપીઆ આવે છે તેમાંથી દર વરસે શ્રીમન સાહેબના કહેવા પ્રમાણે રૂપીઆ પચાસ કરોડ ઈંગ્લન્ડ જાય છે. પણ ખરૂં જોતાં તો હાલમાં હિન્દુઓ સર્વ અંગ્રેજી શીખવા લાગી ગયા છે. અને જે શીખી રહે છે તેને ફરી બાપ દાદાની તરેહ ખેતી ખેડની દુકાનદારી કરવી પસંદ પડતી નથી. અને તે સર્વને ખુરશીએ બેસી નોકરી કરી પગાર ખાવાનું જોઇએ છે, પણ તેમ નહીં મળવાથી

દુઃખી થઈ આવી બુમો પાડે છે ! *

હવે, બીજાના ધર્મના દાખલા તેવણે કેટલાક ખરા કહી સંભળાવ્યા છે તે જુઓ કે, ગઉપુકાર ચોપડીવાળાએ અમારા કુરઆન શરીફથી એહરામના વખતમાં (હજમાં એક ક્રીયાનું નામ છે) શીકાર નહીં કરવાનો અને કરે તો, તેના પછી જનાવરોનો ભોગ આપવાનો દાખલો લખી મુસલમાનોને જનાવરોનો વધ નહીં કરવાનો હુકમ સાબેત કર્યો છે, પણ તેવણને એટલી સમજ નહીં પડી કે એ એક ક્રીયાનો વખત છે. (જેમકે, હિન્દુઓથી અપવાસમાં ખાણું રોટલી નહીં ખવાય તેમ) અને તે વખતમાં પણ ગાય બકરાં વધ કરી ખાવાનો હુકમ છે, અને જો શીકાર કરે તો પાછો તેના બદલામાં ઊંટ, ગાય અથવા બકરાનોજ ભોગ આપવો પડે છે. ત્યારે જનાવરો વધ કરવું કયાં મના થયું ? એવીજ તરેહથી શ્રીમન સાહેબ પણ કુરઆન શરીફમાં, ગાય હલાલ એટલે ખાવાનું કબુલ રાખી પાછા મોહમ્મદી ધર્મમાં બકર એટલે ગાય અને મકર એટલે પાખણ્ડ અને શજર એટલે ઝાડ અને અમર એટલે હુકમ અને સમર એટલે ફળ ને હરામ કહે છે. પણ તેવણ એટલું નહીં સમજ્યા કે, બકર એ ગાયનેજ કહે છે ફરી તે હરામ કેમ હોય ? અને આ એક નાની વાત પણ નહીં સમજ્યા કે જો ઝાડ અને ફળ ખાવું હરામ હોય, તો ફરી શું ખાઇને માણસ જીવે ? અને હુકમ કરવો પણ હરામ હોય તો, ફરી કોઈ માણસ કેમ કાંઈ શીખી શકે ? માટે સ્વામી સાહેબનું કહેવું ખરૂં હોય તો તેવણ કુરઆન શરીફમાં એવું સાબેત કરી આપે. અને કુરઆન શરીફમાં ગૌવધ કરવાનું નથી એમ જે સ્વામી સાહેબ કહે છે, તે પણ ખોટું છે. જુઓ, સુરા બકર ના, રકુ ૮ માં ગૌવધ કરવાનું કહેલું છેઃ અને મુસલમાનોને ખાવાનું નહીં મળવાની જગ્યામાં ગઉનું માંસ ખાવાનો મોહમ્મદ પેગંબર સાહેબે હુકમ આપેલો. અને તેવણે હાથે કપડું લપેટી તેનું લોહી ચાખેલું, જે શ્રીમન સાહેબ કહે છે એ પણ તદન ખોટું છે. કેમકે જે ચીજ હલાલ હોય તેને નહીં મળવાથી ખાવાની કાંઇ મતલબ નહી મળે. પણ હરામ ચીજ તેવા વખતમાં ખવાય છે. જેમકે, હિન્દુઓને શ્રીમન સાહેબ ભંગિયાના ઘેરમાં ખાવાનું કહે છે. અને વહેતું લોહી ચાખવું એ તો કુરઆન શરીફમાંજ હરામ કહેલું છે. અને મોહમ્મદ પેગમ્બર સલ્લ-લ્લાહો અલેહે વસલ્લમનું ગાયની કુરબાની કરવી, અને ઘેર બેઠે ગાયનું માંસ ખાવું કુરઆન શરીફથી બીજા દરજાની કીતાબ " સહી બુખારી " અને મુસલીમ શરીફમાં છે. જેને જોઇએ તે તપાસી લીએ. અને શ્રીમન સાહેબ કુરઆન શરીફથી જે પાંચ ચીજોનો ગુનોહ નહીં માફ થવાનું તેમાં ગાય કાપનારને પણ કહે છે અને ભેળે છે અને પઇસા લઇ કસાઇઓ ગાય કાપનારને ત્યાંના માંસને પણ હરામ કહે છે, એ તદન તેવણની ઉપલી કબુલાતથીજ જુદું છે. અને જો સ્વામી સાચા માણસ હોય તો કુરઆનમાં સાબેત કરી આપે. પણ શ્રીમન સાહેબ મુસલમાની ધર્મજ નહીં સમજ્યા, કે કોને કહે છે, તે તેવણને અમે સમજાવીએ છીએ.

જુઓ કે મુસલમાની ધર્મ તેને કહે છે કે હજરત આદમથી લઇને હજરત મોહમ્મદ પેગમ્બર સલ્લલ્લાહો અલેહે વસલ્લમ સુધી જેટલા પેગમબરો એક પછી એક આવ્યા, અને તેવણ સર્વપર ખુદા તઆલાએ, જે જે હુકમ મોકલેલા, અને તેમાં એક પછી બીજાના વખતમાં ફેર નહીં કરેલા, તે સર્વના માનનારાઓને મુસલમાન કહે છે, અને તેમાં એક પેગમબરથી પણ કોઇ ઇનકાર કરનાર મુસલમાનીથી બાતલ થાય છે. તો તેવણ

* નોકરીની આશાએ ઇંગ્રેજી ભણનારનું એવું જ પરિણામ છે અને મન શકિત ખીલવવા હુશીઆરી આવવા દેશી ઈલમ અરબી, ફારસી, ઉર્દુ શું ખોટાં છે, જેમાં પૈસાનો ભોગ તથા પરીક્ષાની હાડમારી તથા આંખો અને શરીર પર ઇંગ્રેજી ભણવા જેવી ખરાબી થતી નથી. મુ. મો.

માંથી મુખ્ય ૫-૬ મોટા મોટા પેગમ્બરોનો, ગૌવધ કરી ખાવાનો હુકમ ખ્રીસ્તીઓની બાઇબલથી સાબેત કરી આપીએ છીએ, જુઓ. ઉત્પત્તી અધ્યાય ૯, વર્ષ ૩માં હજરત નુહ પેગમ્બરને ખુદાતઆલાએ સર્વ પાક જનાવરો ખાવાનો હુકમ આપેલો છે. અને અધ્યાય ૧૫, વર્ષ ૯માં ખુદાતાઆલાએ હજરત ઇબરાહીમ પેગમ્બરને ગાય બકરી વીગેરેને વધ કરવાનો હુકમ આપેલો છે. અને "નીગંમન" અધ્યાય ૩૨માં વાછરડો પુંજનારાઓને ખુદાતઆલાએ હજરત મુસા પેગમ્બરને હુકમ આપી મારી નંખાવ્યા છે. અને "લેવીય" અધ્યાય ૬ વર્ષ ૨ માં તેવણને ગાય બકરી, વધ કરવાનો હુકમ આપેલો છે અને "બીજુ સમોયલ" અધ્યાય ૨૪ માં ખુદાતઆલાએ હજરત દાઊદ પેગમ્બરને, બળદ વધ કરવાનો હુકમ આપેલો છે. અને માત્થી અધ્યાય ૫ વર્ષ ૧૭ માં હજરત ઇસુ ખ્રીસ્ત પેગમ્બરે તે સર્વ શાસ્ત્રો પ્રમાણે ચાલવાનું કહી અધ્યાય ૨૨ વર્ષ ૪માં બળદ વધ કરવાનું કહેલું છે. અને એ સર્વ પેગમરો "પાલશટેન" એટલે (શામ)ના ઇલ્કામાં જયાંની જમીન ઘણી ફળવંત છે, ત્યાં થઇ ગયા છે. અને એ સર્વ પાક ચીજોને કુરઆન શરીફમાં સુરા નહલ, રકુ ૧૫ અને અનઆમ રકુ ૧૬માં ખુદાતઆલાએ મોહમ્મદ પેગમ્બર સુલ્લલ્લાહો અલેહે વસલલમને ખાવાનો હુકમ આપેલો છે, એનું નામ મુસલમાની છે.

હવે શ્રીમન સાહેબે જે એક મોહમ્મેદન યુનાની હકીમની કીતાબથી ગઉનું માંસ ખાવાનો વાંધો બતાવ્યો છે, તે કાંઇ પુરાવો થઇ શકતો નથી. કેમકે હકીમોનો તો ધારોજ છે કે, દરએક ચીજનું વાઇડું, ગરમ, ઠંડુ, અને તેનો નફો નુકશાન બતાવે છે, તેથી કંઇ તે હરામ થઇ શકતી નથી. અને જો એમજ મનાય તો ફરી હિન્દુઓ હમેશ વાલ, વટાણા, કોહોળુ, તુરિયું ખાય છે જેથી ઉનાળાની મોસમમાં કોઢો છુટી કોલેરાની તરેહ થાય છે તે તજવું જોઇએ.

અને ગઉનું માંસ ખાવાના ઘણા ફાયદા છે, તે સર્વમાંથી જાહેર રીતે દરેક સમજી શકે તે આ છે કે યુરોપના માણસો હમેશ ખાઇ એવા તો જોરાવર અને હીમતવાન થયા છે કે, તમામ દુનીયાના ભાગોમાં લડી હાકેમ થઇ ગયા છે.

અને શ્રીમન સાહેબ જે ઇંગ્લંડ અને અમેરિકામાં ગઉવધ નહીં થવાનું કહે છે, એ તદ્દન ભુલાવો છે. કેમકે ત્યાં એટલો ગઉવધ થાય છે કે, ત્યાંના માણસો ખાતાં વધીને હજારો પીંપ ખારા માંસના ભરાઇ બીજા દેશોમાં આવી વેચાય છે.

અને શ્રીમન સાહેબ જે દીવાને હાફેઝથી કોઇનું દિલ નહીં દુઃખાવવાનું કહે છે એ ખરૂં છે. પણ તેવણ એટલું નહીં સમજ્યા કે એ ખોટા કામને માટે નથી, પણ ખરા કામને માટે કહેલું છે. નહીં તો કોઇ ખોટાનો ઇનસાફજ થઇ શકતો નથી. પણ એથી તો ઉલટા હિન્દુઓજ મુસલમાનોના ધર્મનો હુકમ અટકાવવાની કોશીશ કરી તેવણના દિલ દુઃખાવવા નીકળ્યા છે. અને અમે તો ખરી વાતોથી કોઇનું દિલ દુઃખાવતા નથી. અને ગઉવધ કરવાથી સ્વામી સાહેબ હિન્દુઓનું દિલ દુઃખાવવું કહે છે. પણ ગઉવધ કરવાનું હિન્દુઓના વેદમાં કાંઇ અટકાવ નથી પણ હુકમ છે. તે અમે "તજબીહુલ બકર" નામની કીતાબથી નીચે લખી જણાવીએ છીએ.

જુવો "યજુરવેદ" અધ્યાય ૨૪ મંત્ર ૨૮ થી લખ્યું છે કે, બ્રહસ્પતીને માટે ગાયની કુરબાની એટલે (ભોગ) આપવો જોઇએ. અને "ઋગવેદ" અ. ૧૬ અ. ૩ સૂ. ૬ થી લખ્યુ કે તે માંસ ખાવાની ખુલ્લી રજા છે. અને "ઋગવેદ" અં. ૬ સૂ. ૧૬ થી લખ્યું છે કે, ઘણા હેતથી લખેલું છે કે ગાયનું માંસ ઘણો સારો ખોરાક છે. અને ઋગવેદ, અ. ૪ આ. ૧ સૂ. ૧૫ મંત્ર ૮થી લખ્યું છે કે, ત્રણસો ભેંસોની કુરબાની થાય. અને ઋગવેદ, ભાગ ૨

પાનાં ૪૧૦થી લખ્યું છે કે, દુઆ એટલે (આશીરવાદ)ની તરેહથી કહે છે કે, એકસો બીજી પણ એવીજ તરેહથી કુરબાની કરવી જોઇએ. અને પ્રોફેસરે મી૦ વીલસન સાહેબની ઋગવેદની ટીકાથી લખ્યું છે કે, ઘણી મજબુત ગવાહ વેદની આ વાત પર છે કે, વેદના વખતમાં ખુલ્લી તરેહથી ગાયનું માંસ ખાતા હતા અને જગ્યા જગ્યા હિંન્દુઓની દુકાનોપર તે વેચાતું હતું. અને મુંબાઇની પુસ્તક પ્રસારક મંડલીની છપાવેલી "વેદમાં શું છે." એ નામની ચોપડીના પાના ૨૪ થી ૩૦ માં પણ વેદથી ગાય ગોધા મારવું લખેલું છે. ત્યારે હિંન્દુઓનું દિલ દુઃખાવવું કેમ થયું ! પણ હિંન્દુઓ જેમ દુનીયામાં થોડો વખત જીવવાના સુખ ભોગવવા માટે પોતાના ધર્મને મુકી તેમાંજ લાગી ગયા છે, તેમ મુસલમાનો કદી લાગશે નહીં. તેથીજ મુસલમાનો દુન્યાના કાસોમાં પાછળ પડી ગયા છે. કેમકે મુસલમાનો દુન્યાના એક ઘડીના સુખ દુઃખને કાંઇ સમજતાજ નથી. પણ જ્યાં હમેશા જીવી સુખ ભોગવવું છે તેનોજ ખીઆલ રાખે છે. અને એ દેખીતું છે કે મુસલમાનનો છોકરો સમજતો થયો કે, તેને કુરઆન પઢાવી ધર્મના હુકમથી વાકેફ થવા મદરેસામાં મોકલે છે. અને હિન્દુનો છોકરો સમજતો થવાથી આંકની ચોપડી અને નામું લખવા શીખાડે છે, જેથી હજારોમાં પણ એક વેદ પઢેલો નથી.*

હવે શ્રીમન સાહેબ કહે છે કે, ભેંસો બાર માસે વિયાય છે, અને બકરી પણ લાંબી મુદતે વિયાય છે જેથી બાળકોને તેનું દૂધ આપી શકાતું નથી. અને ગાય ૯ માસે વિયાતી હોવાથી તેનું દૂધ અડચણ કરતું નથી. પણ તેવણને આટલી ખબર નથી કે બકરી વરસમાં બે વાર બે, ત્રણ બચ્ચાં વિયાય છે. અને જો આમ નહીં વિયાતી હોય તો, હિન્દુસ્તાનમાં કુલ મોટા કલેકટરી શેહરો ત્રણસો છે, અને દરએકને પેટે ઘણા ગામડાંઓ છે, તે દરએક ઇલાકા દીઠ ઓછામાં ઓછા રોજના બસો બકરાં કપાતાં હોય તો રોજના સાઠ હજાર કપાવાં જોઇએ, પણ કદી તેની ખોટ પડતી નથી. અને ગાયના દૂધ વગર બાળકોને મરણ પામવાનુંજ કહે છે એ પણ ખોટું છે.† કેમકે એવુ કોઇ ગામ નથી કે, ત્યાં ગાયો નહીં હોય. અને મોટા માણસ તો ઘણું કરી ભેંસનુંજ દૂધ ઘી વધારે પસંદ કરે છે.

અને શ્રીમન સાહેબ જે ગાયના છાણનો ફાયદો બતાવે છે કે જે જગ્યા કોલેરાનો રોગ થયો હોય ત્યાં તેના છાણથી લીપે તો કોલેરા અટકી જાય છે એ પણ તદન ખોટું છે. કેમકે હિન્દુઓના ઘરો છાણથીજ લીપાય છે. અને અમારા ગામમાં ગયા મે માસમાં કોઇ કોમમાં નહીં પણ ફક્ત ઢોરો પાળનારા ખેડુત કણબીઓમાંજ કોલેરા જારી હતો. પણ હા, તેનો ફાયદો એટલો તો છે કે, કોઇ હિન્દુ દરીઆપાર જાય અથવા તો પરકોમના વાસણમાં ખાય પી લે તો તે વ્રત કરી પંચગવ્ય એટલે દૂધ, દહિં, ઘી, છાણ અને મૂત્ર પીને પવિત્ર થાય છે, જે તોહફતુલ હિન્દના પાના ૫૯માં અને ગઇ ૧૫મી જાનેવારીના ભરૂચના દીનમણી છાપામાં લખેલું છે. પણ અફસોસ છે કે ગુનેહગાર માણસને ખુદાને ત્યાં નરકમાં પડવાનું કહી છાણ મૂત્ર જેવું નરક પીને પવિત્ર થાય છે.

હવે શ્રીમન સાહેબ ગૌવધ અટકયાથી પ્રજાનો લાભ બતાવી ગાયને માતા અને નારાયણ એટલે પોષણ કરનારી ખુદા જેવી માનવાનું કહે છે. પણ એટલું નહીં સમજ્યા કે, ખુદાએ સર્વ ચીજો માણસનેજ માટે પેદા કરી છે. અને તેમાં કોઇને પોષણ કરવાની શક્તિ નથી. કેમકે જો પૃથ્વીમાં

---

* વેદ વાંચેલાની જગ્યા જો એવી રીતે કહીએ કે હજારોમાં એક વેદ આંખે જોયું નથી તો પણ ખરૂં છે. ગુ૦ મો૦

† એક કારણ આ પણ છે કે બાળકો પોતાની માતાનુંજ દૂધ પીએ છે તેને બીજા જાનવરના દૂધની જરૂરજ નથી તથા કોઇકજ બાળક એવું હોય છે કે તેને માનું દૂધ નથી તેને માટે બીજું દૂધ પુરતું છે. ગુ૦ મો.

ઘાસ, દાણા નહીં પાકે તો ગાય શું કરી શકે છે? પણ તે પોતાનુંજ પોષણ કરી શકે નહીં, ત્યારે પૃથ્વીનો દરજ્જો મોટો ગણવો જોઇએ. પણ તેના ઉપર તો રાત, દિવસ અધીએ મૂત્રીએ છીએ. એવીજ તરેહ પૃથ્વી પર પણ વરસાદ નહીં પડે તો તે શું કરી શકે છે? અને વરસાદને પણ વાદળાં નહીં ભરી લાવે તો તે શું કરી શકે છે? અને વાદળાંને પણ ફીરસતા નહીં ભરાવી લાવે તો તે શું કરી શકે છે? અને ફીરસતાને પણ ખુદાનો હુકમ નહીં થાય તો તે શું કરી શકે છે? ત્યારે સર્વથી મોટો દરજ્જો ખુદાનોજ થયો. માટે તેનેજ સર્વનો પોષણ કરનાર સમજી તે એકનીજ બંદગી કરવી જોઇએ. પણ શ્રીમન સાહેબ તેની જગાએ મુરતી પૂજવાની કસુર કબુલ કરી મુસલમાનોને કાબા શરીફ તરફ મોઢું રાખી નમાજ પઢવામાં મૂર્તિપૂજક કહે છે. પણ એટલું નહીં સમજ્યા કે, મૂર્તિપૂજક તેને કહે છે કે, કોઇ પણ ચીજનો આકાર સામે રાખી પૂજા કરે. ત્યારે જો મુસલમાનો મૂર્તિપૂજક હોતે તો કાબા શરીફનો આકાર પાડી એક ઠેકાણે સામે રાખી બંદગી કરતે. પણ જો કોઇ તેમ કરે તો મુસલમાનીથી બાતેલ થાય છે.* અને તેજ તરફ મોઢું રાખી નેમાજ પઢવાનું કારણ એ છે કે, મુસલમાનોને ખુદાં તઆલાએ કોઈ પરધર્મીની તરેહપર બંદગી કરવાની અને ચાલવાની મનાઈ કરી છે. ત્યારે દુનીયામાં કોઈ ધર્મ વાળાને બંદગી કરવાની રૂખ (દીશા) નથી. અને જેમ જેને ફાવે તેમ મોઢું કરી બંદગી કરે છે. અને મુસલમાનો પણ તેમ કરેથી તેવણુને સાથે મળતા થાય છે. માટે તે સર્વથી જુદાજ રહેવાના કારણથી સર્વ દુનીયાના મુસલમાનોને, પૃથ્વીના વચમાં એક નીશાન કાબા શરીફની બતાવી આપી કે સર્વ તેજ તરફ મોઢું કરી નમાઝ પઢે. એવીજ તરેહથી હિન્દુઓ ભુલાવામાં પડી

સદા જીવી સુખ ભોગવવાની મુક્તિ પામવું ખોતા જાય છે. પણ જો ખરાજ માર્ગ પર ચાલી ખુદાને ત્યાં છુટકારો પામી સ્વર્ગમાં દાખલ થવાની ફીકર હોય તો એવીજ તરેહ મુસલમાનોથી તેની તપાસ કરી અમારી તરેહ એક ખુદાને માનનારા થઇ જાય, અને નહીં તો ઇનસાફના દિવસે પસતાવું કાંઇજ કામ આવશે નહીં. કાસેદ (સંદેશો પોહોંચાડનાર) ઉપર પોહોંચાડી આપવુંજ છે. એ વીશે અમે આ જગ્યા કાંઈ વધારે લખતા નથી. પણ જો વધારે વાકેફ થવું હોય તો, અમારી રચેલી ચોપડી "હિદાયતે હિન્દુ" † માં જુઓ.

હવે ઉપલા સર્વ હીસાબોથી કોઇ કહે કે, એમાં જેમ ઢોરોનો વધારો બતાવ્યો છે તેમ આગલા વરસોથી હાલ કેમ નહીં વધ્યા? તો તેના જવાબમાં અમે કહીએ છીએ કે, જેમ ઢોરો વધે છે તેમ ખાનારા પણ વધતા જાય છે. તેથી તેટલી સંખ્યા વધતી નથી. અને અસલ વાત તો આ છે કે, અમે દુન્યાના ધારા મુજબ હીસાબ કરી બતાવ્યો છે, તો તેમાં અસંભવિત જેવું કંઇ હોય અને ભૂલ હોય તો બતાવી આપો? અને ખુદાનેજ એવી રીતે વધારવું મંજુર નહીં હોય અને આજેજ સર્વ ઢોરોમાં આફત મોકલી મારી નાખે તેમાં અમારો અખત્યાર નથી. અને ઢોરોપર એવી આફત આવે પણ છે. નહીં તો દુનીયામાં માણસને રહેવાની જગ્યા પણ રહે નહીં.

હવે શ્રીમન સ્વામી સાહેબ કેવા માણસ છે, અને તેવણુના કામો કેવાં છે તે કાંઇ અમે જાણતા નથી. પણ તા૦ ૭ મી જુલાઈ ૧૮૮૮ ના મુંબઇના "ગુજરાતી" નામના છાપામાં તેવણુની તારીફ જોઇ, અને આ ચોપડીમાં તેવણે મોહમ્મદન ધર્મના, નામથી આપેલા દાખલાઓનો જવાબ જોઇને ફરી લોકો તેવણુના ભાષણો સાંભળે તો સારૂં છે.

* આર્યાઓ હમેશા કાબા તરફ મોં કરવાને કાબા પૂજવાનો દોષ મુસલમાનો ઉપર મુકે છે એનો પુરતો જવાબ માર પુસ્તક 'સત્યાર્થપ્રકાશનું ખંડન" પૃષ્ટ ૫૮, ૫૯ વગેરેમાં છે. ગુા૦ મો૦

† તથા તોહફતલ હિન્દ જે ઇ મેજી. ગુજરાતીમાં છપાઈ છે તે વાંચે. એ સનાતનીઓ માટે રસ્તોમાં છે. અને "સત્યાર્થ પ્રકાશનું ખંડન" ગુજરાતી વાંચે, જે આર્યાઓ માટે માર્ગ દર્શક છે ગુા મો.

હવે આટલેથીજ અમે સમાપ્ત કરી ખુદા-તઆલા પાસે દુઆ માગીએ છીએ કે, એ અલ્લાહ આ ચોપડીને સર્વની સમજમાં લાવી ખરી વાતની સમજ પાડી અમારા જેવા એક ખરા ખુદા નિરંજન નિરાકાર માનનારા કરો, અને અમો ગુનેહગારના ગુનાહ અને તેમાં કાંઈ ભૂલ ચૂક થઇ હોય તે માફ કરી છેલી ઘડી સુધી અમો અને અમારા ભાઇઓને સાથ ઇમાનથી લેશો. આમીન. આમીન. આમીન.

સંમાપ્ત.

આ ચોપડી "સ્વામી આલારામને જવાબ" સને ૧૩૦૭ હિજરીના જમાદિલ અવ્વલ મુતાબેક અને ૧૮૮૯ ઇશ્વીના ડીસેમ્બરમાં મેં ગુલામ મોહમ્મદ બી. હાજી હાફેજ સાહેકે રચી પ્રગટ કરી પોષ્ટ મારફતે રજીસ્ટર કરી સ્વામી આલારામને પહોંચાડી હતી, પણ આજ સુધી કોઇએ એનો જવાબ આપ્યો નથી. એ ચોપડી પ્રગટ થયા પછી આશરે ત્રણ મહિને સુરતની આર્યસમાજના મંત્રીએ મારી સાથે વાતચીત કરતાં કહ્યું કે હું કુરઆનથી ગઉવધ કરવો હરામ સિદ્ધ કરવા તૈયાર છું તે ઉપરથી તેમની સાથે સભામાં વાદવિવાદ કરવાનો ઠરાવ થયો. ભવાનીના વડ આગળના મંદીરમાં સભા મળી હિન્દુઓ આસરે ૩૦૦ માણસો હતા. હું ત્રણ ચાર માણસો સાથે હાજર થયો. ત્યાં અડધો કલાક થોભ્યો હશે, એટલામાં એક સમાજીએ સભા વચ્ચે ઉઠી કહ્યું કે અમો તમારી સાથે વાદવિવાદ કરવા ચાહતા નથી. અમારા પંડિત વ્યાખ્યાન આપશે તે સાંભળવું હોય તો બેસો. મેં કહ્યું, હું વ્યાખ્યાન સાંભળવા આવ્યો નથી, વાદવિવાદને માટે આવ્યો છું તેમ છતાં જો તેવણના વ્યાખ્યાન બાદ મને બોલવાનું હકક આપો તો હું બેસું. પણ તેઓએ સાફ ના પાડી, જેથી લાચારીએ ત્યાંથી પાછું આવવું પડયું.

મોટો મેહેરબાન રહમ કર્ત્તા અલ્લાહના નામથી.

હે ખુદાવંદ તારીજ હું પ્રાર્થના કરૂં છું. તુંજ મને રોજી આપનાર છે. તુંજ મને મદદ કરનાર છે. તુંજ મારા પાપોને જોઇ ચુપકો રહેનાર છે અને છુપાવનાર છે. તારા હુકમપર કોઇનો હુકમ મળે નહીં. તારા હુકમનો ભેદ દરેક સમજી શકતો નથી. પણ જેપર તું પ્રગત કરે. તારા હુકમને ખોટો સમજી સવાલો કરનારને તુ શીક્ષા દે. ને તારા હુકમને પ્રગટ કરનારની તું મદદ કર. ને તારા નબીઅવાદી મોહમ્મદ સાહેબપર તથા તેવણના સહાબીઓપર તથા તેમના માર્ગ ઉપર ચાલનારાપર તું દરૂદ અને સલામ મોકલા કર.

સાહેબો જો કે હું ખ્રીસ્તીઓના એક ચોપાનીયાના રદ લખવામાં હતો પણ મેં જ્યારે તા૦ ૧૯મી ડીસેમ્બર ૧૮૮૯ નો છપાઇલો છાપો 'મુંબાઇ સમાચાર' જોયો કે તેમાં પણ્ડિત સ્વામી આલારામ અલાહબાદવાળાએ ભાષણ કીધેલું તેમાં છપાયું છે. તે વાંચ્યા પછી મારા દિલમાં આ વાત આવી કે આ ભાષણમાં સ્વામી સાહેબથી જે જે ભૂલો થઈ હોય તે એક ચોપડીમાં લખી પ્રકટ કરૂં. જેથી મારા ભાઇઓ મુસલમાનોને એ ભૂલોની ખબર થાય અને સ્વામી સાહેબે જે જે શબ્દો ભાષણમાં લખ્યા છે, તે હિન્દુઓપર પણ

જાહેર થાય, કે સ્વામી સાહેબે કેવી તરેહના જ્ઞાન અને વિદ્યાથી ભાષણ કીધું છે. હું આ વાતપર અફસોસ કરૂં છું. કે સુરત તથા મુંબાઈ વગેરે શેહેરોમાં ગૌરક્ષા વીષે મંડળીઓ છે. અને તેઓ તરફથી ઘણા માણસો પગાર ખાઈ ભાષણો કરવા નીકળે છે. પણ હમારી એક નાની સરખી ચોપડી નામે 'જવ્વાબે ગૌરક્ષા'નો જવાબ અપાયો નથી. અને એઓપર તો આ જરૂર છે કે પ્રથમ હમારી ચોપડીનો જવાબ આપે પછી ભાષણ કરે, કારણ કે મજંકુર ચોપડીમાં ભાષણોનોજ રદ છે.

પણ્ડિત સ્વામી આત્મારામનું ભાષણ.

સ્વામી—હિન્દુ ધર્મ પ્રમાણે ગાયનું રક્ષણ કરવું એ પ્રાચીન કાળથી છે વેદમાં લખેલું છે કે સ્વર્ગમાં મદદ કરનારને કદી મારવું નહીં. *

જવાબ—સ્વામી સાહેબ, પ્રાચીન કાળમાં તો હિન્દુઓ ગાયનું માંસ ખાતા તો શું પણ વેચતા પણ હતા. જુઓ પ્રોફેસર "વીલીસન" સાહેબ ઋગવેદની ટીકામાં લખે છે કે વેદની પાકી ગવાહી આ વાતપર છે, કે વેદના વખતમાં ખુલ્લી રીતે હિન્દુઓ ગાયનું માંસ ખાતા હતા. અને જગ્યાએ જગ્યાએ હિન્દુઓની દુકાનોપર એ માંસ વેચાતું હતું." પણ જો સ્વામી સાહેબને એમ ખટકે કે હમે ખ્રીસ્તીના લખાણને નહીં માનતા તો એનો જવાબ હું "તજબીહુલ બકર" નામની કીતાબથી લખી જણાવું છું કે જુવો તમારા વેદમાં ગૌહત્યા છે. યજુરવેદ આ૦ ૨૪ મા૦ ૨૮ બ્રહસ્પતીને માટે ગાયની કુરબાની કરવી જોઇએ. તથા ઋગવેદ આ૦ ૨ આ૦ ૩ સૂ૦ ૬ માં એ માંસ ખાવાની ખુલ્લી રજા છે § અને વેદનું લખાણ (સ્વર્ગમાં મદદ કરનારને કદી મારવું નહીં) થી જો ગૌરક્ષા સાબેત કરતા હો તો ઉપલા શ્લોક યજુરવેદ તથા ઋગવેદના એ વાતને ખોટી પાડે છે. તો સ્વામી સાહેબને જરૂર આ અર્થ કરવા પડશે કે વેદમાં લખેલી ગાય તથા બીજા જાનવરો વગર બીજા કોઇ મદદ કરનારને મારવું નહીં. અને વિદ્વાનોના કાયદા પ્રમાણે કે એક વાત એક જગ્યાથી ખુલ્લી રીતે જણાતી હોય અને બીજી જગ્યાથી ખેંચી ખાંચીને અથવા ઇશારાથી તે વાતને વિરૂદ્ધ જણાતી હોય તો ખુલ્લી વાતપર અમલ કરવો જોઇએ. તો આ કાયદાથી આ જણાઇ ગયું કે ગૌહત્યા કરવી જોઇયે. કારણ કે એ વીષે તો ખુલ્લું લખાણ છે, ને રક્ષણ માટે તો વિદ્વાન સ્વામી સાહેબ ખેંચી ખાંચીને લાવે છે. અને વેદમાં કેવી રીતેથી ગૌહત્યા લખેલી છે, એનો સારી રીતે ખુલાસો જોવો હોય તો ગોરજી "આતમા રામજી"ના ગ્રંથ અજ્ઞાન તિમિર ભાસ્કરમાં જુઓ.

સ્વામી—ગાયનું રક્ષણ કરવા ભાગવતમાં લખેલું છે.

જવાબ—સ્વામી સાહેબ જ્યારે તમારા વેદમાં ગાય કાપવાનું લખેલું છે, (એના દાખલા મૂરતી રીતે ગોરજી આતમારામના ગ્રંથમાં છે) પછી ભાગવતને તમે આર્યા થઇને વધારો અને તે દાખલાને વેદના વિરૂદ્ધ જણાવો એ ઘણું અજબ જેવું છે. હવે તમો ભાગવતથી લખો છો તો જરા મહાભારતના શાન્ત પર્વ ફસલ (૩) માં જોતે તેમાં છે, જે માંસ જનાવરનું જેપર વેદ ભણાયું હોય તે પવીત્ર છે. અને તેનો ખાનારો ન ખાનારાના બરોબર છે. અને જેપર વેદ ભણાયું નહીં હોય તે દુરસ્ત નથી. શું એ વાત ગૌરક્ષણ કરવાનું કહે છે?

---

* આથી જણાયું કે વેદમાં ગાયને મારવાની મનાઈનો હુકમ ગાય શબ્દથી અપાયલો નથી. અને "સ્વર્ગમાં મદદ કરનાર" એથી ગાય સમજવી એ એમની સમજની ખુબી છે. હિન્દુઓના પુસ્તકોમાં ગાયને [illegible] બોલનાર અને તેની સભામાં ઘુ ખાતી થવાનું લખાયું છે તે સ્વર્ગમાં મદદ કરનાર કેવી? ગુ. મો.

§ એ વાતનો ટેકો મનુ. અ. ૫ શ્લો ૩૬થી પણ મળે છે તે આવી રીતે "જે પશુઓનું વેદ મંત્રથી સંસ્કાર નહીં થયો તેનું માંસ બ્રાહ્મણ નહીં ખાય પણ સંસ્કાર થયલા જાનવરોનું માંસ ખાય" તથા મનુ આ ૫ શ્લો ૪૪ માં પણ વેદને આધારે માંસ ખાવાની ખુલ્લી રજા છે. ગુ મો.

સ્વામી—દૂધ, દહિ વગેરે મનુષ્ય ખોરાક આપણને ગાય આપે છે ત્યારે તે જનાવરને મારી નાખી આપણા આ કીંમતી ખપનો અટકાવ કરવો એ સમજદાર માણસને છાજતું નથી.

જવાબ—દૂધ, દહિ, ઘી, વગેરે માણસોનો ખોરાક છે. પણ ગૌરક્ષણ કરવાથી જેઓ ગાય પાળતા નહીં તેઓપર એ ખોરાક મળવો કઠણ થઇ જાય છે અને પાળનાર અને નહીં પાળનાર એવો દુષ્ટ કાળ આવે કે ખુદાની પનાહ. કારણ કે ગૌપુકાર વાળાના કહેવાથી કે ગાય જો પાંચ પેઢી રહે તો ૧૫૫૫ ગાય થાય છે, તો જો ગૌરક્ષણ થાય તો શ્રીમન સ્વામીના કહેવા પ્રમાણે કે એક કરોડ એંસીલાખ ગાયો હીંદુસ્થાનમાં છે. એને ૧૫૫૫) પર ગુણશો તો સતાવીસ અબજ નેવાસું કરોડ થશે. અને જયારે પાંચમી પેઢીએ એટલાં જાનવર થશે ત્યારે ૧૫૫૫ ગણો ચારો પણ જોઇશે. ને જો હાલની જમીનપર ઉગતી ઘાસ કરતાં તે વખત ૫૦ ગણી ઉગે તો પણ ૧૫૦૦ ગણી ચારાની જરૂરત પડશે તો તેટલો ભાવ પણ ચઢશે. તો હાલમાં રૂપીયા દસે હજાર મળે છે તો તે વખત રૂપીયા પંદર હજારે હજાર મળશે. ત્યારે એક પુળી રૂપિયા પંદરે પડી. હવે સ્વામી સાહેબની પુછું છું કે જે માણસ રૂ. ૧૫)ની એક પુળી ખવરાવે તે દૂધ, શેર કેમ વેચશે ? અને ૧૫૦૦) ગણા ચારાની જરૂરતથી જમીનો ખેડતી સુકાય તો દુષ્ટ કાળ આવે. હવે હું આ જવાબ વાંચનારથી આશા રાખું છું કે ગૌહત્યાથી જે આ દુઃખ ટળે છે તેને આડે આવનાર તે કમસમજ કે જે ગૌરક્ષણ કરાવે જેથી આ દુઃખ આવે તે કમસમજ ? બીજું આ દાખલો લખાયેલો ફક્ત ગૌપુકારના લખાણ પ્રમાણે છે અને એક ગાયની ૧૫૫૫ ગાય પાંચ પેઢીએ થાય એની સાબીતી ગૌપુકારના કર્તાપર છે. અને બીજા દાખલાઓ હમારી ચોપડી જવાબે ગૌરક્ષામાં છે.

સ્વામી—ગૌરક્ષણથી આપણો ખજાનો ભરપૂર હતો તેજ ખજાનો હાલ ગૌભક્ષથી ખુટી ગયો છે.

જવાબ—સ્વામી સાહેબ! ખજાનાથી શી મતલબ છે ? જો એમ કહો કે અનાજ, કે તે પ્રથમ સસતું હતું એટલે આપણો ખજાનો ભરેલો હતો અને મોઘું થવાથી આપણો ખજાનો ખુટી ગયો તો એ તો ખોટું છે. કારણ કે આગળ જઇને તમે પોતે બતલાવો છો કે અનાજના લાખો જહાઝો હીંદ દેશમાંથી ઇંગ્લાંડ જાય છે ત્યારે ગૌ કાપવાથી શું નુકશાન થયું ? એ તો પારક મુલકમાં આપણા દેશનો અનાજ જાય તેથી મોઘું થયું છે. બીજું દુન્યાના હીસાબ પ્રમાણે કે જો એક શેર અનાજ હોય અને એકજ શેરને ખાનાર હોય તો બરાબર થઇ રહે અથવા કમતીના ખાનાર હોય તો બચે. તો જુવો કે સુરતન દેશી મીત્ર તા૦ ૨ ફેબરવારી સને ૧૮૮૮મા છપાયું છે કે ૧૮૧૦ની વસતી પત્રકમાં કુલ દુનીયાના માણસો અડસેંટ કરોડ વીશ લાખ હતને વરસ સાઠ પછી એટલે ૧૮૭૦ની વસ્તી પત્રકમાં એક અબજ ઓગણચાલીસ કરોડ થયાં તો ઉપલા કાયદા પ્રમાણે જ્યારે એકની જગ્યાએ બે થયાં ત્યારે કેમ મોઘું નહીં થાય ? ત્યારે ગૌહત્યાએ શું નુકશાન કીધું ? હાં આર્યાઓ કંઇ પુનર્જન્મ એટલે (મરા પછી બીજામાં ઘુસવું) જારી કરતા હોય તો એમ થાય ખરૂં કે હમણા ગૌવધ કરવાથી તેનો પવીત્ર આત્મા માણસમાં ઘુસે છે. તેથી માણસનો વધારો થાય છે ને આર્યાઓપર દુઃખ પડે છે. ને જો ગૌરક્ષણ થાય તો એના આત્મા નીકળીને માણસમાં નહીં ઘુસે જેથી માણસનો વધારો નહીં થાય ને સસતું વેચાય ને ખજાનો આર્યાઓનો ભરપૂર રહે. તો તો સ્વામી કહી શકે છે કે પ્રથમ હમારો ખજાનો ભરપૂર હતો ને હમણા તે ખુટી ગયો. પણ એ દાખલો તો કહીજ નથી શકતા. અને જો ખજાનાથી કંઇ બીજી મતલબ હોય * તો મેહેરબાની કરી સ્વામી સાહેબ બતાવશે.

---

* અને જો ખજાનાથી મતલબ રૂપીઆ છે તો તેનું ખાલી થવાનું કારણ તો શ્રીમન સ્વામી વગેરે પોતાના ભાષણોમાં કહી ગયા છે અને કહે છે કે દર વર્ષે પચાસ કરોડ રૂપીઆ હિંદુસ્થાનથી ઇંગ્લાંડ એ ચાલે છે તો, છે. ફરી ગઉ હત્યાને શા માટે બદનામ કરો છો. ગુ. મો.

સ્વામી—ગાયની સંખ્યા ઓછી થવાથી બળદની સંખ્યા નામની થઈ જાય છે. અને બળદ વગર † રાજા પ્રજા ગરીબ અવસ્થામાં આવે છે.

જવાબ—મેહેરબાન સ્વામી સાહેબ ગૌવધથી કંઇ ગૌ ઘટતી નથી. એના દાખલા પ્રથમ પણ લખ્યા હતા. પણ એક ઠુંકાણથી ફરી પણ જણાવું છું. શ્રીમન સ્વામીએ મુંબઇમાં પોતાના ભાષણમાં જણાવ્યું હતું કે દરરોજ હિંદુસ્થાનમાં ૯૦૦૦) ગાયો કપાય છે તો એ હિસાબથી વરસમાં બત્રીસ લાખ ચાળીસ હજાર થઇ. અને એવણે ભાષણમાં બતલાવ્યું હતું કે હિન્દમાં ખેતીમાં આવતાં એક કરોડ એંસીલાખ ઢોર છે. તો હું કહું છું કે આટલાં જણનારાં પણ હોવાં જોઇએ. ત્યારે તમારા કહેવા પ્રમાણે કે ગાય ૯) માસમાં એક બચ્ચું જણે તો વરસમાં ૧ કરોડ ૮૦ લાખ બચ્ચાં થયાં. હવે આ હીસાબ એક છોકરાને પણ પૂછાશે તો માલમ પડશે કે વરસ દહાડે ૩૨ લાખ ૪૦ હજારનો ખર્ચ હોય ને એક કરોડ ૮૦ લાખની આવક હોય તો તે કદી ખુટે નહીં. તો શા માટે કહો છો કે બળદની સંખ્યા નામની રહી જાય ?

સ્વામી—ગાયને માતા સમાન શાસ્ત્રમાં લખી છે, જે સામે કેટલાકો વાંધો દેખાડી કહે છે કે દૂધ દેનાર ભેંસ ને બકરી પણ છે, ત્યારે તે માતા કાં નહીં ગણવી જોઇએ. તો તેવા કમસમજને વિદ્યાના બળથી સમજ આપવી જોઇએ કે સંસ્કૃતમાં રક્ષણ કરનારનો અર્થ માતા થાય છે.

---

† જેટલાં જાનવરો વાપરવામાં આવે છે તેમાં નર માદા બંને વપરાય છે. ઉંટ ઊંટણી, ઘોડો ઘોડી હાથી હાથણ તે પ્રમાણે ગાય અને બળદ બંનેથી ખેતી વગેરેનું કામ લેવાવું જોઇએ. કુરઆન સુરા બકર (આય) ૬૭૧ થી ગાયનું ખેતી ખેડવું કોસ ખેંચવું સિદ્ધ થાય છે. તો હાલમાં મુસલમાનો ગાયને જોડતા નથી એ હિન્દુઓની ચાલ પ્રમાણે છે. એ રીવાજ તજવો જોઈએ. ગ્રા. મો.

જવાબ—ગાયને જે હીંદુઓના શાસ્ત્રમાં માતા કહેવાઈ છે, તેનું મુળ કારણ એ છે કે હિંદુઓના માનવા પ્રમાણે એના શરીરમાં દેવતા રહે છે. જુઓ આ તો બધા હિંદુઓ કહે છે કે આપણો રક્ષક એકજ છે તે સાથે માતાઓ ઘણી માને છે. તો જો તમારા કહેવા પ્રમાણે રક્ષણ કરનારને કહેતા હોય તો પછી શા માટે દેવીઓને માતા કહો છો? આથી માલમ પડયું કે માનવાની જણસને તથા પૂજવાની ચીજને માતા કહે છે.

સ્વામી—વળી વિદ્વાન ડાકટરોથી સાબેત થયલું છે કે બકરી છ મહિને જન્મતી હોવાથી તેનું દૂધ પીનારને હલકું છે અને ભેંસ બાર મહીને માર્ગ ઉપર આવતી હોવાથી તેનું દૂધ ભારી છે પરંતુ સ્ત્રીઓની માફક ગાય નવ મહીને બચ્ચાનો જન્મ આપતી હોવાથી ગાયનું દૂધ માતાના દૂધ સરખું તંદુરસ્ત અને સ્વાદીષ્ટ છે.

જવાબ—હું પૂછું છું કે ડાકટર સાહેબથી આ પણ પૂછયું હતું કે દૂધ સર્વેને માફક આવે છે કે કોઇને નુકસાનકારક પણ છે ? જો તેવણ કહેતા હોય કે સર્વેને માફક છે તો એ તો ખોટું છે. કારણ કે ઘણા માણસો અર્ધો સેર કે સેર દૂધ પીએ તો તેને પચતું નથી ને લાગસો કળશીઓ પકડે છે. તેનું કારણ એ છે કે તેને એ દૂધ ભારી પડે છે. ત્યારે તેને ડાકટર સાહેબના કહેવા પ્રમાણે બકરીનું દૂધ હલકું છે તે પીવું જોઇએ. અને ઘણા માણસ ભારે દૂધ પણ હજમ કરી શકે છે ત્યારે તેઓને જોઇએ કે ભેંસનું દૂધ પીએ. કારણ કે ભારી ચીજો હજમ થવાથી સારી થાય છે. ત્યારે ગાયના દૂધનું ઉત્તમપણું શું ? ને મારા જોવામાં ઘણી જગ્યાએ બચ્ચાને બકરાંનું દૂધ પીવડાવે છે, કારણ કે બચ્ચામાં હજમ કરવાની ગતી થોડી હોય છે. અને ડાકટર સાહેબ કહે છે જે ગાયનું દૂધ માતા જેવું છે. એ તદન ખોટું છે કારણ કે માનું દૂધ તે કદી તેના છોકરાને ભારી પડતું નથી. ને ગાયનું દૂધ ઘણા છોકરાંને સદતું નથી.

સ્વામી—કેટલાકો દૂધને ગાયના લોહીમાંથી

પેદા થવાનું જણાવે છે. તેઓ પણ તેમ કરવામાં મોટો ભુલાવો કરે છે. કારણ કે દાખલાથી સાબેત થાય છે કે સોનું પીળું હોય છે અને લોખંડનો ગુણ કાળો છે તેવી રીતે દૂધ જો લોહીમાંથી નીકળતું હોય તો તેનો રંગ સફેદ નહીં પણ લાલ હોવો જોઇએ. વળી લોકોના ભુલાવાને ખોટો પાડવા બીજો પુરાવો એ પણ છે કે ગાય સઘળું દૂધ દે છે તે જો સઘળું તેનું લોહી હોય તો દશ દીવસ પણ તેટલું લોહી દરરોજ જતાં ગાય જીવવા પામે નહીં. વળી લોહી અને દૂધ સુગંધીથી પણ જુદાં પડે છે.

જવાબ—હે સ્વામી સાહેબ, જરા તો ફલસફા અથવા વૈદક જાણો? એમને એમ પોતાનો આબ કેમ ખુવો છો? આ તમારૂં કહેવું કે જો દૂધ લોહીથી બનતું હોત તો લાલ હોવું જોઇએ, તદન ખોટું છે. જુઓ વૈદકના નીયમ પ્રમાણે વીર્ય (મની) લોહીથી બને છે. પછી કેમ તેમાં લાલી નથી? અને કેમ બેઉ રંગમાં જુદાં છે. એવી રીતે કોલેરામાં જે પાયખાનું થાય છે, તે પણ લોહી પાણી થઈ નીકળે છે. અને ગંધમાં બેઉ જુદાં છે અને લાલ હોતું નથી. તથા માણસના શરીરપર જો અગ્ની પડે તો લાગલો ફફોલો પડે છે ને પાણી ભરાઇ આવે છે. પણ એમાં લોહીનો રંગ હોતો નથી. અને લોહીથી બને છે. અને માણસના ઉત્પન્ન થવાનો હાલ કે માના પેટમાં પ્રથમ એક બુન્દ રહે છે, પછી રહેતાં રહેતાં તે કેવી હાલતે પહોંચે છે. પછી તમારા કહેવા પ્રમાણે જેથી પેદા થઇ તેવો રંગ અને તનાં જેવું વાસવાલું થવું જોઇએ. તો માણસમાં અને વીર્ય (મની) માં તથા બેઉના રંગમાં શો સંબંધ છે? બીજું જુઓ કે વૈદકમાં કેટલીક દવાઓ લખાઇ છે કે તેણુથી લોહી વધે છે. તો હું કહું છું કે દવાના વાપરવાથી તે દવા પેટમાં જઈ લોહી થઈ જતી હશે અથવા તે દવા પેટમાં જઈ સારી રીતે હજમ કરાવે ને એક ગતી પેદા કરતી હશે અને તે ગતીથી હજમ થયલામાં લોહીનો વધારો થતો હશે. પણ બેઉ તરેહમાં ખાધેલી દવાને અથવા જે ચીજથી લોહી પેદા થાય છે, તેને અને લોહીને કોઇ તરેહનો સંબંધ મળે નહીં. વળી જુઓ કે સોનાની તથા લોખંડની ખાક બનાવાથી તેનો રંગ સફેદ થઈ જાય છે. પછી તમારો કાયદો ક્યાં રહ્યો? વળી તમો કહો છો કે જો લોહીથી બનતું હોય તો દશ દીવસ પણ ગાય જીવે નહીં એ પણ ખોટું છે. કારણ કે જેટલું નીકળે છે એટલું પાછું પેદા થાય છે. હાં જો જેટલું નીકળે તેટલું પેદા નહીં થવાનું જો કોઇ કહેતું હોય તો તેનાપર તમારી વાત લાગુ પડશે. પણ એવું કહેનાર કોણ હશે? હવે કોણ ભુલાવામાં છે તેનો ઇનસાફ વાંચનારને સોંપીએ છીએ. *

સ્વામી—ઘાસચારાથી દૂધ પેદા થાય છે. એમ જેઓનું બોલવું છે તે પણ ખરૂં નથી. કારણ એક શેર ચારામાંથી કેટલા શેર દૂધ આપી શકે ત્યારે દુધ ક્યાંથી પેદા થાય છે? તેનો સવાલ રહે છે. તેનો ઉત્તર એ છે કે પાણીની રીતીએ ગાય દૂધ આપે છે. જળનો અને દૂધનો સ્વાદ એક સરખો મીઠો છે, તેમ બેઉ રંગમાં સફેદ છે.

જવાબ—જેવી રીતે સેર ઘાસમાંથી એટલું દૂધ નહીં નીકળે તેવી રીતે સેર પાણીમાંથી પણ એટલું દૂધ નીકળે નહીં. પણ જો કોઈ કહે કે શું ગાય રોરજ પાણી પીયે છે? તો એનો જવાબ એ છે જે શું ગાય સેરજ ચારો ખાય છે? આ જવાબ તો તમારા જવાબની માફક છે. બીજું જો ફકત પાણીથીજ દૂધ થતું હોય તો એ ભેંસો કે ગાયો એવી કે બીજી એક કરતાં બેવડું દૂધ દેતી હોય પછી તે બેઉને સરખું પાણી માપીને પીવડાવે તો

---

* વળી દુધને બાળવાથી જે વાસ આવે છે તે લોહીના બળતાં આવતી વાસના સરખી છે. અને મુસલમાનો કહે છે (કુરઆનને આધારે) કે દુધ લોહી તથા કાચાં ગોબર વચ્ચેથી ઉત્પન્ન થાય છે. અને એજ વાત ખરી છે. સ્વામીજીને હવે લોહી વાળી વસ્તુ વાપરવાથી અટકવું જોઈએ. ગુ. મો.

તમારા કહેવા પ્રમાણે બેઉએ સરખું દૂધ દેવું જોઇએ. પણ એ તો તદન મુર્ખાઇ છે. કારણ જો એમ હોય તો પછી કોઇ ગાય બંગાળી અર્ધો સેરજ દુધ દેનારી નહોતે. વળી તમારા કાયદા પ્રમાણે કે સોનું તે પીળું ને લોખંડ તે કાળું હોય છે. પાણી અને દૂધના રંગમાં * અને દૂધ અને પાણીના સ્વાદમાં ઘણો ફરક છે. તે વિદ્વાન ઉપર કાંઇ છુપું નથી. વળી ફલસફાના કાયદા પ્રમાણે જળ એક તત્વ (અનસર) છે અને બાર મેળવણીનું છે. અને દૂધ ત્રણ ચીજથી મળેલું છે. એક ચીકાસ જેને અરબીમાં "દોહનીયત" કહે છે. બીજું પાણી અને ત્રીજો કુચો જે દૂધના ફાડયાથી બેઉ માલમ પડે છે. ત્યારે ફક્ત પાણીથી બનવું જેઓ કહેતા હોય તેઓ ધોકામાં છે એવું સાફ જણાઈ ગયું.

સ્વામી—"હદીઝ મઝપુરા" નામની મુસલમાની કિતાબમાં લખેલું છે કે ગાયના માંસથી ચેહેરાની નૂરાની ઘટે છે અને દૂધથી તે નૂરાનીમાં વધારો થાય છે. ત્યારે મુસલમાનભાઇઓને લાજમ છે કે જેથી પોતાને ફાયદો થાય તેને અનુસરી ચાલવું.

જવાબ—ન્યાય શાસ્ત્રમાં જણાવ્યું છે કે જે ચીજ દીઠામાં આવે તે પર દાખલો કબુલ થતો નથી. તો હાથ કંગણને આરસી શું ? જેઓ કે દરરોજ ગાયનુંજ માંસ ખાનારા છે તેઓના મોંપર કેવી લાલી છે તે હિન્દુસ્તાનમાં રહેનાર પર કંઇ છૂપું નથી. તથા યુરોપીયન ઘણું ખરૂં ગાયનુંજ માંસ ખાય છે તેઓને જોઇ લીઓ; વળી શાસ્ત્રના મુકાબલામાં વૈદકના પુસ્તકનો દાખલો કાર્ગર થતો નથી. જુઓ કે મરઘાના માંસમાં અને બોકડાના માંસમાં અગણીત ફાયદા છે અને સ્વાદમાં પણ ભરપૂર છે. ત્યારે બ્રાહ્મણોને જોઇએ કે વૈદકના લખ્યાથી એમાં ઘણો ફાયદો છે. તેથી ખાવું જોઇએ બીજું* હું તમને પૂછું છું કે ગાયનું માંસ જે ખાય તે બધાને નુકસાન કરે છે ? કે કોઈ કોઇને ? જો કહો કે બધાને, તો ખોટું છે. કારણ કે ઘણા માણસો ખાઈ રહ્યા છે અને તેઓને કાંઇ પણ નુકસાન થતું નથી. અને જો કહો કે કોઈ કોઇને, તો હું કહું છું કે હા, એ વાત ખરી છે. પણ ગાયનુ દૂધ પણ જેઓને સદતું નથી તે જો ખાયા કરે તો જાજરૂ જતાં પરવાર આવે નહીં. પછી ગાયના માંસને કેમ બદનામ કરો છો.

સ્વામી—વિદ્વાન શેખસાદી પણ ગાયની વખાણમાં છે.

જવાબ—હું પણ વખાણમાં છું કે ગાયના તીકકા, કવાબ, સીખ, ઘણાં સારાં થાય છે. એજ કારણથી સુધરેલા હિંદુઓ ગાયના કવાબ, સીખને બહુ પસંદ કરે છે, અને ભઠીઆરાને ત્યાંથી ખરીદે છે. વળી બીજી તારીફ એ છે કે જો એનો કલયો દમ દીધો હોય તો ફક્ત તેની ખુશબોથીજ મગન થઈ જાય અને ખાધાની તારીફ તો કોની જીભમાં શક્તિ છે કે પૂરેપુરી બ્યાન કરી શકે.

સ્વામી—કુરઆનમાં ઇશ્વરને રહીમનો મરતબો અપાયો છે. તેનો અર્થ એવો છે કે કુલ દુનિઆનો પાળનાર માલેક રહેમ કરનાર છે. તેમનો ઇશ્વર રહેમ નજરથી જોય ત્યારે મુસલમાનોએ રહેમ નજરનો અનાદર કરવો જોઇએ ? કુરઆનમાં બુરાઈ કરનારની ભલાઈ કરવા જણાવેલું છે ત્યારે ભલાઈ કરતી ગાયની રક્ષા તેઓએ કાં નહી કરવી જોઇએ ?

જવાબ—વાત તો તમે ઠીક કહી કે કુરઆનમાં રહીમનો મરતબો ખુદા માટે લખાયલો છે. પણ એનો અર્થ એ છે કે ખોટે માર્ગે ચાલનારા તથા ખુદાના હુકમને વિરૂદ્ધ ભાષણ કરનારા તથા ખુદાએ જે ચીજ વાપરવા કહી હોય જેવું કે ગાયનું માંસ તેને વિરૂદ્ધ ઉપદેશ કરનારાને દુની-

* પાણીનો રંગ જે કહયો છે તે સ્વામીજીની સમજ પ્રમાણે કહયો છે નહીં તો પાણીમાં રંગ નથી, તે સાફ છે, અને દુધનો રંગ સફેદ છે. ગુ. મો.

* આ દાખલો હિન્દુઓના ચલણ ઉપરથી લખ્યો છે નહીં તો મનુ અ. ૫ માં એને ખાવાનું જુકમ લખેલું છે. ગુ૦ મો૦

આમાં તરત શીક્ષા કરતો નથી. અને સ્વામી સાહેબનું આ કહેવું કે મુસલમાનોને રહેમ નજર થવું જોઇએ એનો શો અર્થ? જો એમ કહો કે દરેક જગ્યા રહેમ કરવી જોઇએ. એ તો તદન ખોટું છે; કારણ કે જો દરેક જગ્યા રહમ કરવી હોય તો ફરી ફોરસી કરવી, અદાલતમાં બેસવું પણું દુષ્ટ થવું જોઇએ. કારણ કે જજમેંટ દેતાં એક માણસ પર રહેમ થશે અને બીજાપર તકલીફ. પણ જો કોઇને એમ ખટકે કે અદાલતમાં એકપર સજા કરવી તે પણ રહેમ છે. કારણ કે તેથી પણ રઇયત તેને જોઈ બીજું કોઈ તેવું કામ નહી કરે, ત્યારે અદાલતમાં જાહેરમાં પણ રહેમ વિરૂદ્ધ મળે નહિ. તો તેનો ખોસલ એ છે જે ગાયને કાપવું એ પણ ખુદાની મહેરબાની છે કે તેના બંદા તેનો શુકર કરે તથા જો નહિ કપાય તો કરોડો ગાયો વધી જાય જેથી દુનિયામાં ભારે દુષ્કાળ આવી પડે. (એ હું લખી ચુકેલ છું) ત્યારે અગર જો જોવામાં ગાયપર તમને જુલમ માલમ પડે છે પણ એના મરાયા પછી લોકોપર આવતી આફત મટી જાય છે, *જેમ કેદીને સજા કીધાથી રઇયતને આરામ થાય છે. તેમ પણ કોઇ બેવકુફ એમ સમજે કે ગાયે કોઇનું નુકસાન કર્યું નથી પછી શા માટે ખુદાએ ગાય કાપવાનું ફરમાવ્યુ? તો એનો જવાબ પૂરતી રીતે આ ચોપડીમાં લખી શકતો નથી તોપણ આ સમજવું જોઇએ કે ખુદાએ ગાયને ઘુ ખાનારી તથા વાઘને શા માટે માંસજ ખાનારો પેદા કીધો? જે તમારો જવાબ તે અમારો જવાબ. બીજું આર્ય-સમાજના કહેવા પ્રમાણે આવાગમન (એટલે મરયાં પછી આત્માનું બીજામાં ઘુસવુ) થાય છે અને માણસના જેવાં કર્મ તેવો જન્મ મળે છે એટલાં સુધી કે કોઇ રાજા બને છે ને કોઈ ભૂંડ ને કોઈ ઝાડબુટી, ત્યારે એઓના કહેવા પ્રમાણે ઝાડ બુટીમાં પણ જીવ છે. ત્યારે શા માટે ભાજીપાલો અને લીલાં ઝાડો કાપો છો? તમને તેપર રહેમ નથી આવતો?

સ્વામી—મુસલમાનો "હલાલ" શબ્દમાં મશ્કરી લે છે. તેનો અર્થ શું? ગરદન કાપવી થતો નથી. એક મૌલવીએ તેની મને સમજ આપી છે કે આપણી ચીજ ઉપર દાવો કરવો અને પારકાની ઉપર નહીં. તેને હલાલ કહેવામાં આવે છે. વળી ઓરતની બાબતનાં પણ તે શબ્દ વાપરવામાં આવે છે ત્યારે શું ઓરતોની પણ ગરદન મારવી એવો અર્થ કરવો?

જવાબ—હે વિદ્વાન સ્વામી સાહેબ આફરીન તમારી બુદ્ધિપર અને ધન્ય છે તમારા ભાષણપર. પણ સ્વામી સાહેબ તમે આટલું મૌલવી સાહેબથી પૂછ્યું હતું કે હલાલનો આજ અર્થ છે કે કોઇ બીજો પણ અર્થ છે? જુઓ મક્કામાં એક જાતની ક્રિયા છે તે ક્રિયા કરનારને "મોહરેમ" કહે છે અને તે ક્રિયાથી પરાજે થવાથી તેને હલાલ કહે છે. ત્યારે એમાં કોના પર દાવો કરે, તે સ્વામી સાહેબ જરૂર બતલાવશો. તથા તમારા લખ્યા પ્રમાણે કે હલાલનો શબ્દ ઓરત પર વપરાયલો છે. ત્યારે એનો અર્થ એ થયો કે આપણી ઓરતપર દાવો કરવો. પછી જેમ ગાયપર છરી ફેરવવું નહીં સમજાતું તેમ તેની સાથે સુવું પણ નહી સમજાતું. ત્યારે શું એવો અર્થ કરવો જોઇએ કે હલાલના શબ્દથી ગાય નહીં કાપો તેમજ પોતાની સ્ત્રી પાસે નહી સૂવો? એવી સમજને આફરીન કરવું જોઇએ. સ્વામી સાહેબ હલાલનો અર્થ આ પણ છે કે જે ચીજપર હલાલનો શબ્દ વપરાયો હોય તેને શાસ્ત્રમાં લખ્યા પ્રમાણે વાપરવું. જુઓ એ અર્થ સ્ત્રીપર ને ગાય બેઉપર લાગુ પડે છે. એટલે બેઉને લખ્યા પ્રમાણે વાપરવું. ગાયને ગળે છરી મુકીને ને પોતાની સ્ત્રીને ગળે વળગીને. હવે મને એવું માલમ પડે છે કે જે મૌલવી સાહેબે તમને એ અર્થ બતાવ્યો છે તેવણે તમારી મશકરી કરી છે કે સ્વામી સાહેબ કયે જઇ આ અર્થ બોલશે તો કોઇને કોઈ

---

* દયાનંદ સરસ્વતી સત્યાર્થ પ્રકાશ છપાયલ સને ૧૮૭૫ના પૃષ્ટ ૩૯૯ માં લખે છે કે પશુઓને મારવામાં થોડું દુ:ખ થાય છે પણ યજ્ઞમાં પશુ અને ગેર પશુને ઘણુંજ ફાયદો થાય છે. ગુ. મો.

એવણને જવાબ આપશે. વળી હું સ્વામી સાહેબને પૂછું છું કે જે મૌલવી સાહેબે તમને એ અર્થ બતાવ્યો છે તેમને પૂછી જોશો કે કયા પુસ્તકમાં એ અર્થ લખાયલો છે? પછી મને મહેરબાની કરી ખબર આપશો. બીજું તમે એમ કહો છો કે મુસલમાનો "હલાલ"ના શબ્દપર મગરરાઇ લે છે, એ તદન ખોટું છે. કારણ કે જો સારી આંખો હોય તો વગર ચસમે અને આંખોમાં બગાડો હોય તો ચશમો લગાડી કુરઆનના પહેલા સીપારાના અરધાપર જોશો* તો માલમ પડશે કે "ખુદા તમને કહે છે, કે ગાય તમો જુબહ કરો" તથા બારમા સિપારામાં અરધાથી થોડું આગળ છે કે વાછરડો ભુંજાયલો તે (ઇબરાહીમ) લાવ્યો. § તથા સુરેયાસીનના પાચમાં રૂકુમાં જાનવરો ખાવાનું કહ્યું છે.‡ બીજું સ્વામી સાહેબ! જો કુરઆનમાં ગાયના માંસ ખાવા વીષે કાંઈ ન લખાયું ન હોતે† તો પણ હમે ખાઈ શકીએ છીએ. કારણ કે હજરત મોહમ્મદ સાહેબે પોતે ખાધું હતું. જુઓ મુસલીમ શરીફમાં છે. અને હમે ખુશીથી કાપી શકીએ છીએ કારણ કે મારા સાહેબ હજરત મોહમ્મદ ભવીષ્યવાદીએ કાપી હતી. જુઓ "બુખારી," નસાઈ "ઇબિને માજા" વગેરેમાં છે. ને જો તમારે સાથી શ્રીમન સ્વામીની ગવાહી ચાહતા હો તો તેવણ પોતે મુંબાઇ સમાચાર જુન સને ૧૮૮૯માં છપાયલા ભાષણમાં જણાવે છે કે કુરઆનમાં ગાય ખાવું હલાલ તો છે પણ કાંઇ જરૂરી નથી. હવે જો કોઇને એમ ખટકે કે તેવણે તો મુંબાઈ સમાચારમાં આ છપાવ્યું હતું કે કુરઆનમાં બકર, (ગાય) અને મકર (પાખણ) અને સજર (ઝાડ) અને અમર (હુકમ) અને સમર (ફુલ) એ પાંચ ચીજો હરામ છે. એનો ઉત્તર એ છે કે એથી તો તમારા સ્વામી સાહેબની મૂર્ખાઇ જણાઈ છે કે તે પોતે એક વખત કેમ કહે ને એક વખત કેમ. તેમાં મારૂં શું નુકસાન છે.* હા કોઇ આર્યને સ્વામી તરફથી બુરૂં લાગ્યું હોય તો મેહેરબાની કરી મોં દરમોં અથવા કાગળથી આ સાબેત કરે કે ફલાણી જગ્યા કુરઆનમાં મજકુર પાંચ ચીજો હરામ છે.

સ્વામી—રોમન કેથોલીક ધર્મમાં ફરમાવેલું છે કે "મારા કામને બીગાડો નહી" શરાબ અને માંસ ખાતા અટકો. ઇસાઈ ધર્મમાં ખુન નહીં કરવાનું ફરમાવેલું છે. અને છરીથી મારી નાંખવામાં આવે તો તે ફરમાન રહ્યું કયાં?

જવાબ—સ્વામી સાહેબ! જે વિધામાં તમને દખલ નથી તેમાં શા માટે હાથ નાંખો છો? શું બાઇબિલ તમેજ જોયું છે? તથા જે બાઇબિલ પ્રોટેસ્ટંટ માને છે, તે રોમન કેથોલીકવાળા શું નહીં માનતા? હા આટલું છે કે થોડી વાતોમાં તથા થોડી કીતાબોમાં એ બેઉમાં ફરક છે. હવે જુવો રોમન કેથોલીક તથા પ્રોટેસ્ટંટની બાઇબલમાં ગોસ ખાવાનું છે કે નહી? ઉત્પત્તિ આ૦ ૯ વા૦ ૩ પૃથ્વીપર ચાલનારા હરેક જીવ તમારે સારૂ ખાવાનું થશે જેમ લીલું શાક તેમ સર્વ વસ્તુ મેં તમને આપી છે. તથા એવીજ તરેહ પુનર્નિયમ આ૦ ૧૨ વા૦ ૧૫માં તથા આ૦ ૧૪ વા૦ ૩–૯–૧૧ માં છે અને નીરગમન આ૦ ૩૨માં સાફ વાછરડાનું કપાવનું લખેલું છે. અને લેવી આ૦ ૧ વા૦ ૨ માં કુરબાની કરવાનું છે. તથા નવા કરારમાં "પરેરીતોના કૃત્યો" આ૦ ૧૦ વા૦ ૧૨માં પણ ખાવાનું છે એવીજ તરેહ અગણીત જગ્યાએ બાઇબલમાં માંસ ખાવાનું છે. હા જો તમે એમ કહો કે બાઇબલમાં ડુક્કર ખાવાનું નથી તો તમારી વાત ખરી પડતે. કારણ કે સુવર ખાવું એઓને સાં નથી. જુવો

* સુરા બકર ૨;૬૮ ગુ. મો.

§ સુરા હુદ ૧૧; ૬૯ ગુ. મો.

‡ સુરા યાસીન ૩૬; ૭૧, ૭૨ ગુ. મો.

† "ન લખાયું નહોતે" એટલે કુરઆનમાં કોઈ વસ્તુ વીષે મના થઈ ન હોય તો તે વસ્તુ હલાલ જ સિદ્ધ થાય છે ગુ. મો.

* એ તો પેલી કહેવત વાળું છે કે જુઠ બોલનારને યાદ રહેતું નથી. ગુ. મો.

પુનર્નિયમ આ૦ ૧૪ વા૦) (ને ભુંડ કેમકે તે ખરીએ વીભાંગેલો પણ રેમથ (વગોળ) કરનાર નથી તે તમને અશુદ્ધ તમે તેઓનું માંસ ન ખાવો ને તેઓના મુડદાઓનો સ્પર્શ નહીં કરો, એટલે હાથ ન લગાડો." વળી "મારા કામને નહીં બીગાડો" તેથી જો સ્વામી સાહેબ ગાવધના વિરૂધ્ધ સામેલ કરતા હોય, કારણ કે ગાયને ખુદાએ પેદા કીધી તેને કાપી નાશ કરે છે. તો ભાજીપાલો પણ નહીં ખાવું જોઇએ. કારણ કે તે પેદા કરે ને આપણે ઉખેડી તેનો નાશ કરીએ. પણ જો કોઈ એમ સવાલ કરે કે ભાજી પાલો તો ખુદાએ ખાવા માટે પેદા કીધો છે. તો એનો ઉત્તર એ છે કે ગાયને પણ ખાવાને માટે ઉત્પન્ન કીધી છે. ત્યારે એનો અર્થ એજ થયો કે જે ચીજ મેં પેદા કીધી તેને મારા હુકમ વગર નહીં બીગાડો, પછી એથી ગૌરક્ષા કેમ સામેલ થાય? વળી તમે જે લખો છો કે માંસ તથા શરાબ પીતા અટકો. એમાં માંસ ખાતા અટકવું એ ખોટું છે કારણ કે બાઇબિલમાં અગણીત જગ્યા માંસ ખાવાનું છે. જેવું કે હું લખી ચુકયો છું. અને શરાબ નહીં પીવો એ ખરી વાત છે. કારણ કે બાઇબલમાં શરાબ હરામ છે. જુવો કરીંથીઓને પહેલું પત્ર આ૦ ૫ વા૦ ૧૧. હવે મેં તમને લખી જણાવ્યું છે કે જો કોઈ ભાઈ કહેવાયલો વ્યાભિચારી (ઝાની) કે લોભી કે મૂર્તિ ભગત કે નિન્દક કે છાકટો કે જુલમી હોય તેની સાથે ખાતું પણ નહીં." અને એફીસીઓને પત્ર આ૦ ૫ વા ૧૮ શરાબ પીને મસ્ત ન થાવો એમાં કુચાલ છે." બીજું સ્વામી સાહેબ કહે છે કે ખુન ન કરવાનો ફરમાન ઈસાઇ ધર્મમાં છે, તે હું કહું છું કે ખુન નહીં કરવાનો હુકમ મુસલમાનીમાં પણ છે. પણ એનો અર્થ આ નથી થતો કે ગાય નહીં મારો. કારણ કે કોઇ માણસ એમ કહે કે અંગ્રેજી રાજ્યમાં ખુનીઓપર ઘણી સખ્તાઇ છે. તો શું તમો એનો અર્થ આ કરશો કે મરઘી બોકડી કાપનારપર ઘણી સખ્તાઇ છે ? નહીં નહીં કદી નહીં ત્યારે મહાવરા પ્રમાણે એનો અર્થ એ છે કે વગર કારણે માણસનું ખુન નહીં કરો. અને કારણથી તો માણસનું ખુન કરવું પણ બાઇબલમાં છે કે ખુનને બદલે ખુન. એજ કાયદો કોર્ટમાં પણ જારી છે. વળી ઘણી જગ્યા ધર્મ વીષે પણ બાઇબલમાં મારવાનું છે. જુવો નીરગમન આ૦ ૨૨ વા૦ ૧૦. જે ખુદા વગર બીજા કોઈ માટે કુરબાની કરે તે મરાગો જાય. તથા આ૦ ૩૫ વા૦ ૨ શનીવારે જે કોઇ કંઇ પણ કામ કરે તે મરાય. તથા પુનર્નિયમ આ૦ ૧૭ વા૦ ૨ થી ૮ માં મૂર્તિપૂજક અથવા સૂર્ય અથવા ચંદ્ર પૂજક પુરૂષ હોય કે સ્ત્રી હોય તેને મારી નાંખવાનો હુકમ છે. *

સ્વામી—સાતસેરનું ઘી પહેલાં મળતું હતું તેને ઠેકાણે હાલ રૂપિઆનું એક સેર ચરબીવાળુ મળે છે.

જવાબ—સ્વામી સાહેબ ! ઘીમાં કાંઈ છ ઘણો ફરક થયો નહિ. જુવો કે હમારા દેશમાં પ્રથમ ૬ શેરનું ઘી વેચાતું હતું એમ સાંભળવામાં આવે છે ને હાલના વખતમાં બશેર કે અઢીશેર વેચાય છે. એટલે ત્રણ કે અઢી ઘણું થયું છે. તેનું કારણ ગાય ભક્ષ નથી. પણ દેશી મીત્રમાં લખાયલા વસ્તીપત્રકના હીસાબે ખાનારા બેવડા વધ્યા અને પ્રથમ કરતાં લોકો હમણા ઘણું વાપરે છે. અને લાખો મણ દેશાવર ચઢે છે. અને છ ઘણો પણ ફરક થયો હોય તોપણ શું થયું. એથી ગઉવધની બુરાઇ થઇ શકતી નથી. ફકત મોઘુ થવાના કારણ ઉપર બતાવેલાજ છે. અને ગાય કપાયાથી કાંઈ ઘટતી નથી જેનો ખુલાસો હમારી

* ધર્મ સંબંધી લડાઇ વિષે પાદરીઓ હમેશ ઇસ્લામપર બકવો કરે છે તેનો જવાબ તથા પ્રોટેસ્ટન્ટ રાજાઓએ કેથોલીકવાળાઓ ઉપર કેવા જુલમ કર્યા તથા ધર્મ વધારવા ખ્રીસ્તીઓએ કેવો જુલમ કરેલો તે મારી છાપડી "જેહાદની હકીકત" ગુજરાતી તથા ઈઝહારૂલ હક ગુજરાતીમાં સ્પષ્ટ રીતે લખાણુ છે. ગુ. મૌ.

ચોપડી નામે જવાબે ગૌરક્ષામાં લખાયલો છે. અને ટુંકાણુથી હું બતાવી પણુ આવ્યો છું. જુવો કે યુરોપમાં આટલો બધો ખપ હોવાથી કંઇ પણુ ઘટી નહીં, ને વળી તેઓ તો હજારો પીપો માંસની આંથેલી મુલકે મુલક ચઢાવે છે.

સ્વામી—આપણે સઘળા આ દુનિયામાં એક ઝાઝ ઉપર સવાર છીએ તેને અંટસને લીધે બીજો ડુબાવવાનું કરશે તો સઘળા સાથે ડુબી મરીશું એ નકી માનવું.

જવાબ—વાત તો તમે ખરી કહી કે બધા એક ઝાઝપર સવાર છીએ. પણુ અંટસ રાખનારા તો હિન્દુઓજ છે. કારણુ કે તેઓને લાગે છે કે હાય અમારી માતા કપાય છે. અને કોઈ ગુસ્સાથી કાપતું નથી, સર્વ તીક્કા કવાબ ખાવા તથા ખુદાનો હુકમ બજાવી લાવવા કાપે છે. હવે જો તમારી સમજ પ્રમાણે કે ગૌરક્ષાથી દુનિયાને લાભ છે અને એ ન કરવામાં દરિદ્ર વધે છે તો ફકત એ સમજનારા એટલે સઘળા હિંદુઓપર ફરજ છે કે ગૌરક્ષા કરે અને ફકત હીંદુઓ કરી પણુ શકે છે કારણુ કે જ્યારે હિંદુસ્તાનમાં હિંદુઓની વસ્તી વીસકરોડની છે ત્યારે જો ઘર દીઠ એક ગાય પાળે અને સ્વામી જેવા દશવીશ પાળે પછી જેવું ધારો છો તેમ કરતાં ઠીક તરેહથી ગઉરક્ષા થશે. પછી શા માટે મુસલમાનપર ગઉરક્ષા ફરજ પાડો છો, અને ખોટાખોટા દાખલા બોલો છો? બસ હું આટલા પર ટુંક કરી વિદ્વાનોથી આશા રાખું છું કે લખેલા દાખલાને ખ્યાલ કરી ઇનસાફ રાખી જુવે. અને ખરા માલમ પડયાથી પોતાની અધર્મી મુકી દીએ. અને કોઈ એમ ખ્યાલમાં નહીં રહે કે આવા મોટા પંડીત સ્વામી આલારામ સાહેબના મુકાબલામાં એક અદના માણુસે શું જવાબ લખ્યો હશે. કારણુ કે હઠ ધર્મીની અંધત્વ આવે છે તે વખત મોટા ખુણે બેસે છે. અને અદના સત્યપર ચાલનાર સત્યના નુરથી દુનિયાની સેર કરે છે. હે ખુદાવંત તું મારી આ મહેનતને કારગરકર અને તું મારી વિદ્યામાં વધારો કર અને મારા પર તારો ફજલ કર અને હીમાયતે ઇસલામ રાંદેરની ઉમરમાં તું બરકત આપ, અને એને મદદ કરનારાની તું મદદ કર. અને તારા ભવીષ્યવાદી હજરત મોહમ્મદ સાહેબપર તથા તેઓના માર્ગપર ચાલનારાપર જ્યાં સુધી સુરજ ચંદ્ર ચાલુ કહે ત્યાંસુધી દરુદ સલામ મોકલા કર, આમીન આમીન.

સમાપ્ત.

આ ચોપડી "વૈદ્ય હરગોવીંદ ગીરજાશંકરને જવાબ". સને ૧૩૦૭ હિજરી મુતાબક સને ૧૮૯૦માં ગુલામ મોહમ્મદ બી૦ હાજી હાફેજ સાહેબે રચી છપાવી પોસ્ટ મારફતે તથા એક મેમણ મિત્રને હાથે ભાવનગરમાં વૈદ્ય હરગોવીંદ ગીરજાશંકરને પોહોંચાડી હતી. તે પછી આ ચોપડીનો જવાબ આજ સુધી કોઇએ આપ્યો નથી.

મોટો મેહેરબાન રહમ કર્ત્તા અલ્લાહના નામથી.

સર્વ તારીફ તે ખુદાનેજ માટે છે જેણે આકાશો તથા પૃથ્વી ઉત્પન્ન કીધાં છે. અને તેણે નૂરને તથા અંધારાને પેદા કીધાં છે. હું ગવાહી આપું છું કે તારા વગર પૂજવાલાએક કોઈ મળે નહીં અને તું એકલો છે, તારો કોઈ સાજી મળે નહીં. અને દરૂદ અને સલામ તારા પ્યારા હબીબ મોહમ્મદ સાહેબપર તથા તેવણના સર્વ તાબેદારોપર મોકલ્યાં કર.

સાહેબો જ્યારે મારી ચોપડી નામે સ્વામી આલારામને જવાબની છપાઈ હતી તે પછી આસરે દિન દસને બંદે ખુદાની અરજ નામની ચોપડી સુરતથી નાથાભાઇ ભાણાભાઇએ મારાપર મોકલી. તે ચોપડીના પુઠાપર તેવણે ભલામણ કરી કે ઘેર બેસી વાંચતા ના, સર્વ મેમ્બરોને વંચાવજો. તે એવણના લખ્યા મુજબ મેં ઘણાખરા મેમ્બરોને વાંચવા આપી. જેથી તે સર્વે મીત્રોની નજરમાં એમ આવ્યું કે એનો જવાબ પણ કાઢવો જોઇએ. પછી મેં તેઓના ઇરાદા પ્રમાણે ખરી વાત જાહેર કરવા જવાબ લખવા શરૂ કીધો. એ દરમીઆનમાં એક નનામું કાગળ મારાપર પોષ્ટ મારફતે આવ્યું, તેનો જવાબ પણ આ ચોપડીમાં છે. આજ પછી નનામા કાગળનો જવાબ લખીશ નહીં. ચોપડી રચાયા પછી બંદે ખુદાની અરજના રચનાર સાહેબનું કાગળ તથા એની નકલ પાંચ પોષ્ટ મારફતે મળી. તેમાં બંદે ખુદાની અરજના કર્ત્તા હરગોવીંદ ગીરજાશંકર સાહેબ મને ભલામણ કરે છે કે જો એમ સામસામાં લખાણ થયા કરશે તો તેનું પરિણામ એજ થશે કે વીના કારણે હિન્દુ અને મુસલમાન વચ્ચે સુલેહનો ભંગ થાય. તેનો જવાબ એ કે મેહેરબાની કરી જરા શ્રીમન સ્વામી તથા આલારામ સ્વામીનાં ભાષણો જુવો તથા તમારી બંદે ખુદાની અરજને જુવો. તેઓને તથા તમોને શી જરૂર હતી કે ખોટા ખોટા દાખલા દઇ મુસલમાનોને ભડકાવો? અને ન ઘટતા શબ્દો શા માટે તમે વાપરો? શું મુસલમાન કોઇ નહીં બોલતા હતા તેમાં કે? હવે આજે સુલેહનો ભંગ નજર આવે છે. જરા આ તો બતાવો કે સુલેહનો ભંગ કરનાર તમારા કહેવા પ્રમાણે પ્રથમ મુસલમાનો છે કે હિન્દુઓ? હમે તો ફક્ત હિન્દુઓનો જવાબ દઈ ખરૂં જાહેર કરીએ છીએ.

બંદે ખુદાની અરજમાં પેહેલાં કેટલીક વાતો એવી છે કે તેનો જવાબ હમારી ચોપડીથી મળી શકશે જેથી મેં તે વાતો ચોપડીમાં લખી નથી. ને કુરઆન શરીફની આયતો તથા હદીસો જે તેમાં લખાયલી છે ત્યાંથી તેનો જવાબ આમાં લખાયો છે. પણ જો કોઇને એમ ખટકે કે આગલી વાતોનો જવાબ નહીં દઇ શકાયો તેથી મુકી દીધી છે, તો તેવા સાહેબને જોઇએ કે મારેથી તે વાતોનો ખુલાસો મોઢામોઢ અથવા પોષ્ટ મારફતે કરી લીએ.

એક ચોપડી નામે "હિંદુસ્તાન અને ગાય" હરગોવીંદ ગીરજાશંકર સાહેબની રચેલી પણ નાથાભાઇ ભાણાભાઇએ સુરતથી મોકલી હતી તેનો જવાબ પણ હમારી ચોપડીથી મળી શકશે તે

છતાં (ઇનિશાઅલ્લાહ) એનો જવાબ કાઢીશ* ને તેનું નામ "ગાય અને છરી" રાખીશ.

વાંચનાર સાહેબોથી મારી આટલી અરજ છે કે વ્યાકરણના કાયદાથી અથવા મહાવરાથી મારા લખાણને પકડે નહીં. કારણ કે મારે સારી રીતે વાતો બનાવવી મકસુદ મળે નહીં, પણ ખરી વાત જાહેર કરવી મતલબ છે. હાં, જો કોઇ દાખલો ખોટો લખાયો હોય એમ તમને માલમ પડે તો મને પૂછી લેશો. જો મારી ભૂલ હશે તો કબુલ કરીશ અથવા તેનો ખુલાસો બતાવીશ.

હરગોવીંદ—આ જગાએ કોઈ એમ કહે કે હમારા પેગંબર સાહેબે ગાયનું ગોસ ખાવાને હુકમ આપેલો છે તો એ માણસ વગર સમજવે બોલનાર કહેવાય. કારણ કે નબી સાહેબે એક વખત કરીશીની લડાઇ વખત ત્રણ દિવસ સુધી ફોજને ખોરાક ન મળવાથી ફોજ ભુખે મરવા લાગી, તે વખત હુકમ આપેલો મરો પણ પોતે નથી ખાધું. અને ત્યાર બાદ સાફ હુકમ કર્યો કે ગાયને મારવાવાળો, ફલદાર ઝાડને કાપવાવાળો, શરાબનો પીવાવાળો, સવારે સુઇ રહેવાવાળો, વરસાદને મના કરવાવાળો એવા એ કામ કરવાવાળાને માફી બક્ષવામાં નહીં આવે એમ સાફ ફરમાવે છે.

જવાબ—આ લખાણ બીલકુલ ખોટું છે. જો અગર સાચા હો તો સનદ સાથે મોતબર કીતાબથી બતાવો. અને તમે એમ કહો છો કે મોહમ્મદ સાહેબે ગાયનું માંસ નહીં ખાધું એ ખોટું છે. જુવો હદીસની કીતાબ મુસલેમ શરીફમાં મોહમ્મદ સાહેબનું ગાયનું ગોશત ખાવાનું લખેલું છે તથા તેવણે કુરબાની પણ ગાયની કીધી હતી. જુવો બુખારી શરીફ, ઇબ્નિ માજા, નસાઈ વીગેરેમાં છે. અને તેવણના સહાબીએ પણ મોહમ્મદ સાહેબની સામે ગાય કાપતા હતા. જુવો "મુસલીમ" નસાઈ "ઇબ્નિ માજા" અબુદાઉદ વગેરેમાં છે કે જાબેર સાહેબે કહ્યું છે કે મોહમ્મદ સાહેબને સાથે હમોએ ગાયને કાપી સાત માણસમાં (એટલે સાત માણસના હીસસામાં). હવે હું વાંચનાર સાહેબોથી આશા રાખું છું કે તેઓ દાદ દીએ કે જે માણસ પોતાના ધર્મ પ્રમાણે ખરી વાત કહે તે વગર સમજવે બોલનાર છે કે હરગોવીંદ વિદ્વાન, જે લોકોને ધોકો દેવા ખોટા દાખલા દઈ ખરૂં કહેનારને કમ સમજ કહે છે તે કમ સમજ.

હરગોવીંદ—અને વળી કુરઆન શરીફ સુરે-નહલ રૂકુ ૮ આયત ૬૫માં અલ્લાહતાલા ફરમાવે છે કે "તમારે વાસ્તે ચોપગા જાનવર તે એક શીખામણ અને ચેતવણી છે. જુવો તમને પશુઓના પેટમાંથી ગોવર અને લોહીમાંથી દૂધ મળે છે." હે મીત્રો આ ઉપરથી સાફ જણાય છે કે ખુદાએ ગાય દૂધ પીવા માટે આપી છે ને બળ બોજો ખેંચવા તથા ખેતીવાડીને માટે પેદા કીધાં છે. કાંઇ કાપીને ખાઈ જવા માટે પેદા નથી કીધાં.

જવાબ—પ્રથમ હરગોવીંદ સાહેબથી મારો આટલોજ સવાલ છે કે કુરઆનની બતાવેલી આયતના કયા શબ્દથી આ મતલબ લખી છે "ને બળ બોજો ખેંચવા તથા ખેતીવાડીને માટે" આયતમાં તો બળનું કંઈ પણ ઝીકર મળે નહીં. જુવો તમે પોતે તરજુમો કીધો તેમાં છે? બીજું તમો લખો છો કે આ ઉપરથી સાફ જણાય છે કે ખુદાએ ગાય દૂધ પીવા માટે આપી છે. તો શું મુસલમાનો દૂધને નાદુરસ્ત સમજે છે કે તમો આ વાત લખો છો? ને જો તમારી આ મતલબ હોય કે ફક્ત દૂધનેજ માટે ગાય ઉત્પન્ન કીધી છે, તો એ ખોટું છે. કારણ કે બતલાવેલી આયતમાં કોઇ શબ્દ એવો નહીં મળે કે તેથી એમ માલમ પડે કે ગાય દૂધનેજ માટે પેદા કીધી છે. અને એક જણસ એક કામ માટે ઉત્પન્ન

* "હિન્દુસ્થાન અને ગાય" નો પ્રથમ ભાગ બહાર પડયો હતો તે મારાપર આવ્યો હતો અને બીજો ભાગ પ્રગટ થશે એમ તે ચોપડી ઉપર દર્શાવ્યું હતું તેથી તેનો જવાબ બીજા ભાગના પ્રગટ થવા ઉપર રાખ્યો હતો પણ બીજો ભાગ હજુ મારા જોવામાં આવ્યો નથી અને પ્રથમ ભાગના જવાબની અગત્ય નહોતી જેથી તેનો જવાબ લખ્યો નહીં ગુ. મૌ૦

થઇ હોય અને પેદા કરનારે એમ કહ્યું નહોય કે મેં ફક્ત આજ કામ માટે પેદા કીધી છે તો ફરી તેને બીજા કામમાં લેવામાં શો દોષ છે? જુવો આ સર્વ જાણે છે કે ઘોડો સ્વારી માટે ઉત્પન્ન થયો છે. તે છતાં હિન્દુ ધર્મમાં ઘોડાનું માંસ ખાવું દુરસ્ત છે તેના દાખલા રીસાલા "રહનુમા"; થી લખી જણાવું છું. કે ઋગવેદમાં અશ્વમેધ (ઘોડાની કુરબાની) કરવાનું એમ લખેલું છે. પ્રથમ ઘોડાને નહવડાવી અગ્નિને આસપાસ ફેરવ્યો, પછી દીવાલના થાંભલા સાથે બાંધીને તેની કુરબાની કીધી" અને રામચંદ્રજીએ પણ ઘોડાને કાપી ખાધો છે.† અને રાજા યુદ્ધિષ્ટિર સાહેબે પોતાનો પાપ બખશાવા ઘોડાની કુરબાની કીધી છે. એ અશ્વમેધનો પુરો હાલ મહાભારતના અશ્વમેધ પર્વમાં લખેલો છે. હવે વાંચનાર સાહેબોને મારા ઉપલા લખાણને ધ્યાનમાં લીધાથી તથા હરગોવીંદ સાહેબનો લખેલા આયતનો તરજુમો સમજ્યાથી માલમ પડશે કે એ આયતમાં કોઇ તરેહથી ગાયને નહીં ખાવાની છુકર મળે નહીં એમ ખાતરી થશે. વલી એવીજ આયતમાં માંસ ખાવાનું સાફ લખેલું છે. જુવો સુરે મુમેનુન રકુ ૧ આયત ૨૦ તમારે વાસ્તે ચોપગા જાનવર તે એક શીખામણ છે, પીવડાવીએ છીએ તમોને તેઓના પેટની ચીજોમાંથી, અને તમોને તેથી ઘણો ફાયદો છે અને કેટલાકને તમો ખાવો છો. (સુરા મુમેનુન ૨૩; ૨૨)

હરગોવીંદ—વળી જુવો કુરઆને શરીફ સુરા અનઆમ રૂકુ ૧૭ આયત ૧૪૬માં અલ્લાહ ફરમાવે છે કે "યાહુદોયો ઉપર અમે હરામ કીધાં હતાં દરેક નખવાળાં જાનવર અને ગાય." આ ઉપરથી સાફ એમ જણાય છે કે ખુદાની મરજી ગાયને કાપવાની નથી.

જવાબ—હે હરગોવીંદ સાહેબ! હું એમ જાણતો હતો કે ભાવનગર શેહેરમાં કોઇ હિન્દુ સારી રીતે અરબી જાણનાર નહીં હશે, પણ આખર આપ સાહેબ પ્રકાશ થયા. આફરીન! જુવો સાહેબ હું પૂરો આયતનો તરજુમો કરી બતલાવું છું, જેથી તમારૂં ખરાપણું માલમ પડશે. "યાહુદીયો ઉપર અમે હરામ કીધાં હતાં દરેક નખવાળાં જાનવર અને ગાયથી ને બકરીથી હરામ કીધી તેઓની ચરબી. પણ જે લાગેલી હોય પીઠ પર. યા આંતરડીને યા વળગેલી હોય હાડકાં સાથે, એ, હમોએ તેઓને શીક્ષા આપી હતી, તેઓની ભૂંડાઇને બદલે અને અમે સાચું કહીએ છીએ." હવે આથી તો સાફ જણાઈ ગયું કે યાહુદીઓ પર ગાયની અને બકરીની ચરબી તે પણ સઘળી હરામ નહોતી. અને તે પણ તેઓની શરારતથી. પછી કેમ કરીને ખોટા અર્થ કરી લખો છો "અને ગાય"? શું "મીનલ બકરે" નો આ અર્થ થાય છે? શું "મીન"નો કાંઈ અર્થ નથી? એ અજબ મુર્ખાઈ છે કે એક શબ્દ કાઢીને તરજુમો કરવો; શું ધોકો દેવું પાપીનું કામ નથી? તે સારા માણસ આગળ મુર્ખ નહીં ગણાય? વળી તમારી બતાવેલી આયતથી તો સાબેત થાય છે કે ગાય કાપો ને ખાવો, કારણ કે તેમાં તો છે કે ફક્ત

---

† રામાયણ અજોધ્યા કાન્ડ સર્ગ પર શ્લો. ૧૦૨માં આવી રીતે છે "અને તે વેળા તે બે ભાયો (રામ; લક્ષમણ) એ સુવર રીછ પ્રશસત અને મહારાજ ચાર જાતના વન પશુને કે જે ખાવામાં પવિત્ર છે તેને મારીને ખાધાં અને સાંઝને વખતે તેનું માંસ ખાઇ એક ઝાડ નીચે સુતા. વળી અજોધ્યા કાન્ડ સરગ ૫૫ શ્લો ૩૨, ૩૩ માં છે "એક ગાઉ જઇ બંને ભાઇઓએ પવિત્ર હરણને મારી અને જમનાને કીનારે ચાલ્યા ગયા" રામાયણ કૃષ્ણ કંધાકાન્ડ સરગ ૧૭ શ્લો. ૩૯ માં છે "પાંચ તરેહના જાનવરો જે પાંચ આંગલિયો વાળા છે તે ક્ષત્રી તથા બ્રાહ્મણોને ખાવા યોગ્ય છે તેના નામ આ છે ઝાડઉંદ, સહઇ, ઘોહ, સસલું અને કાછુકમા" એ વગર બીજા ઘણા દાખલા રામાયણમાં છે. અશ્વમેધના જે અર્થ આર્યાઓ કરે છે તેનું પોળ જોવું હોય તો પુત્ર પ્રાપ્ત થવા માટે રાજા દશરથના અશ્વમેધ કરવાનો હાલ અને તેમની સ્ત્રીનું તેને કાપવું રામાયણમાં ખુલ્લું લખાયું છે તેથી ખાતરી થશે કે અશ્વમેધની મતલબ ઘોડો કાપવોજ છે. એ વિશે વાંચો મુંબઇ સમાચાર તા. ૮મી સપટેમબર સને ૧૮૯૪ ના પૃષ્ટ ૭ કા. ૧, ૨. ગુ. મો.

થોડી ચરબીની મના કીધી હતી. અને જે ચરબી કે પીઠને લાગેલી હોય અથવા આંતરડીને કે હાડકા સાથે વળગી હોય તે તો ખાવાની રજા છે. વળી ઉપર મના કીધેલી ચરબી પણ મુસલમાનોને ખાવી દુરૂસ્ત છે. કારણ કે એ હરામ થવાનું કારણ જો તેઓની શરારત હતી, પછી કેમ કરી મુસલમાનો પર હરામ થાય?

હરગોવીંદ—આ જગોએ કોઇ એમ કહે કે, એ હુકમ તો યાહુદી લોકોને વાસ્તે છે, તો એ સાહેબને મારી એટલીજ અરજ છે કે ગાયને ન મારવી એવો તો ખુદાનો હુકમ અને તે પણ કુરઆન શરીફમાં છે એને કેમ ન માનવો જોઇએ?

જવાબ—કોણ કહે છે કે કુરઆનમાં ગાય ખાવું યાહુદીઓ માટે હરામ છે? જે આયત તમે લખી તેથી તો તમારો ધોકો આપવો સાબેત થયો. અને વળી તે આયતથી તો ગાય ખાવું સાબેત થાય છે જેવું કે હું લખી ચુકયો છું. જરા વિચારીને ફરીથી જુવો.

હરગોવીંદ—તમે કેવા ભુલાવામાં પડેલા છો એ તો જરા તપાસો અને આ હદીસે શરીફ પર નજર તો નાંખો? થોડી મેહેરબાની ઘણી ઇબાદતથી બેહતર છે.

જવાબ—મેહેરબાન! ભુલાવામાં તો હિન્દુઓ છે કે તેઓના ધર્મમાં ગાયનું માંસ ખાવાનું લખાયા છતાં નહીં ખાતા. જુઓ હું "તજબીહુલ બકર" નામની ચોપડીથી લખી જણાવું છુ. ઋગવેદ મં. ૬ સૂ૦ ૧૬ ગાયનું માંસ ઘણો સારો ખોરાક છે.§ યજુરવેદ આ. ૨૪ મા. ૨૮ બ્રહસ્પતીને માટે ગાયની કુરબાની કરવી જોઇએ. ચતુર્શીયા પુરાણ છપાયલું સને ૧૮૬૩માં પૃષ્ટ ૩૩૪ કૌશિક મણીના સાત છોકરાઓએ એક માણુસની ગાય ખાઇ જવાથી છુટકારો પામ્યા. હવે હું વાંચનાર સાહેબથી અરજ કરૂં છું કે જ્યારે હિન્દુ ધર્મ પ્રમાણે પારકાની ગાય ખાવાથી છુટકારો થયલો લખેલો છે, ત્યારે બાપડા મુસલમાન પોતાની પાક કમાઇથી એક ગાય ખરીદી સાત માણસ ભાગ થઇ ખાય પછી કેમ તેઓનો છુટકારો નહીં થાય? હવે જે માણસ પોતાના ધર્મ પર નહીં ચાલે અને છુટકારાનું કામ (ગાય કાપવી) નહીં પસંદ કરે તે ભૂલાવામાં કે જે માણસ પોતાના ધર્મપર ચાલે અને છુટકારાનું કામ કરે તે ભૂલાવામાં? તમો હદીસ લખો છો કે થોડી મેહેરબાની ઘણી ઇબાદતથી બેહતર છે. એની આ મતલબ નથી કે ગાય આપણુને દૂધ દીએ અને ખાસ હિન્દુ અને પારસીઓને મૂત્ર દીએ તેથી એને ન મારવી? કારણ કે "મનુ" ના શાસ્તરમા લખાયલું કે સાગ પાંતમાં પણ જીવ છે. અને તેઓને દુઃખ સુખ થાય છે ત્યારે કોથમીર કે મેથીનું સાક વગેરે નહીં ખાવું જોઇએ. કારણ કે કોથમીરથી આપણુને ધાણાં મળે છે અને મેથીના સાકથી મેથી. ત્યારે એ આપણે સાથ ભલાઇ કરે ને આપણે ઉખેડી દુઃખ આપીએ ત્યારે હરગોવીંદ સાહેબ? એનો આ અર્થ છે કે જે જગ્યા મેહેરબાની કરવાની છે ત્યાં મેહેરબાની કરવામાં ગુણ છે. તો જ્યારે કુરઆનમાં ગાય કાપવાનું—સુરે હુદ રૂકુ ૬ "વાછરડો ભુંજાયલો તે (ઇબ્રાહીમ) લાવ્યો"—લખેલું છે તનારે એ જગ્યા રહમ કરવામાં સાર નથી. પણ 'બિસમિલ્લાહ;' બોલી છરો મુકવામાં સાર છે.

હરગોવીંદ—અરે મારા પ્યારા મુસલમાન ભાઇઓ જરા તમારા મજહબની કીતાબો વાંચો જેથી માલુમ પડશે કે ગાયનું રક્ષણ કરવું એ અસલ ધર્મ કોનો છે. કારણ કે જો મજહબે ઇસ્લામમાં ગાયની ઇજત ન હોત તો કુરઆને શરીફમાં પેહેલોજ સુરાબકર (ગાય) શું કરવાને લખેલો હોય.

જવાબ—હે મારા વિદ્વાન હિન્દુ ભાઇઓ? ગાયનું રક્ષણ કરવું એ અસલ ધર્મ હમારો પણ

---

§ અથર્વવેદ અ૦ ૯ વ૦ ૬ કાંડકા ૪ મ૦ ૩૯ ગાયનું દૂધ તથા માંસ ઘણાં સ્વાદિષ્ઠ છે ગુ મો.

નથી, જેવું કે હું લખી ચુક્યો છું તેમ તમારો પણ નથી. જુઓ મુંબાઇ સમાચાર તા૦ ૨ ઑગષ્ટ સને ૧૮૮૫ માં છે કે કલકત્તાની કોર્ટમાં એક વિદ્વાન પંડીતને ગાયનું માંસ ન ખાવા વીષે શાસ્ત્રથી દાખલો કોઇએ માંગ્યો. તેના જવાબમાં વિદ્વાન પંડીત સાહેબે જણાવ્યું કે પ્રાચીન કાળમાં લોકો ગાયનું માંસ ખાતા હતા. હે મારા પ્યારા દોસ્તો! જ્યારે પ્રાચીન કાળમાં ગઉવધ કરતા હતા ત્યારે આ "નેમત" ને શા સારૂં મુકો છો. વળી તમારી બતાવેલી સુરા ૨કુ ૭માં ખુદા તાલા ફરમાવે છે "ગાય તમો જુબહ કરો." ત્યારે આથી એમ સિદ્ધ થાય છે કે ગાયને કાપવું ઘણું સારૂં કામ છે જેથી કરી કુરઆનમાં પેહેલી સુરા-બકર (ગાય) લખાઇ છે. હવે પછી હું હરગોવીંદ સાહેબને મેહેરબાનીની રૂએ સમજાવું છું કે એવા ધોકા દેવા મુકી દીઓ, એટલુંજ નહી પણ ખરે માર્ગે ચાલનારા થઇ જાઓ.

હરગોવીંદ—જુઓ કલામે શરીફમાં સુરા રાદ ૨કુ બીજો આયત ૨૫મી માં અલ્લાહ ફરમાવે છે કે "જે લોકો બુરાઇને બદલે ભલાઇ કરે છે તેને વાસ્તે બેહશતમાંજ જગો છે." અરે મારા પ્યાર મહમદીયન ભાઇયો તમારા દીલમાં ભલાઇને બદલે બુરાઇ ક્યાંથી પેસી ગઇ.

જવાબ—એ વાતપર હમે અમલ કરીએ છીએ. જુવો કે તમો ખોટા દાખલા દઈ લોકોને ધોકો આપો છો! તેને બદલે હમો તમો સાથે એહસાન કરી તમારી ભૂલો બતાવીએ છીએ. તથા તમોને નસીહત કરીએ છીએ કે અવાર પછી એવા ધોકા તજી દો અને ગાય કંઇ આપણા પર એહસાન કરતી નથી. * કારણ કે ગાયનો એમાં કંઈ અખતયાર મળે નહીં. ફક્ત ખુદા તઆલા તેના ફજલો કરમથી એ નેમત આપણને દે છે. ત્યારે શું તેના કહેવા પ્રમાણે તેના નામ પર ગાય જુબહ કરવી સારૂં નથી? પણ હું હેરતમાં છું કે હિન્દુ ભાઇયો અકલવાળા, વિદ્યાવાળા થઇને ફરી ગાયને લીધે માણસને મારવ કેમ તૈયાર થાય છે? ને તે પોતાના ધર્મ પ્રમાણે "(ગાયને કાપો) ચાલતા નથી," એનું શું કારણ છે?

હરગોવીંદ—આ બધી બીના વાંચી જોવાથી આપની ખાતરજમા થશે કે મજહબે ઇસલામમાં ગાયનું ગોસત ખાવું એ કાંઈ સવાબમાં નથી, બલકે કેટલીક રીતે જોતાં ગુનાહભરેલું છે.

જવાબ—લખેલી બીનાથી માલમ પડયું કે તમો ધોકો દેનાર છો. જો તમોને મારા લખાણમાં શક હોય તો મેહેરબાની કરી તમારા બતાવેલા મૌલવીઓને લાવો કે કુરઆનમાં કયી જગ્યા હરામ છે. અને તમોપર તો જરૂર છે કે તે મૌલવીઓને લાવો. ને વળી તમારી મંડળીમાં તો હજારો રૂપીયા જમા છે તે છતાં નહીં બોલાવો તો તમારી મરજી. પણ હું આ ચોપડીમાં એકરાર કરૂં છું કે જો તે મૌલવીઓ આવી કુરઆનથી ગાય નહીં ખાવું સાબેત કરે તો હું તેઓનાં આવવા જવાનો ખરચો આપીશ. ને વળી ગઉરક્ષણ મંડળી તરફથી હું ભાષણ કરનારો થઈશ. ખરા રૂપીયાવાળાને ધાસ્તી રહેતી નથી, પણ "ચોરના પગ પાછળ હોય છે" એમાં કશો શક નહીં. જો તમો ખરા છો તો ઉપલા મારા લખાણને ધ્યાનમાં લાવી મૌલવીઓના બોલાવવાની ફીકરમાં રહો.

હરગોવીંદ—આપ જાણતા હશો કે કેટલાક આપ મતલબી લોકો પોતાના ફાયદા વાસ્તે અથવા એવાજ બીજા કાંઈ સબબથી ધર્મની બાબતમાં ફેરફાર કરી નાંખે છે. જેમ હિન્દુ લોકોમાં

---

* જે જાનવર બચ્ચું જણે છે તેના બચ્ચાના પોષણ માટે તેના થાનમાં દુધ ઉત્પન્ન થાય છે. તો જો ગાય કે ભેસમાં તેઓનો અખત્યાર હોત તો તે પોતાનાં બચ્ચાને મુકી તમને શા માટે દુધ આપસે. રહમ નજર રાખનાર શ્રાવગો અને હરગોવીંદ વગેરેને જોઈએ કે દુધ ખાય નહીં કારણ કે તે તેના બચ્ચાનું હક છે. વળી તે લોહીથી ઉત્પન્ન થાય છે તેનો વિચાર નહીં કરીએ તો પણ તે દુધ હાડકાં અને માંસને લાગીને આવે છે તે તો ખાવું તમને દુરૂસ્ત નથી. હિન્દુઓની સમજ પ્રમાણે આ મેં લખ્યું છે. ગુ. મો

એકે બુતપરસ્તી દાખલ કરી† ત્યારે બીજાએ ધર્મને નામે શરાબ પીવો તથા જનાકારી કરવાનું દાખલ કરી ઘણા લોકોને ફસાવી માર્યા છે એમ આપના પાક મજહબમાં પણ ઘોંટાલો થયો હોય એમ લાગે છે.

જવાબ—હે મારા પરવરદીગાર? તારી અજબ કુદરત છે કે તારા પાક દીનને આડે આવનારના ઘોટાલા તેઓના મોંથી પ્રગટ કરાવે છે. હરગોવીંદ સાહેબ ! જરા સંભાળી બોલો. "નિયોગ", (એટલે નપુત્રો પોતાની સ્ત્રી બીજાને પાસે સુંડા કર્મ માટે મોકલે.) તે માટે તો તમારા ગુરૂ દયાનંદ સરસ્વતી સાહેબે આરયાઓને ઘણી ભલામણ કીધી છે કે નપુત્ર નહીં મરતા કોઇને ત્યાં તમારી સ્ત્રીઓને મોકલશો. * અને સુરતના એક આર્યાએ કબુલ પણ કીધેલું કે આપણી સ્ત્રીને કોઇ દોસ્તદાર પાસે મોકલી તો તેમાં શું નુકશાન છે? ત્યારે આથી તો એમ થયું કે જનાકારી કરવાનો ઘોટાલો તમારા સરદાર દયાનંદજીએ કીધો છે. ને તેવણે વેદને નામે લોકોને બેહકાવ્યા છે. ને એજ કારણથી કોઇ દયાનંદી પોતાની સ્ત્રીને કોઈ પાસે મોકલતો નથી. જો દયાનંદ મહારાજની વાત પર એવણને અકીદો હોત તો જરૂર એ કામ કરતે. પણ હરગોવીંદ જેવા આચાર્ય હવે તેવણની વાતનો ઘોંટાલો સમજવા લાગ્યા છે. મને આ જગાએ એક શક છે તે એ કે પોથીઓમાં રાજા પાંડવ તથા એવણના બે ભાઇના પેદા થવાના હાલથી તથા એવણના પાંચ છોકરા અરજુન વગેરેના હાલથી તો માલમ પડે છે કે પ્રથમના હિંદુઓ પોતાની સ્ત્રીને બીજા પાસે મોકલતા. જેમકે દયાનંદ મહારાજ પણ એવો ઉપદેશ કરતા હતા. અને વેદનો એક દાખલો " સુરમગે ચશમે આરયામાં (આ કીતાબને જે આર્યો રદ કરે તેને રૂા. ૬૦૦નું ઇનામ તેના કર્તાએ આપવાનું છપાવ્યું છે) છે કે જે બ્રાહ્મણી જીના કરાવે તેને મર્યા પછી ગાયનો અવતાર લેવો પડે છે. આથી તો જણાય છે કે સ્ત્રી પોતાના ધણી વગર બીજા પાસે ન જાય. આ શકનો જવાબ મારી સમજ પ્રમાણે મને એમ સુજે છે કે છોકરાને લીધે ધણીના કહેવાથી જો સ્ત્રી પારકા પાસે જાય તો હિન્દુ ધર્મના પાક કાયદા પ્રમાણે કંઇ દોષ નથી. ને જો પોતાના ધણીની વગર રજાએ જાય અથવાં રંડાયલી હોય ને જાય તેને માટે ગાયના અવતાર લેવાની સજા છે. હવે જોઇએ દીયાનંદીઓ મારા શકનો શું જવાબ દે છે. વળી ઉપલી વાતથી આ પણ સમજાય છે કે ગાયને પૂજવી તો શું પણ તેને જોઇને મોઢું ફેરવવું જોઇએ. અને મુસલમાનોનો ઉપકાર માનવો જોઇએ કે બીચારી બ્રાહ્મણીયોને આ શિક્ષાથી છરી મુકી છોડવે છે. હરગોવીંદ સાહેબ !

† બંદગી અને ઇબાદત ખોદા સિવાય કોઈની દુરૂસ્ત નથી. અને ખોદા સિવાય કોઇની પૂજા કરવી અને મૂર્તી પુજા બંને સરખા છે પણ આર્યાઓના માનેલા પુસ્તકોમાં ખોદા સિવાય બીજાની પુજાના ઘણા દાખલા છે મનુ અ. ૨ શો. ૧૮૧ નો તરજુમો આર્યાઓનો વડો સ્વામી દર્શનાનંદજી આવી રીતે કરે છે. "જો સ્વપ્નામાં વગર ઈચ્છાએ વીર્ય નીકળે. તો નહાયને સૂર્યની પુજા કરીને આ મંત્રનો ત્રણવાર જપ કરે" સામ વેદની શરૂમાંજ અગ્નિ પુજાનું બયાન છે. જે વિશે મેં વધુ લખાણ "સત્યાર્થ પ્રકાશનું ખંડન" ભાગ ૧લો પૃષ્ટ ૪૨, ૪૩માં કર્યું છે હોમ તે અગ્નિની પુજા તથા ઇંદ્ર દેવતાની પુજાજ છે, એ વિશે આર્યાઓથી કદી સાચું પણ કહેવાય જાય છે. સુરત દેશી મિત્ર તા ૨૧-૬-૦ ના પૃષ્ટ ૧૦-૧૨ના ભાષણમાં મી૦ તિલકચંદ તારાચંદ આર્યો ઇંદ્ર દેવના માટે અગ્નિનો હોમ કરવાની આજ્ઞા કરે છે. ગુ. મો.

* મનું આ. ૯ શ્લો ૬૦ વિધવાની સાથે નિયોગ કરનાર બદનને ઘી લગાડી ચુપ રહીને (સમ્ભોગ) કરી એક છોકરૂં ઉત્પન્ન કરે બીજું કદી કરે નહીં. આથી જણાય છે કે વિધવા માટે એક બાળક થાય ત્યાં સુધીનો હુકમ આપે છે, પણ દયાનંદજી સત્યાર્થ પૃષ્ટ ૧૦૫ માં વિધવા વગેરેપર દયા ખાય પારકા પુરૂશો સાથે ૧૦ બચ્ચાં થાય ત્યાં સુધી અનેક પુરૂશોથી નિયોગ દુરૂસ્ત લખે છે. વિધવાને પુનર્વિવાહમાં એક પુરૂષ મળે પણ દયાનંદી નિયોગથી ઘણા પુરૂશો, માટે એ કેવી મજાની આજ્ઞા છે ! શાબાશ. ગુ. મો.

તમો પોતે એકરાર કરો છો કે હિન્દુ ધર્મમાં સાફ શ્રોટાલો થયેલો છે. પણ તેની તરેહ કુરઆનને સમજશો નહી, એમાં તો ગાય ખાવાનું લખેલું છે. બલકે મક્કા શરીફના મુર્તીપુજકો પણ ગાયનું માંસ ખાતા હતા, તે પણ કુરઆન શરીફથી જણાય છે. અને તમો કહો છો કે અરબસ્તાન તથા ઈરાનમાં ગાયનું માંસ નથી ખાતા એ તદ્દન ખોટું છે, એ સર્વ જગામાં ગાય ખવાય છે. પણ એટલું કે તે મુલકમાં બીજા મુલકો કરતાં થોડું કાપે છે. ને તેની જગા ઊંટો અને દુમબા વાપરે છે. તેનું કારણ એટલુંજ કે તે મુલકમાં ગાય બહુ થોડી છે અને ઊંટને દુમબા ઘણા છે. જેવું કે આપણા મુલકમાં કભી કહાચ ઊંટ કપાય છે.

હરગોવીંદ—કલામે શરીફના ખુલાસામાં અબદુલ કાદેર દેહલવી લખે છે તે કોઇ નેક દાનતના અને પાક દિલના તેમજ ઇલમમાં પુરા હોય તેવા એોલમો પાસેથી બરાબર તપાસ કરાવી વ્યાજબી લાગે તે રસતો અખત્યાર કરતા (પુરે સુધી).

જવાબ—હું પણ બંદે ખુદા સાહેબના લખાણને મળતો થઇ મુસલમાનોને અરજ કરૂં છું કે બતલાવેલા તરજુમાને* વિચાર કરી વાંચશો અને કોઇ સારા માણુસને શક હોય તો પૂછી લેશો. પણ પૂરી આયતનો તરજુમો જોશો, અને કોઇ નામનો મૌલવી ગઊરક્ષા મંડળીનો પગાર ખાનાર ગાયનુ ગોસ ખાવાનું ના કહે તો મારે પાસે મોકલશો. ને જો તે કુરઆનથી ગાય નહીં ખાવું સાબેત કરશે તો હું તેના આવવા જવાનો ખરચો આપીશ. અને હિન્દુઓને પણ ભલામણ કરૂં છું કે કોઇવિદ્યામાં પૂરા પંડીતથી પુછી જોશો કે પુરાતન કાળમાં ગઊવધ કરેતા હતા કે નહી. પછી જે જવાબ આપે તેપર અમલ કરશો, હમારૂં કામ તો માત્ર સમજાવવું છે, વાપરવું તમારો અખતયાર છે.

હવે હું એક પત્રનો જવાબ (એ પત્ર નનામુ કોઈ ગઊરક્ષકે મોકલ્યું છે) લખી જણાવું છું, જેથી તમોને પત્ર લખનારની સમજપર આફરીન લાગશે અને પત્ર લખનારને સંતોષ થશે.

નનામો—પાને ૮ મે તમો લખો છો કે અમે કુરઆનમાં લખેલું નહોય તોપણ ખાઇ શકીએ છીએ કારણ કે મારા સાહેબ હજરત મોહમ્મદે ખાધી હતી. હવે આપર જરા ધ્યાન કરો કે પેહેલાં તમે તમારૂં કુરઆન ગણતા નથી એમ અમને લાગે છે.

જવાબ—નનામા સાહેબ ! પાને ૮ મે મે લખ્યું તેને સમજો, પછી મારા પર સવાલ કરો. જુવો તે જગાએ એમ લખેલું છે. "જો અગર કુરઆનમાં ખાવા વીષે કાંઇ ન લખાયું નહોત તોપણુ હમે ખાઈ શકીએ છીએ." એથી અકલના ભરપૂર એમ સમજે છે કે કુરઆનમાં ગાય ખાવાની ના છે તે છતાં હું ખાવાનું કહું છું. વિદ્વાન સાહેબ ! હું એજ પાનામાં તો લખી ચુકયો છું કે કુરઆનમાં ફલાણી ફલાણી જગ્યાએ ખાવાનું લખેલું છે પછી જરા મારા લખેલા શબ્દ "જો" પર ધ્યાન ધરતે ફરી "ન લખાયું ન હોત" ના ડબલ "ન" પર ચિત લગાડતે પછી મારા પર પત્ર લખતે.

નનામો—વળી એક ઠેકાણે "મહમદ" ને એક ઠેકાણે મહમમ એજ તમને બતાવે છે કે તમે ખોટુ લખો છો.

જવાબ—ડુબતો માણુસ રીણને પકડે છે. મેં હેરબાન વિદ્વાન ! ટાઇપ ગોઠવનારાએ "દ" ની જગ "મ" મુકયો તેથી મારા લખાણની ગલતી જાણો ને મારા પર સવાલ કરો એ ઘણું અજબ જેવું છે. શું બંદે ખુદાની છપાવેલી ચોપડીમાં ટાઇપની ભૂલ નથી? શું તમારા લખેલા પત્રમાં ભૂલ નથી? મેહેરબાનો ભૂલ તે કહાડવી કે દાખલો કેથે તુટતો હોય અથવા જૂઠું લખાણ હોય.

નનામો—બાઇબિલમાં માંસ ખાવાનું લખેલું છે. પણ પીતરને કહ્યું છે સઘલા ખ્રીસ્તિઓને કહ્યું નથી.

* આ તરજુમો ઉરદુ ભાષા અને ગુજરાતી અક્ષરમાં પણ બહાર પડયો છે. કી શ. પ શા. મો

† એટલે એક ચીજના ખાવા વિષે કુરઆનમાં મના થઈ ન હોઇ તે કામનો આધાર હદીસથી પણ લેવાય છે શા. મો.

જવાબ—શું પ્રેરિતોના કૃત્ય આ ૧૦ કલમ ૧૨–૧૩ માં પીતરને ખાવાનું લખેલું છે તેથી પીતરને માનનારા પર તે ખાવું હરામ થાય? એવી તમારી સમજ છે. હું તો કહું છું કે બાઈબલમાં અગણીત જગ્યા ગાયનું માંસ ખાવાનું છે ને પીતરનું તો નામ પણ નથી. જુવો કે નાથાભાઇ ભાણાભાઇ સુરતવાળાએ મને ભલામણ કીધી કે પુરાણી તવારીખ વાંચો જેથી મેં બાઈબલના ૧લું રાજ્ય પુસ્તકને વાંચ્યું તેના આ૦ ૮ કા૦ ૬૩ માં છે કે સુલેમાને ૨૨,૦૦૦ બળદની કુરબાની કીધી. વળી બાઇબલનાં દાખલા ગાય ખાવા માટે મારે આપવા નહોતા પણ સ્વામી સાહેબ કહેતા હતા કે ખ્રીસ્તીઓના ધર્મમાં નથી. તેના જવાબમાં મેં બાઇબલના દાખલા લખેલા છે. હવે એ કલમો બાઈબલની ખોટી હોય અથવા ખરી હોય મારૂં તેમાં શું? એઓના ધર્મ શાસ્ત્રમાં છે. પછી કેમ ના કહો છો કે નથી !

નનામો—વળી કહો છો કે કુરઆનમાં ન લખેલું હોય તો ખાઇએ છીએ (આ વાતનો જવાબ આગલ આપી ચુકયો છું) અને કહો છો કે મહમદ (સાહેબે) ખાધું તેથી ખાઇએ છીએ. ત્યારે તેણે જેવા ચમતકારો કીધા તેવા તમે કરો ને ખાવો. કારણ કે તે દેવ અને તમે માણસ. માટે લાંબાની સાથે ટુંકો જાય તો મરે નહીં તો માંદો થાય એવું થયું.

જવાબ—મુસલમાનો મોહમ્મદ સાહેબને "પેગમ્બર" કરી માને છે અને જેટલા પૈગમ્બર દુનીયામાં થયા છે, બધા માણુસજ હતા પછી તમે કયા મુસલમાનથી શીખી આવ્યા કે મોહમ્મદ સાહેબ દેવ હતા? વળી મુસલમાની ધર્મનો કાયદો છે કે જો (જરા શબ્દ "જો" પર ખયાલ રાખશો) કુરઆનમાં કોઈ હુકમ નહોય (એટલે તે વીશે ના કહીં કંઇ લખાયું નહોય) ને મોહમ્મદ સાહેબે તે હુકમ ફરમાવ્યો હોય અથવા તે કામ કીધું હોય અથવા તેવણની સામે કોઇએ કીધું હોય ને તેવણે જોઇ ના પાડયું ન હોય તે કામ હમે કરી શકીએ છીએ. ત્યારે એ કાયદા પ્રમાણે મેં લખ્યું છે કે જો કુરઆનમાં લખાયું ન હોતે તો પણ હમે ખાઈ શકીએ છીએ. વળી તમો લખો છો કે મોહમ્મદ સાહેબ જેવા ચમત્કાર બતલાવો પછી ખાવો. તો શું મુસલમાનો એમ માને છે કે જે જાનવરનું માંસ હજરત મોહમ્મદ સાહેબ ખાતા તેને પાછું જીવતું કર્યા કરતા? અને તમે લખો છો કે "લાંબાની સાથે ટુંકો જાય તો મરે નહીં તો માંદો થાય." શું તેની આ મતલબ છે કે પોતાના શાસ્ત્રના કાયદા પ્રમાણે પોતાના ધર્મ ગુરૂની ચાલ ચાલે તે એમાં દાખલ થાય? કદી નહીં નહીં તો પછી તમારે આર્યા થવું પણ ખોટું છે. એવીજ તરેહ એ કાયદાપર ઘણીજ ખામી છે જે વિદ્વાનપર કાંઈ છુપી નથી. પણ એની મતલબ આ છે કે પોતાની શક્તીથી વધારે કોઇનું જોઈ કરવા જાય તો મરે નહીં તો માંદો થાય. જેવું કે આપ સાહેબ કે વગર ભંડોલે જવાબ લખવા ચાલ્યા તો લોકો આગળ ફજેતી હાથે રહીને કીધી. પણ હવે હું તમારા ભલાને માટે કહું છું કે તમો માંસ ખાવ. અને આ ધોકામાં નહીં રહો કે પ્રથમના લોકો કાપી ખાઈ તેને જીવતું કરતા હતા (એ વાત રાંદેરના બ્રાહ્મણો પણ કહ્યા કરે છે) ને મારેથી તો સજીવન થઇ શકતું નથી. કારણ કે એ વાત બીલકુલ ખોટી છે કે તેઓ જીવતું કરતા હતા. એના દાખલા આ નાની સરખી ચોપડીમાં શું લખું. * જો રાંદેર આવો તો તમોને ખાતરી કરી આપું.

---

* હિન્દુઓમાં વધ કરવાની જે બુરાઈ લોકોથી સાંભળવામાં આવે છે તે પ્રાણી ઉપર દુઃખ આપવાની છે તથા રહેમ કરવાની જગ્યા જુલમ કરવાના છે. અને પ્રથમ જે ઋષીઓ વધ કરતા તે ફરી જીવતુ કરતા એમ તેઓનું માનવું છે. એનો પ્રથમ જવાબ તો આજ કે સત્યાર્થ પ્રકાશનાં તમારા દયાનંદજી એવા ચમત્કારને અસંભવિત માને છે. વળી ફરી જીવતું કર્યાથી પ્રથમ જેવું તે જાનવર થયું એ તો પુનર્જન્મમાં પણ થતે. વળી વધ કરી વેળા જે દુઃખ અને જુલમ વધ થયલા જાનવર પર થવાનું તમે માનો છો તેનો બદલો શું થયો? ગુ મો.

નનામો—પાને ૨ જે લખો છો કે ગઉવધી જાય અને દુષ્કાળ આવી પડે. ત્યારે હું એમ જાણું છું કે તમે એમજ ધારો છો કે મરેજ નહીં અને મરે ત્યારે તમે તેને મારો છો ને કાપો છો, કે દુષ્કાળ આવી ન પડે અને ઓછી થાય તેથી એવું કરતા હશો એમજ લાગે છે.

જવાબ—હા એ માટે તથા ખુદાનો હુકમ બજાવવા માટે તથા ગાયનો કલયો કે કબાબ બનાવી ખાય ખુદાનો શુકરાનો બજાવવા માટે. વળી તમો લખો છો કે "મરેજ નહીં" એનો જવાબ ગઉ પુકારના કર્તાથી પુછો કે મરે ત્યારે ૧ ગાયની ૧૫૫૫ ગાય કેમ થાય. મેં તો તેના દાખલાથી દાખલો આપ્યો છે.

નનામો—બાદઓ તમો ૨) પાને લખો છો કે પૂળી ૧૫ રૂપીએ પડી. પણ જુવો કે ગાયના એ બળદ અને તેણે વતી ખેતી ખેડી પાક ઉગાવે અને તે ધંધામાં ફાયદો છે તેથી ઘણા માણસો તે ધંધો કરવા મંડે તો મારા ધારવા પ્રમાણે પૈની પાંચ પડે તેમાં નવાઈ નહીં. વળી એક પણ પૂળી ઉપર ગાય આધાર રાખે છે એમ જો તમે ધારતા હો તો બીજી ઘણી ચીજો ઘાસ ચારો છે કે જેણે વડે એ પોતાનો આધાર રાખે.

જવાબ—વગર દાખલે તમારૂં કહેલું ખોટું છે. જેમ મેં દાખલાથી રૂપીએ ૧૫)રે પૂળી સાબેત કીધી તેમ તમે પણ પૈસાની પાંચ પૂળી સાબેત કરતે, ને જો તમે પઇસાની પાંચ પૂળી સાબેત પણ કરો તોપણ ચારાની ખોટ રહેશે. કારણ કે ચારાની જરૂરત તો ૧૫૫૫ ગણી છે. ને જો કે હાલ સવાકાની એક પુળી છે, ને પઇની પાંચ વેચાય તો ૧૫ ઘણી વધારે થાય. તો ધન્ય છે તમારી વિદ્વતા પર કે પઇની પાંચ પૂળી કહી ૧૫ ગણા વધારાથી ૧૫૫૫ ગણાની જરૂરતને સારો છો. આફરીન (વરીહે નજરન વલકુ જવાબુન.)

નનામો—વળી પાને ૬ ઠે લખો છો કે સ્વામીજી આપણમાં વિદ્વાન શેખ સાદી પણ વખાણુમાં છે ત્યારે તમે કેવું શરમભરેલું નાપાક કામ (તીક્કા કવાબ સીખ ઘણી સારી થાય છે) લખો છો. તે પરથી એમ જણાય છે કે તમે ખરી રીતે નહીં પણ મજાક મશકરી કરવા નીકળ્યા હોય એમ લાગે છે. અને એ ઉપરથી એમ સિદ્ધ થાય છે કે વખાણુનો અર્થ તમને નથી આવડતો.

જવાબ—હું તમારા વેદથી ગાય ખાવાનું સાબેત કરી ચુકયો છું. ફરી તમે તીક્કા કવાબને શરમભરેલું નાપાક શા માટે સમજો છો? શું તમને તમારા શાસ્ત્રમાં નાપાક ખાવાનું લખેલું છે? શું પ્રથમના બ્રાહ્મણો નાપાક ખાતા હતા? શું તમો એવા અકલના દોસ્ત બની ગયા કે ગાયનું પીશાબ અને છાંણને પીવું સારૂં ગણો ને કલયા કવાબને નાપાક ગણો? વળી સ્વામી સાહેબે તો લોકોને ધોકો આપવા શેખ સાદી સાહેબનું નાં લીધું છે જો શાહુકાર હોય તો દાખલાસર તેવણની તારીફ લખો. હું તેનો જવાબ લખું. નહીં તો વગર દાખલે હું પણ કહી શકું છું કે આર્યાઓ મુસલમાનોના કલયા કવાબની ઘણી તારીફમાં છે પણ એ વાત મારી કોણ સાંભળશે? *

નનામો—ખજાનાથી શું મતલબ છે. ત્યારે તમને અર્થ નથી આવડતો.

જવાબ—ખજાનાના તો અગણીત અર્થ છે જેવું કે પ્રથમ હિંદુસ્થાનમાં ફકત મુસલમાન ગાયનું માંસ ખાતા હતા પછી યુરોપીયનના આવવાથી ઘણા ખાનાર થયા. જેથી માંસ ખુટી ગયું ને મોઘું થયું. એ વગર બીજા પણ અર્થ છે. પણ હું ગેબની વાત જાણી શકતો નહીં તેથી કરી મેં સવાલ કીધો કે તમારી શી મતલબ છે, જેને સાંભળી હું જવાબ લખું માટે તમારી મતલબ બતાવો.

નનામો—તમો કહો છો કે અનાજ બીજે

---

* "માંસ અને આર્યા સમાજ" પૃષ્ટ ૩૦, ૩૧મ અથર્વવેદ મંત્ર ૩૯ આવી રીતે છે "ગાયના દુધ તથા માંસ ઘણા સ્વાદિષ્ટ છે" ફરી પૃષ્ટ ૩૪ માં છે પંડિત ભીમસીન (પ્રથમ આર્યા હાલ સનાતની) પણ એ મંત્રના એજ અર્થ કરે છે. નનામા સાહેબ ગાયની આ તારીફ તો દાખલાથી થઈ. ગુ. મો.

દેશ જાય છે અને ખાનારા વધે છે તે ખરૂં. પણ ગાય ખાનારા વધે છે તેથી ઓછી થાય છે, અમે એમ કહીએ છીએ. વળી અમારૂં કહેવું એટલું છે કે ગાય બધી તમે ખાઇ ગયા તો પછી તમે શું ખાશો ? અને સઘળા દૂખી થશે માટે મહેરબાન તમે એ વાત તો મુકી દો.

જવાબ—મેહેરબાન ! તમે મારી કઈ વાતને તોડી ? જરા ફરી ચિત લગાડી મારી ચોપડી વાંચો. તેમાં દાખલાથી લખાયલું છે કે ગઉવધથી આય ઘટતી નથી.

સમાપ્ત.

કાશી નીવાસી ગોસેવક પંડિત જગત નારાયણે ગોહત્યા વિરૂદ્ધ મુંબઇ સમાચારમાં પોતાની દલીલો છપાવેલી તેના ઉત્તરો. જેથી પંડિત સાહેબને અઉત્તર થવું પડયું.

મોટો મેહેરબાન રહમ કર્તા અલ્લાહના નામથી.

"ગાયની કુરબાની કરવાનું ફરમાન મોહમ્મદનોના ધર્મ પુસ્તકોમાં આપવામાં આવ્યું છે કે કેમ તે સંબંધી લાવવામાં આવતી જુદી જુદી દલીલો"

મુંબઇ સમાચાર શનીવાર તા૦ ૮ મી સપટેમ્બર ૧૮૯૪.

મુંબઇ સમાચારના અધીપતી જોગ.

સાહેબ,—આપના તા૦ ૩જી સપટેમ્બરના અંકમાં કાશીનીવાસી ગોસેવક પંડીત જગતનારાયણ તરફનો લખનોરના મૌલવી અબદુલ ખાલીક સાહેબનાં લખાણનો જવાબ પ્રગટ કરવામાં આવ્યો છે, તેના સંબંધમાં અમારા તરફનો ખુલાસો તમારા પત્રમાં છાપી મુસલમાનો ઉપર ઉપકાર કરશોજી.

૧—પંડીતજી પોતાના પેહેલા ફકરામાં કોઈ ચોક્કસ જાતની ગાય નક્કી કરવા માગે છે. પણ ઇસલામી શરઅમાં તેવી કોઇ ગાયની ખાસ જાત માટે વિવેચન કરવામાં આવ્યું નથી "બકર" એ ઇશારો ગાયો જેવાં પ્રાણીઓની એક જાત તરફ છે, જેમાં નર—નારી આવી જાય છે. ગાયની કુરબાની અમારા હજરત પૈગમ્બર સાહેબના વખતથી થતી આવી છે, અને "કુરબાની" નો રીવાજ હજરત ઇબ્રાહીમ પૈગમ્બરના વખતથી છે. હીંદુસ્તાનમાં જે ગાયોની કુરબાની થતી આવી છે તે સામે અત્યાર સુધી ઇસલામના કોઈ પણ ઉલમાઓ અથવા બાદશાહોએ આવાજ નથી કાહાડયો, કે કયી ચોક્કસ ગાયની કુરબાની કરવી. આ ઉપરથી સાબેત થાય છે કે જે પ્રમાણે હાલમાં ગાયની કુરબાની થતી આવી છે તે બરાબર છે, તે માટે કોઇ ખાસ નર કે નારી નક્કી કરવાની જરૂર નથી, તો જો કે ઇસલામમાં **હલાલ** અને **હરામ** એ ચીજો ઉપર ઘણી બારીકી સાથે ધ્યાન આપવામાં આવે છે તે ઉપરથી ગાય, જે તે ગમ્મે તે જાતની હોય, અને તે શરઅમાં **હલાલ** છે તો તેની કુરબાની કરવી મુ-

સલમાનો માટે તદ્દન દરૂસ્ત છે. કુરઆન શરીફમાં બકરનો અર્થ એક ઠેકાણે ગાય અને બીજે ઠેકાણે બેલ થાય છે, ત્યારે ખરૂં શું? પંડીતજીના આ સવાલના જવાબમાં વધુ ખુલાસો એવો કરવામાં આવશે, કે કુરઆન શરીફમાં બકર તે એક જાનવરની જાત માટે જણાવવામાં આવ્યું છે, જેમાં નર–નારીઓ બધી આવી જાય છે; જે રીતે કે કુરઆન શરીફમાં ઘણે ઠેકાણે "અય વો લોગોં" માટે જે ફરમાન કરવામાં આવ્યું છે તેનો અરથ પંડીતજી કેવો કરશે? શું તેમાં મરદો સાથે ઓરતોનો પણ સમાવેશ નથી થતો? એ શીવાય કુરઆન શરીફમાં બકરાં, મેંઢાં અને દુંબાઓ વગેરે માટે ફકત "ગનમ"નો શબ્દ વાપરયો છે, અને તેમાં કોઈ ખાસ નર–નારી માટે કાંઇ જુદો બોલ વાપરવામાં આવ્યો નથી. એજ પ્રમાણે "બકર" વીષે પણ વિચારી લેવું જોઇએ. કુરબાનીમાં બેલ અને ગાય એ બેઉ દરૂસ્ત છે. પણ ગાયોની કુરબાની કરવી કે બેલની, તે મુસલમાનોની મુનસફી ઉપર મોકુફ છે. અરબીમાં બેલને માટે "સોર"નો શબ્દ પણ વપરાય છે.

૨–પંડીતજીનો બીજો ફકરો મીશકાત શરીફથી "દુંબા"ની કુરબાની માટે વધુ ભાર મેલે છે તે ખરૂં છે, પણ દુંબાની કુરબાની ફકત એકજ માણસ કરી શકે છે, ત્યારે ગાયની કુરબાની ૭ જણાઓ સાથે મળીને કરી શકે; અને તેમ કરવામાં ગરીબો માટે ઘણું સગવડ ભરેલું થાય છે, તો જોકે કુરબાની કરનારા તવંગર લોકો તો ઘણું કરીને દુંબા કે બકરાનીજ કુરબાની કરે છે, પણ ગરીબ વરગના લોકોજ ૭ માણસ મળીને ગાય ખરીદી કુરબાની કરે છે, અને એવી રીતે સાથે મળીને કુરબાની કરનારાઓ માટે વધારે સવાબ આપેલું છે. જેવી રીતે કે નમાઝ એક માણસ પોતે એકલો પઢે છે તો તેની નમાઝ થઈ જાય છે, પણ જે મુસલમાન જમાત સાથે નમાઝ ભણે છે તેનો સવાબ વળી અતી મોટો હોય છે. એ પ્રમાણે ગાયની અથવા ઉંટની કુરબાની સાથે મળીને કરનારાઓને જેમ સવાબ મોટો મળે છે તેમ તેઓને ખરચ પણ થોડો થાય છે. મીશકાત શરીફમાં ગાયની કુરબાની માટે પણ પુષ્કળ વર્ણવવામાં આવ્યું છે.

૩–પંડીતજી સાહેબનો ત્રીજો ફકરો તદ્દન અવિચારી છે. કારણ કે ઘોડાની પેદાયશનો હિંદુસ્તાનમાં જેમ પુષ્કળ વધારો નથી તેમ તેઓ કીંમતે અતી મોંઘા હોય છે અને તેની કુરબાનીનો અહીં રીવાજ પણ નથી. ત્યારે ચાર પાંચ રૂપયાનો દુંબો અને દસ બાર રૂપીઆની ગાય મુકી, રૂપીયા ત્રણસે ચારસેની કીંમતના ઘોડાની કુરબાની કરવાનું કારણ શું? આવી રીતની કુરબાની તો બાદશાહો અને અમીરો કદાચજ કરી શકે, પણ ગરીબ કે સાધારણ શકિતનો માણસ તો મુદલ કરીજ નહીં શકે; તો જોકે કુરબાની કરવાનો હુકમ શકિતવાળાં સઘળા મુસલમાનોપર આવેલો છે. *

૪–ગાયનાં રક્ષણ માટે હીંદુ ધર્મ પુસ્તકોમાં ગમે તે ફરમાવેલું હોય તેની સાથે મુસલમાનોને લાગતું વળગતું નથી. પરંતુ કુરબાની વીષે મુસલમાનોને જે હુકમ મળ્યો છે તે અદા કરવામાં તો બેશક તેઓ "બેહશત"ના ઉમેદવારજ રહેશે. બીજું ગાયની કે બીજી કુરબાની નહીં કરવાથી ઈસલામપણું બીલકુલ જતું નથી, પણ જે મુસલમાનને મગદુર હોવા છતાં તે કુરબાની નહીં કરે તો બેશક તે મુસલમાન મોટા ગુન્હાની હદ સુધી પોંહોચી જાય છે. માટે જેમ હીંદુઓમાં ગઉરક્ષણ નહીં કરવાથી હિંદુપણું જાય છે અથવા તે હીંદુ નરકાધીકારી ગણાય છે, તેમ મુસલમાનોમાં કુરબાની નહીં કરનાર પણ તેવોજ ગુનેહગાર ઠરે છે.

૫–પંડીતજી સાહેબે પાંચમાં ફકરામાં હદીસ શરીફની કીતાબો "સહીબુખારી, મુસલીમ, અને

* ઘોડાની કુરબાની દુરૂસ્ત નથી કારણ કે હજરત મોહમ્મદે કુરબાનીના જે જાનવર વર્ણવ્યા છે તેમાં એ નથી અને જેમ હરણું હલાલ છે પણ તે કુરબાનીમાં ચાલે નહીં તેમ ઘોડો છે. ગુ. મો

મીશકાત શરીફ" ઇત્યાદીમાંથી એક દાખલો આપી પોતાની મતલબ માટે તેનો અર્થ તાણી તોડીને ઉભો કર્યો છે. ખરૂં છે કે અમારા પૈગમ્બર સાહેબનો એવોજ હુકમ છે કે કોઇ પણ પ્રાણીને ઇજા નહીં આપવી. પણ સાહેબ, તેનાં કારણો પણ જોશો ? બેશક કાંઇ પણ કારણ વગર કોઈ પણ પ્રાણીને અથવા મનુષ્યને જાણી જોઇને નાહક ઇજા આપશે અથવા સતાવશે કીંવા મારી નાખશે, જો તે "ચકલી" તો શું પણ કીડી બી હોય, તો પણ તેનું ખુદાને ત્યાં પુછાવવું છે. પણ જે પ્રાણીઓને પાક પરવરદેગારે અને તેના પૈગમ્બર સાહેબે પોતાની ઉમત માટે હલાલ કરેલાં હોય અને તેને ખાવાનું ફરમાવેલું હોય તો, પછી તેની શરઅ મુજબ "ઝબીહા" કરીને ખાવામાં શું પાપ છે તે ઇસલામી કોઈ પણ પુસ્તકો ઉપરથી પંડીતજી દેખાડી આપશે ? ખુદ પૈગમ્બર સાહેબે ઘણા હલાલ જાનવરોની ઝબીહા કરેલી છે. વીચીત્ર જેવું છે કે પંડીતજી પોતાના બીજાજ ફકરામાં "દુંબા" ની કુરબાનીને મીશકાત શરીફની કીતાબથી શ્રેષ્ઠ પ્રકારની કહે છે, અને તરતજ પાંચમા ફકરામાં અજાણ્યા બનીને ચકલીની વારતાને આગળ કરી, ગઉઓની કુરબાની માટે મુસલમાનોને ખુદાનો ખોફ બતાવે છે !

૬-પંડીતજીનો છેલ્લો વાકય વધારે ધ્યાન આપવા જોગ છે. છઠ્ઠા ફકરાની શુરૂઆતમાં તેઓએ લગાર પોતા તરફથી ઉમેરો કરી તેને પોતાની મતલબને અનુસરતો બંધ બેસાડયો છે. પરંતુ ખરી વાત એવી છે કે આરબ લોકો અમારા પેગમ્બર સાહેબના આગમચ જે કુરબાની કરતા હતા તેનું લોહી "કઅબા" ની દીવાલો ઉપર લગાડતા હતા-એવા હેતુથી કે અમારી કુરબાની કબુલ થાય; અને તેજ રીવાજ પેગમ્બર સાહેબના વખતમાં પણ મુસલમાનોએ ચાલુ રાખ્યો ત્યારે પરવરદેગાર તરફથી આ આયત ઉતરી, જે પંડીતજીએ પોતાના છેલ્લા ફકરામાં દર્શાવી છે; પણ તેનો ખુલાસાવાર અર્થ એ પ્રમાણે થાય છે. કુરઆન શરીફના સીપારા ૧૭ માં (ઇકતરબા) સુરા બાવીસમી "હજ" ની આયત ૩૬ માં, હુકમ થયો કે "હરગીઝ ન પોંહચેગા અલ્લાહકો ગોશત કુરબાનીકા કે સદકા દેતે હો, ઓર ન લહુ ઇનકા કે દમે ઝબાહ બહાતે હો, વલેકીન પોંહચતી હએ મેહલે કબુલ ઉસકેમેં પરહેઝગારી તુમહારી કે તઅઝીમે "અમરે ઈલાહી" હએ ઓર તકરૂરૂબોહક હએ સાથ કુરબાની [illegible]દદીદાકે." (તફસીરે રઉફી.)

ઉપલી આયતનો ખુલાસાવાર તરજુમો જે અમોએ રજુ કર્યો છે તે ઉપરથી એવો સાર નીકળે છે કે, કઅબાની દીવાલને લોહી લગાડયાથી કાંઈ તમારી કુરબાની કબુલ થવાની નથી, પણ મારે ત્યાં જે કબુલ થાય છે તે એ કે તમે પાક દીલથી (ખાલીસ નીયત એટલે અંતઃકરણથી) જે લાયક જાનવરની કુરબાની કરીને મારા "હુકમ" ને માન આપો છો એ ગોયા મારી નઝદીકી તમે કરો છો એજ વાત મને પસંદ છે. આ ઉપરથી પંડીતજી જાણી લેશે કે આજ આયતથી કુરબાની કરવાની વાતને ખુદાએ પાકના કલામથી પણ કેટલો મોટો ટેકો મળે છે.

કાજી ઇસ્માઇલ કાજી મોહમદમીયાં,
પોરબંદરી.

મુંબઈ, તા૦ ૬ ઠી સપટેમ્બર.

મુંબઇ સમાચાર શનીવાર તા૦ ૮ મી સપટેમ્બર ૧૮૯૪.

(૨)

મુંબઇ સમાચારના અધીપતી જોગ.

સાહેબ,-ગયા મહીનાની તા૦ ૨૪ મી તથા ૨૫ મીના તમારા પત્રમાં ઇસલામીઓ વતી લાગણી દરશાવવા માટે જે ચર્ચાપત્ર પ્રગટ થયા હતા, તે ફકત એટલુંજ દેખાડવા માટે હતું કે, કુરબાન જેવી ધર્મ ક્રીયા કોઇનું દીલ દુખાવવા કે અમ[illegible] જોડી કહાડેલી નથી. ઇસલામીઓ એવું ઇચ્છે છે [illegible] ભાઇબંધ કોમો તથા સરકાર કુરબાની વિષેનું તે

વાજબીપણું સ્વીકારે. હીંદુ કોમ ગાયનું રક્ષણ કરવા માગે છે તે બાબતનું જરાએ ગેરવાજબી પણું તેમાં દરશાવેલું ન હોતું. છતાં હીંદુ કોમનો અભિપ્રાય બાહેર પાડવા માટે તમારા પત્રમાં ગઇ તા૦ ૩જીએ એક લખાણ પ્રગટ થયલું જોવામાં આવ્યું છે કે જેનું તોલ હમોએ ભારે અચંતી સાથે કર્યું છે તે વીષેના હમારા નીચલા ખુલાસાને જગા આપશો.

મી૦ તે પોતાનાં લખાણમાં સામટી રીતે ત્રણ બાબતે દર્શાવવા માંગી છે. તેમાંની પેહેલીને હાથમાં લેતાં મારે જણાવવું જોઇયે કે, અરબી ભાષાનું સેજબી જ્ઞાન એઓ ધરાવતા હોત તો, તેઓ એટલું તો આસાનીથી સમજી શકત કે "બકર" એ શબ્દ અરબી શબ્દકોષમાં જે અર્થ આપે છે તે "માણસ" ના અર્થ જેવો છે; એટલે, માણસનો શબ્દ સ્ત્રી પુરૂષ બંને પર જેમ વપરાય છે તેમ "બકર" શબ્દ પણ ગાય બળદની આખી જાત બતાવે છે. પણ તે છતાં કુરઆન શરીફમાં "અલબકરત" નામની જે સુરત છે તેમાં "ર" અક્ષરના કેડે "બકરત" શબ્દમાં જગેજગ "ત" અક્ષર લગાડવામાં આવ્યો છે. હવે "ત" અક્ષર કોઇ પણ શબ્દના કેડે અરબીમાં એટલા માટે લગાડવામાં આવે છે કે તે અક્ષર તે શબ્દમાં નારી જાતીનો ગુણ સમજાવે છે. તે બીના સેજસાજ પણ અરબી ભાષા સમજનારા જાણી શકે છે. ઉપરાંત તે ગાયનાં સર્વનામો તથા વિશેષણો કુરઆન શરીફની તે સુરતમાં જગેજગે નારી જાતીમાં વપરાયલાં છે. હીંદુ મુસલમાન બંને કોમોને લગતા નથી એવા કાબીલ અંગ્રેજોના ભાષાંતરોમાં કુરઆન શરીફમાંની તે સુરતમાંના શબ્દો કેવી રીતે વાપરેલા છે તે આ બાબતની ઉમદામાં ઉત્તમ શહાદત છે; કેમકે તેમાં તેઓની ભાષામાં ગાય શબ્દજ તેઓએ જગેજગ વાપર્યા છે.

હવે પંડીતજીના કેહવા પ્રમાણે બકરાની કુરબાની કરવાનું પણ કુરઆન શરીફમાં છે; અને તેમના શબ્દોમાં બળદ જે કે ખરેખર ગાય છે તેની કુરબાની કરવાનું પણ તેમાં જ્યારે લખ્યું છે, ત્યારે તેઓએ કુરબાનીની વીરૂદ્ધમાં આણેલી દયાના નીયમ વગેરેની તકરારને તેઓએ પોતેજ તોડી આપવા જેવું કર્યું છે; એટલે વધુ બોલવાનું હવે હમોને રહ્યું નથી.

મી૦ લખનવીએ સંખ્યાબંધ હદીસો પોતાના જુદાજ હેતુથી જણાવી હતી તેમાંની એકને પણ પંડીતજીએ ખોટી પાડી બતાવી નથી, એટલે તે હદીસો હાલ સુધી આબાદ ઇસલામીઓની તરફેણમાં ઉભી રહેલી છે. મી૦ લખનવીએ ગાયની કુરબાની વિષેની શાહદતોના હેતુથીજ પોતાનું લખાણ જો પ્રગટ કર્યું હોતે તો હજી વધુ સંખ્યાબંધ હદીસો તે ભાઇબંધ લાવી શકત. પંડીતજીએ જાણવું જોઇએ કે હદીસની કીતાબોના કરતાઓ હીંદી ઇસલામીઓ નહીં એવા ઇસલામીઓ છે. કીતાબો તેઓએ રચેલી પણ એવા વખતમાં છે કે જે વખતમાં કે હીંદી ઇસલામીઓનું તો નામ પણ કોઇ જાણતું નહી હશે. ફકત પોતાની ભુમીમાં પોતાના ફાયદા માટે તુરત વેળા તેઓએ રચી હતી, જેથી તેમાં પાછળથી ફેરફાર થવાનો ખ્યાલ કરવાનો પણ રહેતો નથી.

કુરબાનીની વીરૂધ ચલી વીષેની પુખ્તમાં પુખ્ત દલીલ પંડીતજીએ જે ટાંકી બતલાવી છે તેને કુરબાંની સાથે કેટલું લાગતું વળગતું છે તે હવે જાણવાનું છે. જાનવરોપર ઘાતકીપણું ગુજારવાપર અટકાવ મેલનારી મંડળીએ તથા તે વીષે શીક્ષા કરનાર સરકારે કસાઇખાતાં કાં બંધ નથી કરાવતી તેનો ખુલાસો મી૦ પંડીતજી સમજતા હશે તો તેઓ સેજમાં સમજી સકશે કે, ખોરાક અથવા કાંઈ પણ ફાયદો મેળવવા વગર ચલ્લી જેવાં પ્રાણીને અમસ્થા મસલી કાઢવાં એ ગુનાહ ભરેલું હોવુંજ જોઇએ, અને તેથી કરીને તે બીના કુરબાની કરવાની વીરૂધ જઇ શકતી નથી.

છેલી દલીલ પંડીતજીએ કુરઆન શરીફના એક ફકરાની બતાવી છે. (સુરત અલહજની ૩૬મી આ-

યાત.) * તેનો ખુલાસો તો તે આયત પોતેજ કરે છે. એટલે કે તેમાં જણાવ્યું છે કે, ફકત કુરબાની કરી એટલેજ તમો પવિત્ર થઇ ચુકયા તેમ નથી, પણ તમારી પરહેજગારી તે તમને તેવા બનાવશે. પરહેજગારીની ગેરહાજરીમાં ધર્મની ક્રીયાઓ કાંઇ ફાયદો કરનારી નથી, એવી શીખામણમાં એવો સાર કદી પણ ઉઠી શકતો નથી કે ધર્મની ક્રીયાઓજ કરવી નહીં. મજકુર આયતના અગાઉનીજ આયત (ફકરા)માં કુરબાની કરવાનો હુકમ કુરઆન શરીફમાં આપેલો છે તેનો ખુલાસો મી૦ પંડીતે કાંઈ કર્યો નથી, એ અજબ જેવું છે.

છેવટની હમારી વીનંતી એ છે કે ખાસ કુરબાનીના સવાલપર ચુનોચેરા નહીં કરતાં હીંદુ આગેવાનો લશ્કરી ખાતામાં અને રાત દીવસ મારવામાં આવતાં ઢોરો વીષેજ મેહેનત લે તે તેઓ કંઇ પણ વાજબી કહેવાય.

લા૦ તમારો વીશ્વાસુ

તાહેર મી૦ સા૦ મહમદઅલી.

સુરત, તા૦ ૫મી સપટેમબર.

મુંબઇ સમાચાર સોમવાર તા૦ ૨૪ મી સપટેમ્બર ૧૮૯૪.

મુંબઈ સમાચારના અધીપતી જોગ.

સાહેબ,—ચાલતા માસની તા૦ ૧૦ મીના આપના પત્રમાં પંડીત જગતનારાયણે મી૦ મોહેમદઅલીનાં લખાણના જવાબમાં જે દલીલો આણી છે, તેમના સંબંધમાં મારાં નીચલાં લખાણને જગ્યા આપશો.

પંડીત કહે છે કે કુરબાનીનો અર્થ લુગતમાં "સદકો" એટલે ખુદાના નામ ઉપર કાંઇ આપવું એવો થાય છે, અને બીનગુનેહગાર જાનવરોને મારવાં એવો તેનો અર્થ થતો નથી. તેના જવાબમાં હું કહું છું કે કુરબાનીનો અર્થ જાનવરોને કાપવાનો નહી થતો હોય, તો પંડીતે હદીસના આધારે દુંબાની કુરબાની કરવી શ્રેષ્ટ જણાવી છે તેમાં તેનો અર્થ જાનવર કાપવાનો કેવી રીતે થયો? કુરબાની માટે પંડીતે બતાવેલી હદીસમાં અને બીજી તેવી હદીસોમાં કયો શબ્દ આવ્યો છે તે જો તેઓ પેહેલાં જોઈ કાહાડતે અને તે પછી તેના અર્થ માટે લુગતમાં જોતે, તો ખરી વાત તેમને તરત જણાઇ આવતે. કુરબાનીનો અસલ શબ્દ હદીસોમાં "ઉદહીઆ" છે, જેથી હવે લુગતમાં જોઇ ખાતરી કરવી કે તેનો અર્થ જાનવર કાપવું એવો થાય છે કે નહી. કુરબાનીનો શબ્દ હીંદુસ્તાનમાં રીવાજી થઇ પડ્યો છે અને ખુદાના નામ ઉપર કુરબાન કરવું એમ કહેવું સાધારણ છે.

પંડીતજી બીજું એમ જણાવે છે કે "ઉત્તમ સદકો ઉંટણી આપવાનો છે," ઇત્યાદી. હવે કુરબાની કરવી જોઇએ એ વાત તો પંડીતજી કબુલ કરી ચુકયા છે, ત્યારે ઉંટણી અથવા બકરી આપવી કે કોઈ બીજું જાનવર, તે સાથે મુધ્ધત. કરારને શો સંબંધ? કુરબાની નહી કરવી એ કાંઈ તેથી સીદ્ધ તો નથી થતું. ઈદના દિવસે કોઇ પણ બીજો સદકો કરવા કરતાં કુરબાની કરી લોહી વેહેવાડવાનું સર્વથી વધારે સવાબનું કામ હોવાનું ઇબને માજાની હદીસમાં કુરબાનીના બાબમાં લખ્યું છે, તે જોઈ ખાતરી કરી લેવી. ઇદના દીવસે શકતીવાળો માણસ કુરબાની નહીં કરે તો તે માણસને પેગમ્બર સાહેબે ઇદગાહમાં આવવાને મના કરેલી છે. તે બાબતમાં ખાતરી કરવી હોય તો ઇબને માજામાં કુરબાનીનો બાબ વાંચવો. બાકી સદકો એ તો માણસની અખત્યારીનો આપવાનો છે: તે નહીં કરનારને કોઈ તરેહનો ગુનેહગાર ઠરાવેલો નથી.

પંડીતજી લખે છે કે "ગાય પવીત્ર છે માટે તેની કુરબાની કરવી એવું કુરઆન વગેરેમાં કયી જગોએ ફરમાવ્યું છે?" તેના જવાબમાં જણાવવાનું કે કુરબાની કરવાના ટેકામાં લખનોવાળા મોલવી સાહેબે ઘણા દાખલા હદીસોથી લખી જણાવ્યા હતા તે પંડીતજીને યાદ હશે. હવે ગાય પવાત્ર નહીં હતે અને કુરબાની કરવી દુર નહીં હતે તો હદીસોમાં તેના વીષે કેવી રીતે

* એ આયતવાળો આખો રોકુઅ કુરબાનીના બયાનમાં છે અને એમાં ઉંટને કેવી રીતે જુબહ કરવું તે પણ બયાન થયું છે અને એ રોકુઅ તથા એના પ્રથમનો રોકુઅ ઢોરોને વધ કરવાનું તથા ખાવાનું બયાન કરે છે. ગુ૦ મો૦

ખવામાં આવત ? વળી જે જાનવરો અમોને હલાલ છે તે સર્વને કુરઆન શરીફ (સુરાહ મઆઇદા. ૫) માં પવીત્ર કહેલાં છે; અને શામીમાં એમ લખ્યું છે કે, બળદ કરતાં ગાયની કુરબાની કરવી બેહેતર છે.

પંડીતજી પુછે છે કે ગાયના કરતાં સિંહ, વાઘ, કુતરા વગેરે જાનવરોની ગતી કરવી બેહેતર નથી ? પણ તેમને આ વાતનો વિચાર આ વેલો જણ થી કે ગાય જ્યારે ધર્મ પ્રમાણે હલાલ ત્યારે સીંહ, વાઘ, કુતરા વગેરે હરામ છે, ત્યારે તેની કુરબાની કેવી રીતે કરી હોય ? ગાયની ગતી એટલે મરણ પછી તે કેવો દરજ્જો પામશે તે બાબત જોવું છે. તો કુરઆન શરીફની તફસીર અઝીઝીમાં છે કે જે જાનવરોની કુરબાની થાય છે તે જનનતે આલાનું મટોડું થશે, અને મીશકાતમાં લખ્યું છે કે, જે જાનવરોની કુરબાની થાય છે તેઓ પુલસરાતની સ્વારી થશે.

યુસોફ સાલેહપુ.

ઓનરરી સેક્રેટરી રાંદેર મેહેફીલે ઇસ્લામ.

રાંદેર તા૦ ૧૪ મી સપટેમ્બર.

મુંબઇ સમાચાર સોમવાર તા૦ ૨૪ મી સપટેમ્બર ૧૮૯૪.

મુંબઇ સમાચારના અધીપતી જોગ.

સાહેબ,—ચાલતા માસની તા૦ ૧૫ મીના આપના પત્રમાં કાશીનીવાસી પંડીત જગત નારયણે કાજી ઇસ્માઇલનાં લખાણના જવાબમાં જે લખાણ કરેલું પ્રગટ થયુ છે, તેના જવાબમાં નીચલી બીનાને જગા આપશો.

બકર શબ્દના અર્થ વીષે પંડીતજીએ ઉઠાવેલી જીકરના સંબંધમાં જણાવવાનું કે એ શબ્દ એવો છે કે અરબીમાં બોલતાં તેનો અર્થ ગાય અથવા બેલ એ બેમાંથી એક સમજાય છે. ગુજરાતી ભાષામાં ગાય ત્રણ જાતનાં પ્રાણીને માટે વપરાય છે. કુરબાનીની ગાય, જંગલી ગાય જેને રોઝ અથવા નીલ ગાય કહે છે તે, અને ગોકળ ગાય. હવે બકર શબ્દ પણ જો એ ત્રણ જાતનાં પ્રાણી દર્શાવવા માટે વપરાતો હોત તો કાંઇ પણ વાંધો લાવવાની જગા રેહત. પણ પેહેલી જાતના ગાયને બકર કહે છે; બીજી જાતની ગાય મહબ, ઇલ, ઇબ્બેલ એ ત્રણ નામોથી ઓળખાય છે અને ત્રીજી જાતની ગાય તો અરબસ્તાનમાં હોતીજ નથી. પંડીતજી લખે છે કે, "મહોમેદનોના પૈગમ્બર સાહેબના વખતમાં અરબસ્તાનમાં ગાયને મળતાં કોઈ બીજાં પ્રાણી હશે, જેને અરબીમાં તે વખતે બકર કહેતા હોય અને તેની કદાચ કુરબાની કરતા હશે." પણ હોય, હશે તથા કદાચથી વાતો કરવામાં આવે તેથી કાંઈ પણ નીવેડા ઉપર આવી શકાય નહીં. તકરારના તરીકા પ્રમાણે જે થવું જોઈએ તે એ કે બકર શબ્દ અસલના વખતમાં કોઈ બીજાં જાનવરને માટે વપરાતો હતો અને હાલ તેમ નથી વપરાતો એમ પંડીતે સાબેત કરવું.

પંડીતે લખ્યું છે કે "ખુદાએ હજરત મોહમ્મદ સાહેબને ગાયની કુરબાની કરવા પોતાના મજહબવાળાને ફરમાવવા હુકમ કર્યો એવી આયત કુરઆન શરીફમાંથી બતલાવવી જોઇયે." આના જવાબમાં જણાવવાનું કે મોહમ્મદ સાહેબે ધર્મ સંબંધી જે બીનાઓ કહી છે તે સર્વ ખુદાના હુકમથી છે એ ખરૂં; પણ જે ખુદાના હુકમથી કહ્યું હતું તે સર્વ કુરઆનમાં છે એમ સમજવું ભુલભરેલું છે. કારણ કે ખોદાનો હુકમ "વહી"થી તેની ત્રણ જાતી પ્રમાણે મોહમ્મદ સાહેબને માલમ પડતો હતો. વહી બે તરાહની થાય છે: એક "મતલુવ" તે કુરઆન છે, અને બીજી "ગેરમતલુવ" તે હદીસ શરીફ છે. હવે ગાય કાપવા સંબંધી ખોદાનો હુકમ હદીસોની કીતાબ નામે બુખારી શરીફ, મુસલીમ શરીફ, મીશકાત શરીફ વગેરેમાં છે, તથા કુરઆન શરીફમાં પણ સુરા અલ્હજ રૂકુ પાંચમામાં છે.

અકબરે ગઉવધ બંધ કર્યો હતો વગેરે બાબતો પંડીતે જણાવી છે; પણ તેનું કારણ શું ? કારણ એ કે તે બાદશાહ હીંદુ રાજાઓની કુંવરીઓ સાથ લગ્ન કરતો હતો અને તેણીઓના ખાતર તેણીઓએ માનેલી ગાય માતાને તે છોડતો હતો. વળી યાદ રાખવાનું છે કે ગઉવધ બંધ પાડવાનો હુકમ આપ્યા પછી તેને પાછો રદ કરી વધ કરવાનો હુકમ આપવામાં આવ્યો હતો. એ બાબતના સંબંધમાં જુઓ તા૦ ૩૧ મી અકટોબર ૧૮૯૨નું મુંબઈ સમાચાર. શાહેઆલમ બાદશાહે ગઉવધ બંધ કીધો હતો એમ જે પંડીત કહે છે તે પણ ભુલભરેલું છે. તેના પુરાવામાં જુવો તા૦ ૮ મી આગષ્ટ ૧૮૯૪નું મુંબઈ સમાચાર.

મારાં લખાણને અહીં બંધ કરતાં છેવટે જણાવવાની રજા લઉં છું કે પંડીતજીનું ઘણું ખરૂં લખાણ મુરાદાબાદવાળા ઈંદ્ર મણીનાં લખાણ "તોહફતુલ ઇસલામ" ના ધોરણ ઉપર કરવામાં આવેલું માલમ પડે છે તેટલા માટે મારી તેમને ભલામણ છે કે ઈંદ્ર મણીના જવાબમ "સોતુલ લાહીલ જબબાર," "ખીલ અતુલ હોનુદ" "હદયતુલ અસનામ" તથા "એજાઝે મોહમ્મદી" એ નામની કીતાબે પ્રગટ કરવામાં આવી છે તે વાંચવી. તેમ કર્યાથી સઘળી બાબતનો તેમનો ગુચવાડો ભાગી જશે.

ખોદેમે ઇસ્લામ

ગુલામ મોહમ્મદ બીન હાફેઝ સાદેક.

રાંદેર, તા૦ ૧૯ મી સપટેમ્બર.

* * વાંચનારાઓ આગળ એકની એક દલીલ ફરી ફરીથી રજુ કરવાની જરૂર નહીં હોવાથી, ઉપર આપેલાં લખાણોમાંનાં છેલ્લાં બેને ટુંકા કરવામાં આવ્યાં છે.—**અધી૦ મુ૦ સ૦**

મુંબઈ સમાચાર શનીવાર તારીખ ૨૯ મી સપટેમ્બર ૧૮૯૪.

મુંબઇ સમાચારના અધીપતી જોગ.

સાહેબ—ચાલતા માસની તા૦ ૨૪ મીના આપના પત્રમાં ગાયની કુરબાનીને લગતી તકરારમાં પંડીત જગતનારાયણે કેટલીક બીનાઓ લખી છે, તેનો જવાબ આશા છે કે છાપી ઉપકાર કરશો.

પંડીત સાહેબ શાહઆલમ ગાઝી તરફ ઇશારો કરી લખે છે કે શાહઆલમ ગાઝીએ મૌલવીઓની સભા ભરી અને ત્યાર બાદ ગઉવધ બંધ કરવાનું એક ફરમાન કાઢયું હતું. તે ફરમાનની ફારસીમાં નકલ તથા તેનો ગુજરાતીમાં તરજુમો પંડીત લખી જણાવે છે. મજકુર બાદશાહી ફરમાન "અમરીત બજાર પત્રીકા" ઉપરથી તા૦ ૯ડી ડીસેમ્બર ૧૮૯૩ ના મુંબઇ સમાચાર પત્રમાં પણ છપાયલું છે, તેમજ બીજાં ઉરદુ અખબારોમાં પણ છપાયલું છે. પણ એ ફરમાન શાહે આલમ બાદશાહે ખરેખર કાઢયું હતું કે નહીં તે જો પંડીત સાહેબે તપાસવું હોય તો એક મોટા વીદ્વાન યુરોપીયને એ વીષે જે લખાણ કરેલું છે તે ધ્યાનમાં લેવું જોઇયે. તા૦ ૮ મી આગષ્ટ સને ૧૮૯૪નું મુંબઈ સમાચાર વાંચ્યાથી તથા મારાં પોતાના કેટલાક નીચે લખી જણાવેલા દાખલાઓથી જણાઈ આવશે કે મજકુર ફરમાન ખોટું છે.

૧. એ ફરમાનની આગળ પાછળ તારીખ અને સને જુલુસી તેમજ હીજરી મળે નહી. બાદશાહી ફરમાનો તારીખ સને વગરના હોતાં નથી. આવું મોટું ફરમાન મુલકો મુલક વગર તારીખ સનેનું જાય એમ થઇ શકતું નથી એ વિદ્વાનો ખુબ સમજે છે.

૨. બાદશાહી મોહોરની રૂ. જે બહુ વજનદાર ગણાય છે, તે એ ફરમાનમાં જો[illegible]આવતી નથીઃ ફરમાન જો ખરૂં હોત તો તે એ[illegible]હોત.

૩. શાહી ફરમાનોના બાબમાં [illegible]થી એ પ્રમાણે કાયદો જારી રાખવામાં આ[illegible] હતો કે જે કોઇ શાહી ફરમાન લખાયું, તો તેની ઉપર બાદશાહી મોહોર થાય તો પણ, જ્યાં સુધી મોટા વઝીરના દસ્કત તે ઉપર થાય નહીં ત્યાં સુધી તે ફરમાન ચાલુ થયલું ગણાય નહી. દાખલા તરીકે, હાલમાં જે જગ્યા ઉપર કલકત્તા શેહેર વસેલું છે તે જગ્યા ભાડે લેવાને માટે કેટલાક અંગ્રેજો લાખો રૂપ્યાની ભેટ લઈ શાહી દરબારમાં હાજર થયા, અને ઘણીએક કોશીશો કર્યા પછી તે જગ્યા ભાડે રાખવાને લગતું ફરમાન હાંસીલ કીધું. તે લઇ બંગાલમાં ગયા, પણ બંગાલના સુબાએ તે ઉપર મોટા વઝીરની સહી નહીં જોવાથી તેને ફરમાન તરીકે નહીં લેખી તે ઉપર અમલ કર્યો નહીં. આથી લાચાર થઇ પાછા તે અંગ્રેજો શાહી દરબારમાં ગયા અને મોટા વઝીરના દસ્કત કરાવ્યા અને પાછા આવી તે જગ્યાનો કબજો લીધો. એજ પ્રમાણે જહાંદાર શાહ બાદશાહે પોતાના ખાસ મેહેલમાં રાખેલી હરીઝન નામની પોતાની ડુમણીના ભાઈ કુતબુલ મલેકને બંગાલનો સુબો નિમ્યો અને તેને બાદશાહી ફરમાન લખત આપ્યું, પણ જ્યાં સુધી મોટા વઝીરના દસ્કત તે ફરમાન ઉપર થાય નહીં ત્યાં સુધી તે સુબાને બંગાલે જવાને ના કહ્યું હતું. હવે પંડીત સાહેબની બતાવેલી સહીની મોહોરોમાં કોઇ મોટા વઝીરની સહી જોવામાં આવતી ત્યારે એ ફરમાન ખરૂં કેમ ગણાય?

૪. બરેલીમાં પ્રગટ થતા "દબદબએ કેસરી" નામના પત્રના તા૦ ૪ થી નવેમ્બર

૧૮૪૩ના આંક ઉપરથી તેમજ બીજાં લખાણોથી માલમ પડે છે કે મજકુર ફરમાન શાહે આલમ બાદશાહે સને ૧૨૩૧ હીજરીમાં કાઢેલું છે. હવે હીંદુસ્તાનમાં શાહઆલમ નામના કેટલા બાદશાહો અને ક્યારે થઈ ગયા છે તે તપાસવાને માટે તવારીખ જોતાં માલમ પડે છે કે શાહે આલમ નામના બે બાદશાહો હીંદુસ્તાનમાં થઈ ગયા છે. પહેલો શાહેઆલમ : ... ંગઝેબ બાદશાહનો છોકરો સને ૧૧૧૮ હીજરીમાં રાજ્યાસને બીરાજી સને ૧૧૨૬ હીજરીમાં મરણ પામ્યો હતો. બીજો શાહેઆલમ (સાની) ... ગોહર સને ૧૧૭૩ હીજરીમાં ગાદીએ બેસી ... ૧૨૨૧ હીજરીમાં મરણ પામ્યો હતો. ત્યારે ૧૨... હીજરીમાં ફરમાન લખનાર કોણ જાણે કયો શાહેઆલમ હશે અને તે કયા પ્રાંતનો બાદશાહ હશે?

૫. મોહોરોમાં કુતબુલ મુલક સઇયદ અબદુલ્લાહ ખાનનો ખીતાબ "યમીનુદદોલા" લખ્યો છે તે ખોટું છે, કારણ કે તેમનો ખીતાબ "શમસુદદોલા" હતો.

૬. અબદુલ્લાહ ખાનનો બીજો ખીતાબ "સાલાર બાવફાર" મોહોરોમાં લખાયો છે એ પણ ખોટું છે. તેમનો ખીતાબ "સાલાર વફાદાર" નો ફરોખશેર બાદશાહે આપેલો હતો. એ ઉપરથી એમ માલમ પડે છે કે એ મોહોરો ખરી ક્યાંથી હોય?

૭. મુસલમાનોના ધર્મની કીતાબો "કુરઆન શરીફ," "હદીસ શરીફ," "તફસીર," "ફીકહ" વગેરે એવી નથી કે જે તે વખતમાંજ મળતી હતી અને હાલમાં મળતી નહી હોય. હવે હીંદુઓએ બતાવી આપવું જોઇયે કે ફલાણી જગ્યાએ આપેલાં ફરમાન પ્રમાણે ચાર ચીજો, જેવી કે ૧ ઝીના, ૨ ગુલામી ધંધો ચલાવવો, ૩ ફળદાર ઝાડ કાપવું અને ૪ ગઉવધ કરવો—એ કામોની મના છે. ખરી ઝીના તો એ છે કે આ વાત ગાયને ખાતર કલપી કાડવામાં આવી છે. એજ પ્રમાણે "બંદે ખુદાની ...જ" નામનાં ચોપાનીયાએ ગાયની સાથે જુદી ચીજો ગણી તેમની મના કીધેલી બતાવી છે, શ્રીમાન સ્વામીએ પણ જુદીજ ચીજો કલપી ...શ્રી છે. આટલું છતાં ધ્યાનમાં રાખવાનું છે કે ...ઓ અને મુફતીઓ ખોટા ફતવા આપનારા ...ી, અને તેઓ જો એક વાર ખોટા ફતવા આપે તો, મુસલમાનો તે સ્વીકારવાને કાંઈ બંધાયલા નથી.

વળી પંડીત કહે છે કે હલાલ અને હરામની બાબતમાં કુરઆન શરીફમાં આ પ્રમાણે લખ્યું છે; અને તેમ કહેવાની સાથે સુરા "નહલ," સુરા "બકર" તથા સુરા "માયદા" ની આયતો લખી છે; એનો જવાબ એ કે મજકુર આયતોના સંબંધમાં "કસરે ઇફરાદ" નામનો અરબી કાયદો લાગુ પાડવાથી જોવામાં આવશે કે કાફરોનો માનેલી હલાલ ચીજો વિષે ભાર મુકી મજકુર સુરતોમાં કહેવામાં આવ્યું છે કે તે ચીજો હરામ છે. પણ એથી "કસરે ઇફ્રાદ" ના કાયદા પ્રમાણે એમ માલમ પડયું નથી કે ઉપલી ચીજો શીવાય જેમ પંડીતજી કહે છે તેમ બાકીના પશુ, પક્ષી, જીવજંતુઓ કુરઆન શરીફના મત પ્રમાણે હલાલ હોય. પંડીત મારાં ભાગ્યે અરબીથી અજાણ્યા દીસે છે. કુરઆન શરીફમાં તેઓએ બતાવેલી સુરામાં "અનઆમ" * જાનવરોને હલાલ કહ્યાં છે, જેમાં ઉંટ, ગાય, બકરાં, ઘેટાં, દુમબા એ સરવેનો સમાવેશ થાય છે, અને સુરા માયદાના પેહલા રૂકુઅમાં સાફ એક કાયદો લખેલો છે કે "તમારે માટે પવીત્ર જાનવરો હલાલ થયાં છે." આ કાયદાનો ખુલાસો મોહમ્મદ પૈગંબર સાહેબે હદીસ શરીફમાં ફરમાવ્યો છે. પંડીતે સુરા માયદાની જે આયત બતાવી છે તેથી બે ત્રણ આયત આગળ તેઓ જોતે તો એ કાયદો માલમ પડતે. પણ આગળ પાછળ તેઓએ જોયુંજ નથી.

પંડીતજી કહે છે કે, તેઓ (મુસલમાનો)એ જોયું કે કુરઆન શરીફની આજ્ઞા પ્રમાણે તો કુતરાં, બીલાડાં, અને મનુષ્ય ઇત્યાદી બધાં હલાલ ગણાય, અને તે વાત તેમને ઠીક નહીં લાગ્યાથી તેઓએ હરામ હલાલની બાબતમાં પાછળથી ત્રણ સીડીઓ બાંધી. તેનો જવાબ કે કુરઆન શરીફથી સર્વ જાનવરો હલાલ માલમ પડે છે એવી પંડીતજીની જણાવેલી વાત ભુલભરેલી છે. હરામ હલાલના કાયદા મુસલમાનોએ પોતાના તરફથી કહાડેલા નથી, પણ મોહમ્મદ સાહેબના બતલાવેલા છે. જુઓ મીશકાત શરીફ કીતાબુઝ ઝબાયેહ વગેરે.

* એને મળતો શબ્દ ગુજરાતીમાં ઢોર અને અંગ્રેજીમાં કેટલનો છે. ગુ. મો.

અભ્યાસ કહે છે કે પૈગંબર સાહેબે સઘળાં ફાડી ખાનારાં જાનવરો, તેમજ પંજાથી શીકાર કરનારાં પક્ષી હરામ કર્યાં છે. અને બીજાં જાનવરોને માટેની હરામ હલાલની બાબત હદીસોમાં દર્શાવેલી છે. હરામ હલાલ જાનવરોનો એક કોઠો પંડીતજી આપી કહે છે તે ઉપરથી વાંચનારાઓ જોઇ શકશે કે તેમાં ગાયનું નામ કોઇ પણ ઠેકાણે જોવામાં આવતું નથી. તેનો જવાબ એ કે તે કોઠો તમે કયી કીતાબમાંથી નકલ કર્યો છે અને તે પુરેપુરો નકલ કર્યો છે કે અધુરો? અરબી કોઇ પણ કીતાબમાં આવા કોઠા લખવાની ચાલ નથી પણ જાનવરોની સરાસરી વીગત લખે છે તેમાં સર્વ એકેમતે ગાયને હલાલ કહે છે. ઉરદુમાં કોઠાવાળી કીતાબ લખનવ શહેરમાં "તમીજુલ કલામ દર બયાને હલાલો હરામ' નામની છપાયલી છે. તેમાં સાફ લખ્યું છે કે ગાય સર્વ મહજબમાં હલાલ છે. પંડીતજીએ બતાવેલા કોઠામાં દુમબા, બકરાં, ઘેટાં, હરણ, રોજ, અને મુરઘી વગેરે બીજાં જાનવરો, જેને કોઇ પણ મુસલમાન હરામ કહેનાર નથી, તે પણ જોવામાં આવતાં નથી. ત્યારે તે પણ હરામ ગણવાં જોઇએ? પણ પંડીત પોતેજ દુમબાને હલાલ કહી ચુકેલા છે.

પંડીતજી કહે છે કે બીહાર પ્રાંતમાં છપરા શહેરમાં એક પ્રસીદ્ધ મૌલવી સાહેબે હીનદી ભાષામાં વીખયાતી પામેલા "ક્ષત્રી પત્રીકા"માં લખ્યું હતું કે મુસલમાનોને હીંદુસ્થાનમાં † ગાય તથા બળદ ખાવાં ઉચીત નથી, કારણ કે એમની પેદાશ દેવોને અર્પણ કરેલા સાંઢોથી થાય છે. તેનો જવાબ એ કે કુરઆન શરીફ, હદીસ શરીફ તથા ફીકાહમાં જે જગ્યાએ મનાઈ છે તે જગ્યાઓ દેવો કે માતાને અર્પણ કરેલાં જાનવરો ખાવાં મનાઈ છે ખરાં, પણ તેના વીર્યથી પોતાની માલેકી ગાયનાં જણેલાં બચ્ચાં હરામ થઈ શકતાં નથી. પંડીતજી સુરા "અલ માયદા" માંથી લખી ચુકયા છે કે 'જે જુબહ કરો ઉપર થાનોકે." આથી તો માતાનાં નામનાં જાનવરોની મનાઈ છે. હમે પોતે કહીએ છીએ કે તે સાંઢોને ખાવા હલાલ નથી. વળી વીચાર કરો કે માતાનાં નામનો મુકેલો સાંઢ હીંદુ ધર્મ પ્રમાણે ખેતીવ[illegible] ઉઠાવવાનાં કામમાં લેવાતો નથી તેના વીર્યથી જન્મેલા બળદથી [illegible] લઇ શકાય છે તેમજ તેનાથી [illegible] દુધ ઘી પણ હીંદુઓથી ખાઇ [illegible] પ્રમાણે સાંઢો જો કે મોહમેદનોને [illegible] તેમના વીર્યથી ઉતપંન થયલાં બ[illegible] હરામ નથી.

† હિંન્દુસ્તાનમાં ગાય તથા બળદ ખાવાં ઉચીત [illegible] આથી પા[illegible] જણાય છે કે તે મૌલવી નાયને [illegible] જાણે છે; પણ તેમની સમજ પ્રમાણે સાંઢથી જન્મેલી ગાય મગ્ન હરામ છે.

લી૦ ખાદેમે

ગુલામ મોહમ્મદ બીન [illegible]

રાંદેર, તા૦ ૨૫ મી સપ્ટેમ્બર.

મુંબઈ સમાચાર શનીવાર સપટેમ્બર ૧૮[illegible]

મુંબઇ સમાચારના અધીપતી જે[illegible]

સાહેબ,—તમારા તા૦ ૨૪ [illegible] વાર સોમના અંકમાં પંડીતજી [illegible] પ્રગટ થયું છે, તેના જવાબ [illegible] હકીકત રજુ કરવાની રજા [illegible]

આ વાત જણાવવાની [illegible] અમારી તકરારનો એક મુ[illegible] ગાયને હીંદુઓ પૂજે છે [illegible] ગાયનો [illegible] આવ્યો છે કે કેમ" તે સંબંધી પંડીતજીની [illegible] થયા પછી તેઓએ મજકુર બાબત ઉપર વ[illegible] જવાળું નાખનાર એક બીના રજુ કરી છે. [illegible] ગઉવધ બંધ કરવાનો જુદોજ સવાલ સમાયલો હોવાથી તેનો જવાબ આપવાની પણ હું જરૂર વિચારૂં છું. દીલ્હીના એક આંધળા થયલા બાદશાહ, શાહ આલમનું ગઉવધ બંધ પાડવા સંબંધી ફરમાન ટાંકી બતાવવામાં આવ્યું છે તે સંબંધી તપાસ કરતાં માલમ પડે છે કે, તે ખરૂં નથી [illegible] હીંદુઓએ પાછળથી ઉભું કીધું છે; અથવા, [illegible] દર્શાહને તેની લાચાર સ્થીતીમાં એ કામ કરવ[illegible] તેઓએ ફરજ પાડી હોય. વળી બાદશાહના [illegible] વાલના જવાબમાં એ ફરમાન ઉપર સહીઓ [illegible] નારા મૌલવી સાહેબોએ મુસલમાની ધર્મમાં " [illegible] ચીજની મનાઈ" લખેલી હોવાની જે વાત જ[illegible] છે તે મધેની આપણા મુખ્ય સવાલની "[illegible]ઉવધ નહીં કરવાની વાત"ની [illegible] કોઈ [illegible] ઉત્તમ કીતાબો (સ[illegible] [illegible] મીશકાત શરીફ)માં [illegible] પણ ઉલટું અમારા

જેવામાં આવે છે. ત્યારે મજકુર ત્તે આપનાર મૌલવીઓએ શા ી કરવાની વાત જણાવી છે તે .. હા, કદાચ કોઈ મોજુઆત ાબે ઉપરથી તે વાત શોધી હોય, પણ તેની સનદ શું ? એ ના નામનું દેખાડવામાં આવતું તે નીચેલા વધુ ખુલાસા ઉપરથી આવશે.

ાન ઉપરની તારીખ વીષે તપાસ જાણુમાં આવ્યું છે કે, તે ઉપર ીજરી લખેલી છે, અને શાહઆ- ેા સને ૧૨૨૧ હીજરીમાં થઇ ્માન બાદશાહ શું નવ વરસ નામાં આવીને કહાડવાને ફ-

લખનાર એક હીંદુ, મુનશી ગીનરાય છે.

નાઓએ તે ઉપર સહી કરેલી મને હીંદુસ્તાનના કોઇ પણ ટેકો મળ્યો નથી તેમ તે ્રુ રાખ આવ્યું નથી. ત્યારે આવી ભીર બાબતનું કામ ત્રણ જણાઓની ાથી નક્કી કરવામાં આવે, તે જેમ સ્વ- ગણાય નહીં તેમ તેને ઇસલામી શરીઅત પણ મંજુર રાખે નહીં, જ્યાં સુધી હીંદુસ્તાનના સર્વે ઓલમાઓ તે માટે ફતવાઓ આપી તેની ઉપર એકમત થાય નહીં ત્યાં સુધી.

૪. તવારીખો ઉપરથી માલમ પડે છે કે શાહઆલમ જેમ આંખે અપંગ હતો તેમ અકલે પણ મોઠો હતો, અને વળી હીંદુ- ાના હાથમાં તે એક બંદીવાન જેવો હતો. ાજ મુર્ખ અને લાચાર બાદશાહનાં ધર્મ સં- ધી ફરમાનો, ઇસલામી શરીઅતમાં દી પણ ્સો મુકવા લાયક ગણાય નહી.

૫. ધર્મ સંબંધી કોઇ પણ બાબત, બીન વાળાઓની ખાતર અથવા ફરમાયસથી પો- ધર્મ વિરૂદ્ધ જઈ કરવામાં આવે, તો તે રઆન શરીફના ફરમાન ્રાજબ સખત ે. શાહઆલમનું ફરમાન પણ તોજ ે મહારાજા માધવરાવ ચીધ્યાની અરજ ઉપરથી તે ફરમાન કહાડયું છે. તે માટે જુઓ કુરઆન શરીફમાં અયવો લોગો જો ઇમાન લાએ હો, અગર ફરમાબરદારી કરોગે ઉંન લોગોંકી જો કાફીર હુએહેં, ફેર દેવેંગે તુમકો ઉપર એડયોં તુમહારીકે, ઓર હોજાઓગે તુમ ટોટેવાલોં મેં સે.” (સુરા આલે ઇમિરાન ૩; ૧૪૯)

૬. મુસલમાનોના એક આવાજે કબુલ કર- વામાં આવેલા મહા વિદ્વાન પૈગમ્બર સાહેબે જ્યારે પોતે ગાયની કુરબાની ્રલી હોય (ેના દાખલાઓ હું આગળ આપી ગયો છું) તો તેમનો આવો મજબુત એપાડેલો દાખલો, એક અપંગ અને લાચાર સ્થીતીના બાદશાહના ફરમાનથી કેમ બધ પડી શકે ? અને તેમના પછી હજારો થઈ ગયલા મહા વિદ્વાન ઓલમાઓ એ ્ાનને મં- જુર રાખતા આવ્યા છે, તો ફરમાન ઉપર સહીઓ કરનારા ત્રણ મૌલવીઓની તેમની સામે બીસાદ શું ? તે વીષે વીચાર કરવાનું હું વાંચનારાઓની મુનસફી ઉપર મુકું છું.

૭. શાહઆલમે કહાડેલું ફરમાન ખરૂં છે એવી રીતે તેને કોઇ તરફથી પણ હજુ કબુલ રાખવામાં આવ્યું નથી તેમ તેની કશી પણ અસર થયલી હોય તેપણ જણાવવામાં આવી નથી.

છેવટે હું પંડીતજીને સુચના કરૂં છું કે, જે સવાલ પ્રથમ ચલાવવામાં આવ્યો હોય તેનેજ વળગી રેહવું, અને વચમાં બીજા ભળતા સવાલો ઉભા કરી ચાલુ બાબતને લંબાણ કરવી નહીં. આપણી સામે જે સવાલ ઉભો છે તે એ કે “મુસલમાનો હાલમાં જે ગાયનો વધ કરે છે તેમાં તેઓ વાજબી છે કે કેમ, અને કુરબાનીનાં કામમાં લાવવામાં આવતી ગાયો, હીંદુ જેને પૂજે છે તેજ છ બીજી.” આ સંબંધી અમારા ત- રફથી જે જવાબો આપવામાં આવે છે તે ઉપર ધ્યાન પહોંચાડયા વગર ભળતી બાબતો ઉભી કરવી, એ મુખ્ય સવાલને પડતો મુકવા બરાબર છે.*

પંડીતજીએ હલાલ હરામ સંબંધી કરેલાં લ- ખાણનો જવાબ લગાર લંબાણ ્રાવાથી તે વીષે હવે પછી.

કાજી ઇસમાઇલ કાજી મોહમદ
મીયાં પોરબંદ

* એટલુ જ નહીં પણ તેથી એમ સિદ્ધ થાય છે કે કાંતો તે દલીલો પંડિતજીએ માની લી અથવા તેના જવાબથી અશક્ત છે ગ્ ે

સમાપ્ત.